પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૫-૦૪-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૦૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# શેરબજારમાં તેજી : સેન્સેક્સ ૧૭૦૦ પોઈન્ટ ઉછળ્યો

## મંગળવારે બજારો મંગળ-મંગળ : નિફ્ટી પણ ૫૦૦ પોઈન્ટ ઉછળ્યો, ઓટો અને રિયલ્ટી શેરોમાં સૌથી વધારે ખરીદી નિકળી




નવી દિલ્હી, તા. ૧૫

આજે એટલે કે મંગળવાર ૧૫ એપ્રિલના રોજ શેરબજારમાં મોટી તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ ૧૬૦૦ પોઈન્ટથી વધુ વધીને ૭૬,૮૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ ૫૦૦ પોઈન્ટથી વધુ ઉપર છે, તે ૨૩,૩૦૦ના સ્તરે છે.

સેન્સેક્સના તમામ ૩૦ શેરોમાં તેજી જોવા મળી રહી છે. ટાટા મોટર્સ, એચડીએફસી બેંક, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, એરટેલ અને રિલાયન્સ ૪% સુધી વધ્યા છે. નિફ્ટીના તમામ ૫૦ શેરોમાં તેજી જોવા મળી રહી છે.NSE ક્ષેત્રીય સૂચકાંકોમાં સૌથી વધુ વધારો ઓટો (૨.૭૪%), રિયલ્ટી (૨.૬૫%), ફાઇનાન્શિયલ સર્વિસિસ (૨.૧૬%), પ્રાઈવેટ બેંકિંગ (૧.૯૫%) અને મેટલ (૧.૮૧%)માં જોવા મળ્યો.

અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર (૧૧ એપ્રિલ)ના રોજ સેન્સેક્સ ૧૩૧૦ પોઈન્ટ (૧.૭૭%) ના વધારા સાથે ૭૫,૧૫૭ પર બંધ થયો. નિફ્ટીમાં પણ લગભગ ૪૨૯ પોઈન્ટનો વધારો જોવા મળ્યો અને તે ૨૨,૮૨૯ ના સ્તરે પહોંચ્યો.NSE પર ૫૦ શેરોમાંથી ૪૬ શેરોમાં તેજી જોવા મળી. મેટલ સેક્ટર સૌથી વધુ ૪.૦૯%, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૧૯%, ફાર્મા ૨.૪૩%, ઓઈલ અને ગેસ ૨.૨૦% અને ઓટો ૨.૦૩% ના વધારા સાથે બંધ થયા. ગઈકાલે (૧૪ એપ્રિલ) આંબેડકર જયંતિ નિમિત્તે શેરબજાર બંધ રહ્યું હતું.૯ એપ્રિલના રોજ ચીન સિવાયના તમામ દેશો પર પારસ્પરિક ટેરિફ ૯૦ દિવસ માટે મુલતવી રાખવાના યુએસ રાષ્ટ્રપતિના નિર્ણય પછી બજાર ૧૨% વધીને બંધ થયું. બીજા દિવસે સવારે, એટલે કે ૧૦ એપ્રિલના રોજ, એશિયન બજારોમાં ૧૦% સુધીનો ઉછાળો જોવા મળ્યો.

ભારતીય બજારો ગઈકાલે એટલે કે ગુરુવાર ૧૦ એપ્રિલે મહાવીર જયંતિના કારણે બંધ રહ્યા હતા. એટલા માટે આજે અમેરિકન અને અન્ય એશિયન બજારોમાં ઘટાડા છતાં ભારતીય બજાર ઉપર છે.૯૦ દિવસની કામચલાઉ રાહત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) વિશે ચાલી રહેલી ચર્ચાઓને વેગ આપવાની અપેક્ષા છે. ભારતથી વિપરીત, ચીનને ટેરિફમાં છૂટ આપવામાં આવી નથી. આનાથી ભારતીય નિકાસકારોને ટૂંકા ગાળામાં સ્પર્ધાત્મક ફાયદો મળી શકે છે.

# સુરનકોટમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે એન્કાઉન્ટર

### પુંછના લસાના વિસ્તારમાં સેનાનું સર્ચ ઓપરેશન

નવી દિલ્હી, તા. ૧૫

જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લાના સુરનકોટના લસાના વિસ્તારમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. સોમવારે રાત્રે આતંકવાદીઓ છુપાયાના સમાચાર મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ સેનાના જવાનો પર ગોળીબાર કર્યો, જેમાં રોમિયો ફોર્સનો એક જવાન ઘાયલ થયો. આ એન્કાઉન્ટર પૂંછને જમ્મુ સાથે જોડતા નેશનલ હાઈવે પાસે થયું હતું.

સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સે 'X' પર જણાવ્યું હતું કે - સોમવારે રાત્રે લસાનામાં સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન દરમિયાન, આતંકવાદીઓ સાથે અથડામણ થઈ હતી. આતંકવાદીઓ ભાગી ન જાય તે માટે વધારાના સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે.

શનિવારે જમ્મુ જિલ્લાના અખનૂરમાં આતંકવાદીઓ સાથેની એન્કાઉન્ટરમાં ૯ પંજાબ રેજિમેન્ટના JCO કુલદીપ ચંદ શહીદ થયા હતા. શુક્રવારે મોડી રાત્રે અખનૂરના કેરી બટ્ટલ વિસ્તારમાં એન્કાઉન્ટર શરૂ થયું હતું.

આ દરમિયાન, શુક્રવારે મોડી રાત્રે કિશ્તવાડમાં સુરક્ષા દળોએ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. ત્યારબાદની શોધખોળ કામગીરીમાં શનિવારે મોટી માત્રામાં શસ્ત્રો મળી આવ્યા, જેમાં M4 રાઈફલ્સ, કેપ્સ, દવાઓ, પ્રાથમિક સારવારની સામગ્રી અને મોજાંનો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલી દવાઓ પર પાકિસ્તાન અને લાહોરના સરનામાં લખેલા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા ત્રણેય

અનુસંધાન પાના ૭ પર

# મની લોન્ડરીંગ કેસમાં રોબર્ટ વાડ્રાની પુછપરછ કરતું ઈડી

### લોકોનો અવાજ ઉઠાવું છું એટલે ઈડીનો ઉપયોગ કરાય છે : વાડ્રા

નવી દિલ્હી, તા. ૧૫

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રા હરિયાણાના શિકોહપુર જમીન સોદા સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા હતા. વાડ્રાની આ પૂછપરછ PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) હેઠળ નોંધાયેલા કેસમાં કરવામાં આવી રહી છે. રોબર્ટ વાડ્રાએ કહ્યું કે જ્યારે પણ હું લોકોનો અવાજ ઉઠાવીશ ત્યારે આ લોકો મને દબાવી દેશે અને એજન્સીઓનો દુરુપયોગ કરશે... હું હંમેશા તમામ પ્રશ્નોના જવાબ આપું છું અને કરતો રહીશ. "અમે EDને કહ્યું કે અમે અમારા દસ્તાવેજો ગોઠવી રહ્યા છીએ, હું હંમેશા અહીં આવવા માટે તૈયાર છું... મને આશા છે કે આજે કોઈ નિષ્કર્ષ આવશે. આ કેસમાં કંઈ નથી... જ્યારે હું દેશની તરફેણમાં બોલું છું,

ત્યારે મને અટકાવવામાં આવે છે, રાહુલને સંસદમાં બોલતા અટકાવવામાં આવે છે. ભાજપ આ કરી રહ્યું છે. આ એક રાજકીય

અનુસંધાન પાના ૭ પર

# લગ્નનો વાયદો કરી શરીર સંબંધ બાંધવા દુષ્કર્મ નથી : સુપ્રિમ કોર્ટ

### હાઈકોર્ટે માત્ર રેકોર્ડ સામગ્રીના આધારેજ ન્યાય ન કરવો જોઈએ : સર્વોચ્ચ અદાલત



નવી દિલ્હી, તા. ૧૫

સુપ્રીમકોર્ટે એક મહત્વના ફેસલામાં જણાવ્યું હતું કે, લગ્નનો વાયદો કરીને યૌન સંબંધ બાંધવાનો દરેક મામલે દુષ્કર્મ નહીં માનવામાં આવે. જસ્ટિસ બી.વી.નાગરત્ના અને સતીષ ચંદ્ર શર્માની પીઠે દુષ્કર્મના કેસમાં દિલ્હી હાઈકોર્ટનો ફેસલો રદ કરતા ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે હાલમાં જ પસાર નિર્ણયમાં વારંવાર એ સ્પષ્ટ કર્યું હતું કે, માત્ર લગ્નનો વાયદો કરીને શારીરિક સંબંધ બાંધવાનો દરેક કેસ દુષ્કર્મ નહીં માનવામાં આવે.પીઠે સ્પષ્ટ કર્યું હતું કે, આઈપીસીની ધારા ૩૭૫ અંતર્ગત અપરાધ ત્યારે બને છે, જયારે આરોપી દ્વારા લગ્નનો વાયદો માત્ર યૌન સંબંધ બાંધવાની સહમતી પ્રાપ્ત કરવાના ઉદેશથી કરવામાં આવી હોય અને તેનો શરૂઆતમાં જ વાયદો પૂરો કરવાનો કોઈ ઈરાદો ન હોય.

દિલ્હી હાઈકોર્ટનો ફેસલો રદ કરાયોસુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ફેસલા વિરુદ્ધ આરોપી વ્યક્તિ તરફથી દાખલ અપીલ સ્વીકારતા આ ટિપ્પણી કરી હતી. પીઠે દિલ્હી હાઈકોર્ટના ૩ જાન્યુઆરી ૨૦૨૪ના

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાની ૬૦ જેટલી ટોચની યુનિ. હવે ટ્રમ્પના રડારમાં

### હાર્વર્ડ યુનિ.ની ૨.૨ બિલિયન ડોલરની ગ્રાન્ટ રોકતા ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૧૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક તરફ દેશમાં શિક્ષણ એ હવે રાજયોની જવાબદારી પર છોડી દીધા બાદ વિશ્વવિખ્યાત હાર્વર્ડ યુનિ. માટે અમેરિકા સરકારની ૨.૨ બિલિયન ડોલરની ગ્રાન્ટ પણ સ્થાપિત કરી દીધી છે તથા આ યુનિ.ના કેમ્પસમાં જે રીતે હમાસ અને પેલેસ્ટાઈન સહિતના અલગતાવાદી જૂથો સક્રીય છે તેની સામે પગલાની માંગણી સાથે હાર્વર્ડના સંચાલન બોર્ડ વિ.માં ફેરફારની માંગ કરી છે.

ટ્રમ્પ શાસનનો આરોપ છે કે, યુનિવર્સિટીમાં યહુદી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સાથે ભેદભાવ થઈ રહ્યો છે તથા કેમ્પસમાં પેલેસ્ટાઈનને સમર્થન અને યહુદીમાં વિરોધી વધતી નફરતને આગળ ધરીને આ ગ્રાન્ટ રોકવાની જાહેરાત કરી છે અને જણાવ્યું હતું કે યુનિ. એ ફેડરલ કાનુનોનો ભંગ કર્યો છે તેથી તે સરકારી ફંડીગને માટે પાત્ર નથી.

જો કે હાર્વર્ડના પ્રેસીડેન્ટ એલન ગાર્બરે ટ્રમ્પ શાસનના તમામ આરોપો ફગાવી દીધા છે અને તેઓએ યુનિ.ની કોમ્યુનીટીને એક ખુલ્લા પત્રથી ટ્રમ્પ શાસનની માંગણી એ યુનિ.ની સ્વતંત્રતામાં સરકારની દખલગીરી ગણાવી

અનુસંધાન પાના ૭ પર

## રાજસ્થાનમાં તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને પાર

# મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર સહિત ૨૦ રાજ્યોમાં વાવાઝોડું અને વરસાદ પડવાની અગાહી

## બિહારમાં વિજળી પડવાથી એક પરિવારના ત્રણ સહિત ચારનાં મોત

નવી દિલ્હી, તા. ૧૫

બે દિવસના વરસાદથી રાહત મળ્યા બાદ, રાજસ્થાનમાં ફરી ગરમી ફરી વળી છે. સોમવારે બાડમેર જિલ્લામાં દેશનું સૌથી વધુ તાપમાન ૪૫.૪ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજ્યના ૬ જિલ્લાઓમાં હીટવેવ માટે યલો એલર્ટ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૧૯ એપ્રિલ સુધી રાહતની કોઈ આશા નથી.

આ તરફ, બિહારમાં વીજળી પડવાથી ૪ લોકોના મોત થયા છે. સોમવારે સાંજે અરવલના શાદીપુર ગામમાં વીજળી પડવાથી પિતા અવધેશ યાદવ (૪૮), પત્ની રાધિકા દેવી (૪૫) અને પુત્રી રિંકુ કુમારી (૧૮)ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમજ, ગોપાલગંજના કોટવા ગામમાં પણ એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.આજે મંગળવારે હવામાન વિભાગે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત દેશના ૨૦ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે. મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વીજળી પડી શકે છે અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં કરા પડી શકે છે. બિહાર, પશ્ચિમ બંગાળ અને ઓડિશા ઉપરાંત, આસામ, મણિપુર અને મેઘાલય સહિત તમામ પૂર્વોત્તર રાજ્યોમાં આગામી પાંચ દિવસ સુધી સમાન હવામાન રહેવાની સંભાવના છે.સોમવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ફરી પાછું ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું હતું. અને લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રીએ પહોંચ્યું છે. ૧૨ એપ્રિલે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું હતું, પણ છેલ્લાં ૩ દિવસમાં અમદાવાદના મહત્તમ તાપમાન ૪ ડિગ્રીનો વધારો થયો છે.

આગામી ૩ દિવસ અમદાવાદ સહિત રાજ્યમાં હીટવેવનું મોજું ફરી વળતાં ફરીથી ગરમીનો પારો ૨થી ૪ ડિગ્રી ઉંચકાશે. તેમજ

અનુસંધાન પાના ૭ પર

# ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી પણ ગ્રાહકોને લાભ થયો નહીં

### ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓને મોટો ફાયદો

નવી દિલ્હી, તા. ૧૫

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડવોરના કારણે કાચા તેલની કિંમતમાં ભારે ઘટાડો નોંધાયો છે. ભારતમાં આયાત કરવામાં આવતા ક્રૂડ ઓઈલની કિંમત કોરોના કાળ કરતાં પણ ઓછી થઈ ગઈ છે.

ભારતમાં આયાત કરાઈ રહેલા ક્રૂડ ઓઈલની કિંમત ઓગસ્ટ ૨૦૨૧ બાદ પહેલીવાર ૭૦ ડોલરની નીચે ગઈ છે. આટલું જ નહીં ક્રૂડઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમત પણ ૬૫ ડોલરથી ઓછી થઈ ગઈ છે.એવામાં સવાલ એ થાય છે કે, પ્રજાના પૈસે લીલા લહેર કરી રહેલી પેટ્રોલિયમ કંપનીઓ અને સરકાર પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો ક્યારે કરશે? ભારત ૮૭ ટકા કાચું તેલ આયાત કરે છે. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં ભારતમાં ૮૯ ડોલરની કિંમતમાં ક્રૂડ ઓઈલની આયાત થતી હતી. હવે ઘટીને ૬૯.૩૯ ડોલર પ્રતિ બેરલ થઈ છે. જાણકારોનું માનવું છે કે, ગ્લોબલ ટ્રેડવોર અને મંદીનો ભયના કારણે હજુ પણ ભાવ ઘટાડો થશે. ૨૦૨૫ના અંત સુધીમાં ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમત ૬૩ ડોલર થઈ જશે.સસ્તા ક્રૂડ ઓઈલના કારણે સરકાર અને પેટ્રોલિયમ કંપનીઓ મબલખ કમાણી રહી છે. જાણકારો અનુસાર પેટ્રોલિયમ કંપનીઓ એક લિટર પેટ્રોલ કે ડીઝલ પર ૧૦થી ૧૨ રૂપિયાનો નફો કરી

અનુસંધાન પાના ૭ પર

## હવા અને ધ્વનિ પ્રદૂષણમાં

# વિશ્વના ટોચના ૧૦૦ શહેરોમાં ભારતના ૭૪ શહેરોનો સમાવેશ

### ભારતના અનેક શહેરોમાં ૪૦ થી ૮૦ ડેસીબલ અવાજનું પ્રદુષણ જોવા મળ્યું



નવી દિલ્હી, તા. ૧૫

ભારતમાં પ્રદુષણની સમસ્યામાં દિલ્હી એ અનેક વખત ગેસ ચેમ્બર બની ગયું હોવાના અહેવાલો આપે છે. વાયુ પ્રદુષણની ચિંતા સૌથી વધુ કરીએ છીએ પણ વિશ્વના ટોચના ૧૦૦ શહેરોમાં વાયુ અને ધ્વની પ્રદુષણમાં ભારતના ૭૪ શહેરોનો સમાવેશ થાય છે છતા પણ તેના પર ભાગ્યે જ કોઈ ચિંતા થાય છે.

હવામાં પ્રદુષણ અને ટ્રાન્સપોર્ટેશનનાં જે અવાજો છે તેના કારણે બ્રેઈન સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. હવાના પ્રદુષણના કારણે બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૯% અને અવાજના પ્રદુષણના કારણે આ ખતરો ૬% સુધી વધી જાય છે. આ બન્ને સમસ્યાઓ ગંભીર છે. હવાના પ્રદુષણ અને ટ્રાફિકના અવાજનુ પ્રદુષણ બન્નેનો સાથે ભારતીયો સામનો કરે છે.સ્વીડનની કરોલિસ્કા ઈન્સ્ટીટયુટના વાતાવરણ- પ્રદુષણ મેડીસીન સંસ્થાનું આ તારણ છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓએ યુરોપીયન સંઘ અને વિશ્વ વ્યાપાર સંગઠનના માપદંડોના આધારે આ તારણ આપ્યુ છે.જેમાં ભારત સહિતના દેશોમાં થયેલા અભ્યાસ મુજબ પ્રદુષણના પી.એમ. ૨.૫ના

અનુસંધાન પાના ૭ પર

# કોટામાં કાર-બાઈક ટકરાતા એક પરિવારના ૪ લોકોનાં મોત

### બાઈક સવાર દંપતિ અને બે બાળકોના ઘટના સ્થળે મોત થયા

નવી દિલ્હી, તા. ૧૫

ક્વોટા કોટા જિલ્લાના સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંગળવારે સવારે થયેલા એક દુ:ખદ માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા. ઈટાવા-ધનવા રોડ પર મોરપા ચારરસ્તા પાસે કાર અને બાઈક સામસામે અથડાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનો રોડથી પાંચ ફૂટ દૂર ખાડામાં પડી ગયા હતા.મૃતકોમાં પતિ-પત્ની, તેમનો આઠ માસનો પુત્ર અને સાળાની પુત્રીનો સમાવેશ થાય છે. ચારેય એક જ બાઈક પર શ્યોપુરથી તેમના ગામ ભોરણ પરત ફરી રહ્યા હતા.ડીએસપી રાજેશ ઢાકાએ જણાવ્યું કે આ અકસ્માત સવારે ૭.૩૦ થી ૮ની વચ્ચે થયો હતો. બાઈક સવારો પૈકી ત્રણનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે આઠ મહિનાના બાળકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. બાઈક સવારોની ઓળખ ભોરન નિવાસી બીરા ઉર્ફે લિયાકત (૨૯), તેની પત્ની સિતારા (૨૭), પુત્ર લાઈક (૮ મહિના) અને ભાભીની પુત્રી ઝોયા (૧૭) તરીકે થઈ છે.બીરા સિમલીયા વિસ્તારમાં વેલ્ડીગની દુકાનમાં કામ કરતી હતી. પરિવાર એક સંબંધીના મૃત્યુમાં હાજરી આપીને ગેંટાથી તેમના ગામ પરત ફરી રહ્યો હતો.

# ટેરીફ વોરમાં રેર અર્થ મટીરીયલની નિકાસ પર ચીન દ્વારા પ્રતિબંધ

### ચીનના પ્રતિબંધથી ભારત, વિયેતનામ ને ફાયદો થશે

બિજિંગ, તા. ૧૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન પર ટાર્ગેટ કરીને ૧૪૫% જેટલા ઉંચા ટેરીફ લાદી દીધા બાદ હવે ચીને તેના બ્રહ્માસ્ત્ર જેવા કાચા માલની નિકાસનો ઉપયોગ શરૂ કર્યો છે અને વિશ્વમાં સૌથી વધુ રેર-અર્થ-મિનરલ એટલે કે મૂળભૂત કુદરતી ખનીજ જેવા કે ડિસ્પોસીયમ અને નિયોડિયમ જે એક અલભ્ય રાસાયણીક ખનીજ છે જેના પરમાણું ગુણ અત્યંત મહત્વના છે.

મહત્વની ખૂબજ જટીલ ટેકનોલોજી જેમકે મિસાઈલ, પવન ઉર્જા ટર્બાઈન અને ઈલેકટ્રીક વાહનોના નિર્માણમાં અત્યંત જરૂરી છે તેની નિકાસ પ્રતિબધીત કરી છે અને તેની સીધી અસર અમેરિકી ટેક ઈન્ડસ્ટ્રીઝ પર થશે. અમેરિકાએ અગાઉ જ આ પ્રકારના રેર અર્થ મટીરીયલ માટે ચીન પરનો આધાર ઘટાડયો છે.

તેથી જ તે યુક્રેન અને ગ્રીનલેન્ડ જેવા દેશો જયા આ પ્રકારના ખનીજો ભરપુર યાત્રામાં ધરાવે છે તેના પર પોતાનો કબ્જો કરવા પ્રયાસ કરી રહ્યું છે પણ આ રો-ખનીજને રીફાઈન કરવામાં ચીન પર જ સૌથી વધુ આધાર રાખવો પડે તેમ છે. ચીન ઉપરાંત વિયેતનામ, બ્રાઝીલ અને રશિયા ભારત-યુક્રેન અને ગ્રીનલેન્ડમાં આ પ્રકારના ખનીજ મળે છે પણ સૌથી વધુ ઉત્પાદન-રીફાઈનીગ સુવિધા ચીનમાંજ છે અને ચીન તેમાં ૯૦% હિસ્સો ધરાવે છે.

અગાઉ અમેરિકાએ આ પ્રકારના ખનીજ માટે કેટલીક ભારતીય કંપનીઓ પરનો પ્રતિબંધ દુર કર્યો હતો અને હાલમાંજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત સમયે પણ બન્ને દેશો વચ્ચે આ પ્રકારના રેર-અર્થ-મટીરીયલના શોપ- રીફાઈનીગ માટે કરાર થયા છે.

આમ આ પ્રકારની વ્યુહાત્મક નિકાસ પુરી રીતે અને તાત્કાલીક પ્રતિબંધ મુકી ચીને હવે અમેરિકાના અનેક ઉદ્યોગો માટે પ્રશ્ન સર્જયા છે. અમેરિકામાં ૩૫ વિમાનના પરમેનન્ટ મેગ્નેટ ઉપરાંત લેસર ટાર્ગેટ સીસ્ટમ, મિસાઈલ ગાઈડન્સ

અનુસંધાન પાના ૭ પર

# ડો. આંબેડકર જયંતિ નિમિત્તે ઉત્રાણમાં સદ્‌ભાવના વાહન યાત્રા

## વાહન યાત્રા દ્વારા વિશ્વ શાંતિનો સંદેશ



સુરત, તા.૧૫

ભારતીય સંવિધાન ના ઘડવૈયા ભારતીય રત્ન ડો બાબાસાહેબ આંબેડકરજી ની ૧૩૪ મી જન્મ જયંતી નિમીતે ઉત્રાણ ખાતે થી વિશ્ર્વશાંતિ સદભાવ વાહન યાત્રા યોજાઇ

ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, ઉત્રાણ, અમરોલી, કોસાડઆવાસ વરિયાવ વિભાગ સુરત શહેર આયોજીત ભારત રત્ન ભારત સંવિધાન રચિયતા ડો બાબાસાહેબ આંબેડકર જી ની ૧૩૪ મી જન્મ જયંતી મહોત્સવ ની ઉજવણી ના ભાગરુપે સુમન આવાસ ઉત્રાણ ખાતે ધમ્મ વંદના કેક કટીગ કાર્યક્રમ રીપ્બલીકન પાટી ના રાષ્ટ્રીય મહાસચિવ માનવબંધુ વિજયભાઈ મૈસુરીયા, રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયાગુજરાતપ્રદેશ મહાસચિવ સુભાષભાઈઝાડે ,ઉત્રાણ માજી સરપંચ બૌદ્ધ સમાજ વરિષ્ઠ નેતા આપ્પાસાહેબ કાશીનાથ સીરસાઠ બૌદ્ધસમાજમહીલા અગ્રણી આર પી આઈ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ આશાતાઇ મંગળે, ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ ના માર્ગદર્શક આપ્પાસાહેબ આર, કે,સોનવણે,લોકજન શક્તિ પાટી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ નાગમલ પ્રભાકર, રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ સંગઠન અધ્યક્ષ દિલીપ કે સીરસાઠ ની ઉપસ્થિતી માં કાયઁકમ યોજાયો હતો ત્રિરત્નદિપ બુદ્ધ વિહાર સમતા નગર ઉત્રાણ ખાતે ડો બાબાસાહેબ આંબેડકરજી ની પ્રતિમા પુષ્પહાર અર્પણ કરી વિશ્ર્વ શાતિં સદભાવ વાહન યાત્રા શરુઆત કરી ઉત્રાઁણ પાવર હાઉસ, વી,આઈ,પી સંકૅલ, કિતીનગર,ઉત્રાણ ગામ થઈ અમરોલી ગામ થઈ ભારત રત્ન ડો

અનુસંધાન પાના ૭ પર

# ભારત દ્વારા લેસર ઉર્જા શસ્ત્ર ટેક્નોલોજીનું સફળ પરિક્ષણ

## ભારત વૈશ્વિક મહાસત્તાઓની ક્લબમાં જોડાયું

અમદાવાદ, તા.૧૫

ભારતની શાનદાર સફળતા: પીએમ મોદીનું વિઝન ભારતને વૈશ્વિક નેતા કેવી રીતે બનાવી રહ્યું છે છેલ્લા દાયકામાં ભારતમાં એક એવું પરિવર્તન આવ્યું છે જેણે તેને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. વિકાસશીલ રાષ્ટ્રમાંથી, ભારત આજે સંરક્ષણ, અવકાશ અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં સીમાઓ ઓળંગીને એક શક્તિશાળી રાષ્ટ્ર બન્યું છે. આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી પહેલો દ્વારા આત્મનિર્ભરતા, નવીનતા અને ટેકનોલોજીકલ પ્રગતિ પર મોદી સરકારના અવિરત ધ્યાનને કારણે દેશ અત્યાધુનિક ટેકનોલોજી અને ક્ષમતાઓમાં અગ્રેસર બન્યો છે. સ્વદેશી સંશોધનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને, જાહેર-ખાનગી ભાગીદારીને મજબૂત બનાવીને અને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વ્યૂહાત્મક રોકાણોને પ્રાથમિકતા આપીને, ભારત હવે ફક્ત એક સહભાગી જ નહીં પરંતુ વૈશ્વિક ક્ષેત્રમાં એક નેતા પણ બની ગયું છે. આ ફક્ત ટેકનોલોજીકલ સિદ્ધિઓની વાર્તા નથી, તે મહત્વાકાંક્ષા, વૈશ્વિક માન્યતા અને વિશ્વ નેતા બનવા તરફ ભારતની અવિશ્વસનીય પ્રગતિની વાર્તા છે. ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં મોટો પરિવર્તન આવ્યો છે, દેશ અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા વૈશ્વિક મહાસત્તાઓ સાથે સ્પર્ધા કરતી એક ઉચ્ચ કક્ષાની ક્લબમાં જોડાયો છે. ડીઆરડીઓના નેતૃત્વમાં અને મોદી સરકારના આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ સીમાચિહ્નો આધુનિક યુદ્ધ માટે ભારતની તૈયારી દર્શાવે છે. તાજેતરમાં, ભારતે લેસર-આધારિત નિર્દેશિત ઊર્જા શસ્ત્ર પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ કરીને ઐતિહાસિક સફળતા પ્રાપ્ત કરી છે, જે ફિક્સ્ડ-

અનુસંધાન પાના ૭ પર

# હજીરામાં રાષ્ટ્રીય ફાયર સેવા સપ્તાહની ઉજવણી

## એએમ-એનએસ સુરત શહેરને ઈમરજન્સી સેવા આપવા તત્પર




સુરત, તા.૧૫

વિશ્વની બે અગ્રણી સ્ટીલ ઉત્પાદક કંપનીઓ આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના સંયુક્ત સાહસ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India) સુરતના આર્થિક વિકાસમાં ફક્ત મોટી ઉદ્યોગ કંપની તરીકે જ નહીં, પણ સલામતી વધારવા માટે જવાબદાર ભાગીદાર તરીકે પણ યોગદાન આપી રહી છે. સુરતના મહત્વનો ઔદ્યોગિક વિસ્તાર ગણાતાં હઝીરામાં સ્થાપિત AM/NS India એ ઉદ્યોગ વિકાસ સાથે જાહેર સલામતીની જવાબદારીને પણ મહત્વ આપ્યું છે અને હઝીર વિસ્તારની સુરક્ષાને મજબૂત બનાવવા માટે હજીરા એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (HADA) સાથે પણ નજીકથી કાર્ય કર્યુ છે. હઝીરા વિસ્તારમાં ઉદ્યોગોનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે, જેની સાથે ઈમરજન્સી સજ્જતામાં પડકારો પણ વધ્યા છે. AM/NS India પોતાની ફાયર સર્વિસ ટીમની સાથે કંપની અને હજીરા વિસ્તારની સાથો-સાથ શહેરની ઈમરજન્સી વ્યવસ્થામાં મદદરૂપ થઈ રહ્યું છે. થોડા સમય પૂર્વે સુરતના શિવ-શક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં લાગેલી આગ દરમ્યાન, AM/NS Indiaની ફાયર સર્વિસ ટીમે સુરત ફાયર વિભાગ અને અન્ય ઉદ્યોગોની ટીમ સાથે ખભેથી ખભા મિલાવી આગ બુઝાવવામાં મદદ કરી હતી. આ આગને બુઝાવવા ૩૦ કલાકનો લાંબો સમય લાગ્યો હતો, જેમાં હઝીરાની બધી મોટી ઉદ્યોગ કંપનીઓની ફાયર ટીમોએ મળીને કામ કર્યું હતું. છેલ્લા ૧૫ મહિનામાં હઝીરા અને તેના આસપાસના વિસ્તારમાં ૧૫ જેટલી આગની ઘટનાઓ બની હતી. દરેક સમયે AM/NS Indiaની ફાયર ટીમ તાત્કાલિક પહોંચી અને સુરત ફાયર વિભાગ તથા અન્ય વિભાગો સાથે મળીને અકસ્માત બચાવ કામગીરી કરી છે. પાછલા મહિનાઓમાં AM/NS Indiaની ફાયર ટીમે અનેક ઈમરજન્સી પરિસ્થિતિઓમાં સતત તંત્રને સમર્થન આપવાનો પ્રયત્ન કર્યો છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ હઝીરા ગામ પાસે એક ડમ્પર પાર્ક કરેલા અન્ય વાહન સાથે અથડાયું હતું, ત્યારે AM/NS Indiaની ફાયર ટીમે SMC અને GAILની ટીમ સાથે મળીને ડ્રાઈવરને અકસ્માતગ્રસ્ત વાહનમાંથી બચાવવાની સાથો-સાથ તાત્કાલિક સારવાર અપાવવા સુધીની કામગીરીમાં સહાય આપ્યો હતો. તે પ્રમાણે, ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ જળદેવી સર્કલ, હઝીરા પાસે ટેન્કર અને ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં ડ્રાઈવરને બચાવી, તેને સમયસર સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. તદુપરાંત, ૨૨ માર્ચે પોર્ટ ગેટ, હઝીરા સામે LPG ગેસ કટીગ સેટમાં લાગેલી આગને ટીમે ઝડપી કાબૂમાં કરી અને સિલિન્ડર ફાટવાની શક્યતાઓને ટાળી હતી. સંતોષ મુંધડા, એક્ઝિક્યુટીવ ડિરેક્ટર, પ્રોજેક્ટ્સ - હજીરા અને ડેપ્યુટી CTO, AM/NS India જણાવે છે કે, "AM/NS Indiaમાં સલામતી સૌપ્રથમ છે અને દરેક માટે જરૂરી છે. સુરત એ અમારું ઘર છે અને જાહેર સુરક્ષા એ અમારી ફરજ તેમજ જવાબદારી છે. અકસ્માતમાં ફસાયેલા લોકોને બચાવવાનો મુદ્દો હોય કે આગ જેવી દુર્ઘટનાઓ અટકાવવાનો મુદ્દો હોય, અમારી ફાયર ટીમે મહત્વની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રીય ફાયર સેવા સપ્તાહ થકી અમને તેમનો આભાર વ્યક્ત કરવાની યોગ્ય તક મળી છે." AM/NS India એપ્રિલ ૧૪ થી ૨૦, ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય ફાયર સેવા સપ્તાહ ઉજવી રહી છે, જેમાં પોતાની ફાયર ટીમના મહેનતી સભ્યો તથા ફરજમાં શહીદ થયેલા ફાયર ફાઈટર્સને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. હઝીરા ખાતે ઉજવણી થવા જઈ રહેલા ફાયર સેવા સપ્તાહ દરમિયાન વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરાઈ રહ્યું છે – જેવી કે જૂથ સ્પર્ધાઓ, આગ નિવારણ વિષયક ઑનલાઇન ક્વિઝ, શાળાના બાળકો માટે ફાયર સલામતીની માહિતી અને મોટા પાયે જન-જાગૃતિ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ તમામ પ્રયત્નો AM/NS Indiaના સ્થાનિક સમુદાયની સલામતી અને કલ્યાણ માટેની સતત પ્રતિબદ્ધતાનો એક ભાગ છે.

# આવતી કાલે ચેમ્બરનો ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ સમારંભ યોજાશે

## એવોર્ડ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે એવોર્ડ અર્પણ કરાશે

સુરત, તા.૧૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એવોર્ડ્‌સ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે બુધવાર, તા. ૧૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ગોલ્ડન જ્યુબિલી એવોર્ડ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું છે. એવોર્ડ પ્રેઝન્ટેશન સમારંભમાં રાજ્યસભાના માનનીય સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા અને સુરત શહેરના પ્રથમ નાગરિક અને મેયર શ્રી દક્ષેશ માવાણી ઉપસ્થિત રહેશે અને તેઓના વરદ્ હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવશે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી

અનુસંધાન પાના ૭ પર

### એવોર્ડસનાં નામ

૧. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલેન્સ ઈન વિવિંગ સેકટર
૨. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલેન્સ ઈન યાર્ન પ્રોસેસિંગ સેકટર
૩. રિલાયન્સ એવોર્ડ ફોર એકસલેન્સ ઈન ફેબ્રિક પ્રોસેસિંગ સેકટર
૪. શ્રી નિમીષ વશી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ પરફોર્મન્સ ઈન એન્વાયરમેન્ટ કન્ઝર્વેશન એન્ડ પોલ્યુશન કન્ટ્રોલ
૫. શ્રી રતિલાલ ત્રિભોવનદાસ નાણાવટી એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ વર્ક ઈન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ
૬. કલરટેકસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ પરફોર્મન્સ ઈન એનર્જી કન્ઝર્વેશન
૭. અલિદ્રા એવોર્ડ ફોર એકસલેન્સ ઈન ઈમ્પ્રુવીગ પ્રોડકટીવિટી
૮. એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ અચીવમેન્ટ ઈન સોશિયલ વેલ્ફેર પ્રોગ્રામ બાય બિઝનેસ હાઉસ
૯. એનજે ઈન્ડિયા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ અચીવમેન્ટ ઈન સોશિયલ વેલ્ફેર પ્રોગ્રામ બાય એનજીઓ
૧૦. ફેરડીલ ફિલામેન્ટ્સ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ આંત્રપ્રિન્યોર ઈન એમએસએમઈ સેગ્મેન્ટ
૧૧. અનુપમ રસાયણ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ સ્કૂલ
૧૨. મહાવીર સિન્થેસિસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ ઈન્સ્ટીટયુટ/કોલેજ ઓફ એજ્યુકેશન
૧૩. શ્રીમતી ભવાનીબેન એન. મહેતા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ ચીફ એકઝીકયુટીવ ઓફિસર ઓફ ધી ઈયર
૧૪. શ્રી ગિરધરગોપાલ મુંદડા એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડીગ બિઝનેસ પર્સન ફોર ધી ઈયર

# સુરત મનપા દ્વારા ડો. આંબેડકર જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

## વિવિધ મહાનુભાવોએ બાબા સાહેબને શ્રદ્ધાંજલી પાઠવી

સુરત, તા.૧૫

"ભારતીય બંધારણ"ના ઘડવૈયા તથા "ભારત રત્ન" ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ-૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરને સુતરાંજલિ સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં માન. ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, માન. સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, માન. મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, માન. ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી, માન. ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, ડે.મેયરશ્રી ડો.નરેશ એસ. પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અઘ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, વિવિધ સમિતિના અઘ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ અને નગરજનોએ અને શહેરની વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી. યુગ પુરૂષ ડૉ.ભીમરાવ રામજી ઉર્ફે ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન તેમના કાર્યો તથા વિચારોની પૂરી ૨૦મી સદી પર અમીટ છાપ છે. ડૉ.આંબેડકરે ભારતીય સમાજના દલિત, પીડિત, નિરાશ્રિત મનુષ્યોમાં, અમે પણ મનુષ્ય છીએ એવી ભાવના જન્માવવા અને એમને માનવીય અધિકાર અપાવવા આજીવન સંઘર્ષ કર્યો. મૂળભૂત અધિકારોથી વંચિત લોકોને રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક અધિકારો

અનુસંધાન પાના ૭ પર




# સુરતના પેરા સ્વિમર રોહન ચાસિયાને ખેલમહાકુંભમાં બે બ્રોન્ઝ મેડલ જીત્યા

સુરત, તા.૧૫

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ નુ આયોજન પેરા સપોર્ટસ એસોસિએશન ઓફ ગુજરાત એ અમદાવાદ સરદાર પટેલ સ્ટેડિયમ સ્વિમિંગ પૂલ માં તા. ૧૦/૦૪/૨૦૨૫ ના રોજ કરેલ જેમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આશરે ૧૦૦ જેટલા મહિલા અને પુરુષ ખેલાડીઓએ ભાગ લીધેલ જેમાં સુરતના રોહન ચાસિયા એ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ મા બ્રોન્ઝ અને ૫૦ ફીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ જીતી સુરતનું નામ રોશન કરવા બદલ પેરા સ્પોર્ટ્સ સંસ્થાના પ્રમુખશ્રી કાન્તિલાલ પરમાર પી.સી.આઈ ના સેક્રેટરી ચંદુલાલ ભાટી તેમજ શ્રી ગૌરવભાઈ પરીખ અને સુરત પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ના કમિટી મેમ્બર શ્રી આનંદભાઈ શાહ તથા રોહન ચાસિયા ના કોચ શ્રી કમલેશભાઈ વાણીયાવાલા સાહેબ એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.



# ભાજપ દ્વારા લીંબાયત વિધાનસભા સક્રિય કાર્યકર્તા સંમેલન યોજાયું

## ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિવસની ઉજવણી



સુરત, તા.૧૫

ભાજપ સ્થાપના દિવસ અંતર્ગત ૧૩ એપ્રિલને રવિવારના રોજ લીબાયાત વિધાનસભામાં "સક્રિય કાર્યકર્તા" સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા ગુજરાત પ્રદેશ મંત્રી તથા સુરત ભાજપા પ્રભારી શ્રીમતી શીતલ બેન સોની દ્વારા તેમના ઉદબોધનમાં કહ્યું હતું કે શા માટે જનસંઘની સ્થાપના કરવામાં આવી તે જણાવતા કહ્યું હતું કે કોંગ્રેસની મૂળભૂત રીતે જ મુસ્લિમ તુષ્ટિકરણની નીતિ રહી છે અને તેની સામે સ્વ.શ્રી પંડિત દીનદયાળજી દ્વારા જનસંઘની સ્થાપના કરવામાં આવી હતી અને આગળ જતા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહ તેવા આદરણીય શ્રી અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરવામાં આવી . તેમણે ત્યારથી લઈને આજ સુધીનો ઈતિહાસ જણાવતા જનસંઘથી લઈને ભારતીય જનતા પાર્ટી ની સ્થાપના સુધીમાં આજ દિવસ સુધી અસંખ્ય ઘડવૈયાઓનો સિંહ ફાળો અને બલિદાન રહ્યું છે જે ક્ષણો તાજી કરી હતી અને અનેકવિધ યાદગાર કિસ્સાઓ કહ્યા હતા . આ પ્રસંગે તેઓએ કટોકટીને યાદ કરી હતી અને તેના અનુભવો પણ કહ્યા હતા . સાથે તેમણે આજના વિશ્વના સર્વાધિક લોકપ્રિય અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રમોદીના નેતૃત્વમાં ભારત કેવી રીતે વિશ્વ ગુરુ બનવા ભણી પ્રયાણ કરી રહ્યું છે અને સમગ્ર વિશ્વમાં ભારત દેશની ખ્યાતિ વધી છે તે જણાવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી સુરત શહેર પ્રમુખ પરેશ ભાઈ પટેલ તેમના

અનુસંધાન પાના ૭ પર

# બાબા સાહેબ આંબેડકર જયંતિ નિમિત્તે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## ગોતાલાવાડીની શાળામાં સાધન સહાયનું વિતરણ

સુરત, તા.૧૫

ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની ૧૩૪ મી જન્મ જયંતી નિમિત્તે સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટ અને ક્રાંતિકારી યુવક મંડળ આયોજિત સેવા સેતુ કાર્યક્રમ નગર પ્રાથમિક શાળા નંબર ૧૧૭/૧૨૦ ગોતાલાવાડી ખાતે તારીખ ૧૪-૪- ૨૦૨૫ ને સોમવારના રોજ સવારે ૯ થી ૫ સુધી યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સુરત શહેરના મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્ય શ્રી કાંતિ ભાઈ બલર તેમજ વિનુભાઈ મોરડીયા, શહેર ભાજપના મહામંત્રી કાળુભાઈ ભીમનાથ, સેવા વસ્તીના સુરત શહેરના અધ્યક્ષ મનસુખભાઈ પન્ના, કોર્પોરેટર શ્રીઓ, સમિતિના સભ્યશ્રીઓ અને વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ અને બાબાસાહેબની પ્રતિમાને પુષ્પ માળા અર્પણ કરી હતી. આ કાર્યક્રમના આયોજક સ્નેહ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન કુમારી સ્વાતિબેન મનુભાઈ સોસા એ શબ્દોથી બધાને આવકારીને બાબાસાહેબને સાચી શ્રદ્ધાંજલિ આ કાર્યક્રમ દ્વારા આપીને મારી જાતને ધન્ય ગણું છું. આ કાર્યક્રમમાં ૧૨ સગર્ભા માતાઓને પૌષ્ટિક આહાર યુક્ત કીટ અર્પણ

અનુસંધાન પાના ૭ પર

# કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા ડો. આંબેડકરને શ્રદ્ધાંજલી

સુરત, તા.૧૫

ડોક્ટર બાબા સાહેબની ૧૩૪ પુણ્યતિથિ નિમિત્તે સુરત શહેર કોંગ્રેસ પાર્ટીના સિનિયર આગેવાન હરીશભાઈ સી સૂર્યવંશી તેમજ કાર્યકર્તા મનોજ પાડિ જયેશ મહારાજ કૃણાલ શેખ રોશન મિશ્રા શશી દુબે ? નિતેશ યાદવ વગેરે કાર્યકર્તા ઉપસ્થિત રહી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ને પુષ્પા જલી કરી આશીર્વાદ મેળવેલ કે દેશ તમારા સંવિધાનને આજે યાદ કરે છે તેમજ ભાજપ દ્વારા આ દેશનું સંવિધાન તોડી પાડવાની કવાયત ભાજપ દ્વારા વારંમ વાર કરવામાં આવે છે પરંતુ અમે કોંગ્રેસ પક્ષના



તમામ કાર્યકર્તાઓ પાર્ટીના આગેવાનો બધા જ સમાજને સાથે લઈને લઈને આપનું બંધારણની રક્ષણ કરવા જમીન પર ગલી ગલીમાં ઉતરી ભાજપ સામે અમે લડાઈ લડીશું માટે બાબાસાહેબ આપ અમારા ઉપર આશીર્વાદ આપો કે કોંગ્રેસ પક્ષના તમામ કાર્યકર્તાઓ ને શક્તિ મળે તેવી આજરોજ આપના ચરણને પ્રાર્થના કરી એ છે તેમજ ભજન સંધ્યા નો કાર્યક્રમ રાખેલ છે સુરત શહેરના કોંગ્રેસ પાર્ટી તરફથી રાખેલ છે. સુરત શહેર કોંગ્રેસ પાર્ટીના સિનિયર આગેવાન હરીશકુમાર ચંપકલાલ સુર્યવંશી તારીખ ૧૪ /૪ /૨૦૨૫ ના રોજ રાખેલ છે

# સેના ખાડી પર નવનિર્મિત ફોર લેન બાયપાસ રોડનું લોકાર્પણ

સુરત, તા.૧૫

ઓલપાડના સેનાખાડી પર રૂ.૫.૮૦ કરોડના ખર્ચે નવનિર્મિત ફોરલેન બાયપાસ રોડનું લોકાર્પણ વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઓલપાડ બજારના ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઓલપાડ ટાઉનમાંથી બાયપાસ સાહોલ-કિમને સુરત સાથે જોડતા પુલનું સેના ખાડી પર નિર્માણ થતા મુખ્ય બજારમાં થતા ટ્રાફિકની સમસ્યા હવે ભૂતકાળ બનશે. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, નવો ઓલપાડ બાયપાસ બનવાથી ઓલપાડ શહેરમાંથી પસાર થતો હજીરા ઔદ્યોગિક વિસ્તારનો મોટા ભાગનો ટ્રાફિક આ બાયપાસ પરથી પસાર થશે. જેના લીધે ઓલપાડ ગામતળના બજાર વિસ્તારની ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે તથા ગામતળ વિસ્તાર થતા અકસ્માતો ઘટશે. રોજિંદી અવર જવર કરતાં રાહદારીઓ તેમજ સ્થાનિક નગરજનોના સમય અને ઈંધણનો બચાવ થશે. મંત્રીશ્રીએ બાયપાસ નિર્માણ માટે આવેલી અડચણોનું નિરાકરણ લાવી બાયપાસ પૂર્ણ કરાયો છે એમ જણાવી ઉમેર્યું કે, કેટલાક કાયદાકીય પ્રક્રિયા, પાણીની લાઈન, ઈલેક્ટ્રિક લાઈન તેમજ ગેસ લાઈન શિફ્ટીગ જેવી સમસ્યાઓનું નિવારણ કરી કામ આગળ વધારવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ સહિત સંબંધિત વિભાગોના સંકલન અને સામૂહિક પ્રયાસોથી આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં સફળતા મળી હતી. તેમણે એમ પણ કહ્યું કે, અગાઉ ફોર લેન રસ્તાના નિર્માણ સમયે ઓલપાડ ટાઉનની મુખ્ય બજાર અને અહીથી પસાર થતા રસ્તામાં આવતી દુકાનો તોડવી પડે તેમ હતી, પરંતુ રાજ્ય સરકારે વ્યાપારીઓની લાગણી, વ્યાપાર અને રજૂઆતને ધ્યાને લઈ બાયપાસના નિર્માણનો નિર્ણય લઈ વ્યાપારીઓની દુકાનો બચાવી છે. મંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, રોડ કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં નહી આવે. ઓલપાડ તાલુકાના રસ્તાઓ રાજ્ય સરકારની આ નીતિનું પ્રમાણ છે. મંત્રીશ્રીએ કહ્યું કે, આગામી દિવસોમાં ઓલપાડમાં ૧૦૦ બેડની નવી સરકારી હોસ્પિટલનું નિર્માણ કરાશે, જેના કારણે આરોગ્ય સુવિધાઓનો વ્યાપ વધશે. હજીરાથી દહેજ

અનુસંધાન પાના ૭ પર

## ઓલપાડમાં ૧૦૦ બેડની નવી સરકારી હોસ્પિટલનું નિર્માણ કરાશે વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલ



આજ રોજ શહેરા ૧૨૪વિધાનસભા શહેરા નગર ના પાટિયા ગામે ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર ની જન્મ જ્યંતી નિમિતે ગુજરાત વિધાનસભા ના ઉપાધ્યક્ષ શહેરા મત વિસ્તારના પ્રજાવત્સલ ધારાસભ્ય શ્રી જેઠાભાઇ ભરવાડ સાહેબના ઉપસ્થિતિ માં શહેરા તાલુકા અને નગર ભારતીય જનતા પાર્ટી કાર્યકરતા તથા વણકર સમાજ નવજીવન સેવા ટ્રસ્ટ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી.

# ગરમીમાં રાહતદાયક છે શેરડીનો રસ

**ધોમ-ધખતા તાપમાં બહાર નીકળીએ ત્યારે સુંદર ઘૂઘરીનો અવાજ સંભળાય તો કેવું મીઠું-મધુરું લાગે! મન બે ઘડી તે અવાજની દિશામાં પોરો ખાવા રોકાઈ જ જાય. જી હા, ઘૂઘરીઓનાં અવાજ તરફ નજર જાય ત્યારે ખ્યાલ આવે કે ત્યાં ગરમીમાં શરીરને ઝટપટ ઠંડક આપે તેવો શેરડીનો મીઠો-મધુરો રસ તૈયાર થઈ રહ્યો છે. શેરડીનો તાજો રસ તેમાં વળી ઉપરથી સ્વાદિષ્ટ મસાલાનો છંટકાવ કરવામાં આવે ત્યારે રસ પીને મન તૃપ્ત બની જતું હોય છે. શેરડીનો રસ ગરમીમાં ઠંડક આપવામાં પ્રથમ નંબર ધરાવે છે. જી હા, શેરડીનો રસ સંપૂર્ણ સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને બનતો હોવો જોઈએ. વળી રસમાં બરફનો ઉપયોગ થયો ના હોય તેની ખાસ કાળજી લેવાઈ હોય. ઓછા ખર્ચે સ્વાદસભર શેરડીનો રસ આરોગ્ય માટે ઘણો જ ગુણકારી ગણાય છે.**

**શેરડીની વાત કરીએ તો લગભગ ૩૬ પ્રકારની વિવિધતા જોવા મળે છે. શેરડીના રસમાં સુક્રોસ નામક શર્કરા**

**સમાયેલી હોય છે. જે શરીરમાં ગ્લુકોઝનો સંચાર કરે છે. ગરમીમાં શરીરમાં પાણીની ઊણપથી બચાવે છે. જેથી રસ પીધા બાદ તરત જ શરીર તરોતાજા બની જતું હોય છે. જો આપ માનતા હોવ કે શેરડીનો રસ પીવાથી શરીરમાં મોટાપાના શિકાર બની જવાય છે. તો તે વાતને નકારી શકાય નહીં. દિવસમાં જો ૩-૪ ગ્લાસ રસ ગટગટાવી જવામાં આવે તો મોટાપાની શક્યતા રહેલી છે. દિવસમાં ૧ગ્લાસ શેરડીનો રસ પીવાથી વજન વધતું નથી. કેમ કે શેરડીમાં પ્રાકૃતિક મીઠાશ રહેલી હોય છે. શરીરમાં સુક્રોસ નામક શર્કરાને કારણે શર્કરાની માત્રા જળવાઈ રહે છે. શેરડીનો રસ પીવાથી મેટાબોલિઝમ વધે છે. જેથી વજન ઘટવાની શક્યતા વધી જતી હોય છે. શેરડીના રસના એક ગ્લાસમાં ૨૫૦ કેલરી તથા ૩૦ ગ્રામ પ્રાકૃતિક શર્કરા રહેલી હોય છે. શેરડીના રસમાં ફાઈબર, પ્રોટીન હોય છે. પરંતુ તેમાં ઝિંક, ફોસ્ફરસ, સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મૈગ્નેશિયમ જેવાં ખનીજ તત્ત્વોથી ભરપૂર હોય છે.**

### શેરડીનો રસ શક્તિવર્ધક ગણાય છે

ગરમીમાં જ્યારે બહાર નીકળવાનું થાય ત્યારે વ્યક્તિને થાક, નબળાઈનો અનુભવ વધુ થતો હોય છે. કેમ કે પરસેવા દ્વારા શરીરમાંથી પાણી બહાર નીકળી જતું હોય છે. થોડા થોડા અંતરે પાણી કે પ્રવાહી પીવામાં ના આવે તો શરીરમાં નબળાઈ આવી જતી હોય છે. આવા સંજોગોમાં શેરડીનો રસ પીવાથી શરીરમાં ત્વરિત ઊર્જા અનુભવાય છે. શરીરને યોગ્ય સમયે ઊર્જા આપવામાં પ્રાકૃતિક શર્કરા અગત્યનો ભાગ ભજવે છે. તેથી જ ગરમીના દિવસોમાં શેરડીનો રસ સર્વોત્તમ પીણું ગણાય છે. કુદરતી શર્કરાને શરીર સરળતાથી પચાવીને વ્યક્તિને તાજગી બક્ષે છે.

### લિવર માટે ગુણકારી

શેરડીનો રસ પિત્તાશય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કમળાની બીમારીનો તે રામબાણ ઉપાય ગણાય છે. અનેક સંશોધન બાદ જાણવા મળ્યું છે કે શેરડીના રસ ક્ષારીય પ્રકૃતિ ધરાવે છે. જેને કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન જાળવવામાં મદદ મળે છે. લિવરને સંક્રમિત થતાં બચાવે છે. બિલિરૂબિનવા સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. કમળામાં શરીરમાંથી પ્રોટીનની માત્રા ઝડપથી ઘટવા લાગે છે. લોહીમાં બિલીરૂબિનની માત્રા વધવા લાગે છે. શેરડીના રસનું સેવન કરવાથી શરીરમાંથી ઘટેલું પ્રોટીન પાછું બનવા લાગે છે.

### એનિમિયાની સમસ્યાથી બચાવે છે

ઍનિમિયાની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે શેરડીનો તાજો રસ અત્યંત લાભદાયક ગણાય છે. શેરડીમાં ભરપૂર માત્રામાં આયર્ન સમાયેલું હોય છે. જે લોહીમાં હિમોગ્લોબિનના સ્તરને વધારવામાં મદદ કરે છે.

### ગર્ભાવસ્થામાં લાભકારી

ગર્ભાવસ્થામાં શેરડીનો રસ પીવો ગુણકારી ગણાય છે. કેમ કે શેરડીના રસમાં ફૉલિક એસિડ, વિટામિન બી-૯ હોય છે. જે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. ગર્ભાવસ્થા દરમિયાન કબજિયાતની તકલીફ થતી હોય છે. તેનાથી રાહત મેળવી શકાય છે.

### પાચનતંત્રને સુધારે છે

પાચન સંબંધિત તકલીફમાં શેરડીનો રસ ટૉનિક તરીકે ઉપયોગી બને છે. કેમ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે જે પેટના પીએચ સ્તરને સંતુલિત રાખવામાં મદદ કરે છે. શેરડીના રસમાં ફાઈબરનું પ્રમાણ સારું હોય છે. જે પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે. કબજિયાતની તકલીફમાં ગુણકારી ગણાય છે.

### કેન્સરની સામે લડવામાં મદદરૂપ

શેરડીના રસમાં ભરપૂર માત્રામાં મેગ્નેશિયમ, કેલ્શિયમ, પોટેશિયમ, આયર્ન તથા મેંગેનિઝ હોવાને કારણે તે ક્ષારીય(અલ્કલાઈન) બનાવે છે. ફ્લેવોનોઈડના ગુણો હોવાને કારણે પ્રોસ્ટેટ કેન્સર તથા બ્રેસ્ટ કેન્સરના સેલ્સને ઘટાડવામાં મદદ કરે છે.

ની દુર્ગંધ તથા દાંતનો સડો રોકવામાં લાભકારક

દાંતમાં સડો થવાને કારણે મોંમાંથી દુર્ગંધ આવવા લાગે છે. અનેક લોકો તેને લીધે લઘુતાગ્રંથી અનુભવતા હોય છે. તેમના માટે શેરડીનો રસ વરદાન સમાન ગણાય છે. કેમકે શેરડીના રસમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, જેવા ખનીજની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે દાંતના ઈનેમલ એટલે કે ઉપરના પડને બનાવી રાખવામાં મદદ કરે છે. જેને કારણે દાંત તેમજ પેઢાંની મજબૂતાઈ વધે છે. દાંતને સડાથી બચાવે છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

ભૂખ્યા પેટે શેરડીનો રસ પીવાથી વજન ઘટાડી શકાય છે. કેમ કે શેરડીના રસમાં ફાઈબરની માત્રા હોય છે. ડાયેટરી ફાઈબર વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. લિપિડને નિયંત્રિત કરવાની સાથે ગ્લુકૉઝને તોડીને શરીરમાં શક્તિ વધારવામાં મદદ કરે છે.

ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી

શેરડીના રસમાં શર્કરાની માત્રા મર્યાદિત પ્રમાણમાં હોય છે. જેથી તેનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ માટે ગુણકારી ગણાય છે. પ્રાકૃતિક શર્કરાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જે લોહીમાં શર્કરાની માત્રા વધતી રોકે છે. એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે શેરડીના રસમાં વિવિધ પૉલીફેનોલ્સ હોય છે જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

શેરડીને વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં ઈખ કે ગન્ના, અંગ્રેજીમાં શુગરકેન કે નૉબલ કેન, સંસ્કૃતમાં

ગુડમૂલ, અધિપત્ર કે વિપુલ રસ, ઉત્તરાખંડમાં

રિખૂ, કોંકણીમાં અન્ય, કધનડમાં ઈક્ષુ, ગુજરાતીમાં નૈશાકર કે શેરડી, બંગાળીમાં આક, મરાઠીમાં કબ્બી કે આ ા અ ો સ, મણીપુરીમાં ચૂ, નેપાળીમાં ઉખૂ, અરેબીકમાં કસબીશકર.

ભારતમાં શેરડીની ખેતી દેશની અર્થવ્યવસ્થા માટે શ્રેષ્ઠ કૃષિ ઉત્પાદન ગણાય છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશમાં મોટા પાયે શેરડીની ખેતી થાય છે. પ્રાચીન ગ્રંથોમાં શેરડીના રસનો ઉલ્લેખ જોવા મળે છે. શેરડીના રસની તુલના અમૃત સાથે કરવામાં આવતી હતી. શેરડીના રસની તુલના 'ધ નેક્ટર ફ્રોમ ગૉડ'તરીકે કરવામાં આવેલી છે. શેરડીનો રસ હવે તો અત્યાધુનિક મશીનો દ્વારા મળતો થયો છે. જેમાં સ્વચ્છતાની સંપૂર્ણ કાળજી લેવાય છે.શેરડીના રસનો ઉપયોગ કરીને વિવિધ વાનગી તેમજ પીણાં બનાવી શકાય છે જેમ કે ખીર, સ્મુધી, મોજિતો, ચણાના લોટનું પીટલું.



## શેરડીના રસનો મોજિતો :

**સામગ્રીઃ ૨ નંગ લીંબુ સ્લાઈસમાં કાપેલાં, અડધો કપ ફુદીનાના પાન, ૧ ગ્લાસ શેરડીનો રસ અથવા શેરડીના રસનું સિરપ, ૪-૫ બરફના ટુકડા, સોડા વોટર.**

**બનાવવાની રીતઃ એક લાંબા ગ્લાસમાં લીંબુની સ્લાઈસ તથા ફુદીનાના પાનને મસળીને ગોઠવવાં. શેરડીનો રસ અથવા તેનું સીરપ નાખીને બરાબર ભેળવી લેવું. ગ્લાસમાં બરફના ટુકડા નાખવા. ઉપરથી સોડા વોટર નાખીને બરાબર ભેળવવું. લીંબુની સ્લાઈસ તથા ફૂદીનાના નાના પાનથી સજાવવું. સ્વાદિષ્ટ હટકે સ્વાદસભર મોજિતોની મજા માણવી.**

# ભારે ગરમીથી બચવા 'હિટ પ્રોફાઈલિંગ' કરવું પડશે





(ગરમી માત્ર આપણા દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તબાહી મચાવી રહી છે. ઘણા દેશો તેનો ઉકેલ લાવવા માટે અનેકવિધ પગલાં લઈ રહ્યા છે અને તેમને આંશિક સફળતા પણ મળવા લાગી છે. આપણા દેશમાં તેનાથી છુટકારો મેળવવા માટે જે વ્યૂહરચના બનાવવી જોઈએ તેના માટે શહેરોની હિટ પ્રોફાઈલિંગ ખૂબ જ જરૂરી છે. આ કામ અઘરું છે, પણ સારી વાત એ છે કે સરકારે તેની શરૂઆત કરી દીધી છે.)

આ વખતે દેશમાં ગરમીનું મોજું અત્યંત જીવલેણ હશે, એક ડઝન રાજ્યોમાં તાપમાન અત્યારથી જ ૪૦ ડિગ્રીથી ઉપર છે, ભવિષ્યમાં તાપમાન પચાસને પાર કરશે અને હિટવેવના દિવસો બમણા થશે. આગામી દસ વર્ષમાં ગરમી આપણા માટે સૌથી મોટો પડકાર બનશે. આ તમામ માહિતી હવામાન વિભાગે આપી છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા ચાર દાયકામાં હિટ વેવને કારણે મૃત્યુની સંખ્યામાં ૬૨ ટકાનો વધારો થયો છે અને જાનહાનિ ઉપરાંત સંપત્તિને નુકસાન પણ દસ ગણું વધ્યું છે. આનું કારણ અત્યંત ગરમ 'અર્બન હિટ આઈલેન્ડ'ની સંખ્યામાં દર વર્ષે થતો વધારો. આ ચિંતાજનક પરિસ્થિતિનો સામનો કરવો અત્યારે મુશ્કેલ લાગે છે પરંતુ જો આપણી પાસે તેના વિરુદ્ધ અસરકારક વ્યૂહરચના હોય તો તે થોડું

સરળ બની જશે. તેથી કોઈ પ્રકારની વ્યૂહરચના ઘડવા માટેનો આધાર અને પૂર્વશરત છે.

શહેરી ગરમી ટાપુઓની રચનાની આગાહી કરવા માટે શહેરો અને તેમના તમામ વિસ્તારોની વ્યાપક 'હિટ પ્રોફાઈલિંગ', જેનાથી અર્બન હિટ આઈલેન્ડની રચનાની આગાહી કરી શકાય, શંકાસ્પદ જોખમથી બચી શકાય.ગયા વર્ષે જૂનમાં દિલ્હીના મુંગેશપુર વિસ્તારમાં ૫૨.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન એ ભારતમાં સૌથી વધુ ગરમીનો આંકડો બન્યો. કેટલાકે આ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કહ્યું કે હવામાન વિભાગની મેજરમેન્ટ સિસ્ટમ અને સાધનોમાં ખામી છે. એટલું જ નહીં તાપમાનનો પારો ૫૦ ને પાર કરી ગયો હોવાની પુષ્ટિ કરવા માટે એક સમિતિને મુંગેશપુર મોકલવામાં આવી હતી. આ વાતની પુષ્ટિ થઈ ગઈ. આમાં કંઈ આશ્ચર્યજનક ન હતું. તે જ સમયે, દિલ્હીના નરેલામાં તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું જ્યારે અન્ય સ્થળોએ ૩૭ થી ૪૫ ડિગ્રી હતું. હવામાન વિભાગે કદાચ આ તરફ અગાઉ બહુ ધ્યાન આપ્યું ન હતું, પરંતુ હવે એ કંઈ અસામાન્ય ઘટના નથી. ૨૦૨૦માં, હિટ મેપિંગ પ્રોજેક્ટ અંતર્ગત હ્યુસ્ટનની હેરિસ કાઉન્ટીમાં સૌથી ગરમ અને સૌથી ઠંડા સ્થળ વચ્ચે ૧૭-ડિગ્રીનો તફાવત હતો. એ જ રીતે ન્યુયોર્કના સાઉથ બ્રોંક્સમાં એક જ દિવસ અને રાતના તાપમાનમાં ત્યાનાં સેન્ટ્રલ પાર્કથી ૨૦થી ૨૨ ડિગ્રીનો ફરક હતો. હવે આવાં ઉદાહરણો ભારતનાં તમામ શહેરોમાં પણ છે. જ્યારે એવું કહેવામાં આવે છે કે આજે કોઈ ચોક્કસ શહેરનું સરેરાશ મહત્તમ સામાન્ય તાપમાન ૩૯ ડિગ્રી છે, તે જ સમયે તે જ શહેરના કેટલાક વિસ્તારનું તાપમાન ૪૮ ડિગ્રી અથવા કેટલાક વિસ્તારમાં ૩૫ ડિગ્રી પણ હોઈ શકે છે. જો ઉનાળા દરમિયાન શહેરોના વિવિધ ભાગોમાં સતત 'હિટ પ્રોફાઈલિંગ' કરવામાં આવે તો તે સ્પષ્ટ થશે કે વિવિધ શહેરોમાં ક્યાં ક્યાં એવી સ્થિતિ જોવા મળે છે કે અન્ય શહેરની તુલનામાં અત્યંત અસામાન્ય તાપમાન દર્શાવે છે, જેને કારણે સંબંધિત વિસ્તાર ક્યારે અને કેટલી વાર 'અર્બન હીટ આઈલેન્ડ' બની જાય છે.

અહીં કોઈ વિસ્તારની હિટ પ્રોફાઈલનો અર્થ એ છે કે વિસ્તારના તાપમાનમાં સમય-સંબંધિત ફેરફારોની પેટર્ન અથવા વર્ણન અને 'અર્બન હિટ આઈલેન્ડ'નો અર્થ છે શહેરોનો તે ચોક્કસ ભાગ જે સામાન્ય રીતે તેની આસપાસના અથવા નજીકના ગ્રામીણ વિસ્તારો કરતાં વધુ ગરમ હોય છે. 'હિટ પ્રોફાઈલિંગ'નો વ્યાપક ડેટા આપણને જણાવશે કે શહેરના ચોક્કસ વિસ્તારમાં 'અર્બન હિટ આઈલેન્ડ' જેવી પરિસ્થિતિઓ કેવી રીતે નિર્માણ થાય છે. તેના ડેટા અભ્યાસના તારણો કહી શકે છે કે કયા પરિબળો વિસ્તારને અર્બન હિટ આઈલેન્ડ બનાવી દે છે. એ પણ કે, આવી પરિસ્થિતિઓ લાંબાગાળાનું શું નુકસાન થાય છે અને વર્તમાન ગ્લોબલ વૉર્મિંગના યુગમાં તેનાથી છુટકારો મેળવવા સંબંધિત વિભાગ અને સરકાર શું કરી રહી છે, શું કરવા જઈ રહી છે અને શું કરવું જોઈએ? અન્ય દેશો, જે ગરમીની સમસ્યા સામે આપણી જેમ ઝઝૂમી રહ્યા છે, અથવા આપણા કરતાં વધુ પરેશાન છે, તેઓ આ સમસ્યાથી છુટકારો મેળવવા શું કરી રહ્યા છે. તેમની પાસેથી શીખી લઈએ કે તેનાથી છુટકારો મેળવવા આપણે કઈ ફૂલપ્રૂફ વ્યૂહરચના અને નવી ટેકનિક અપનાવવી જોઈએ. આ બધા પ્રશ્નોના જવાબ એક છે, હિટ પ્રોફાઈલિંગ. દેખીતી રીતે, આપણે દેશના, શહેરોના વિવિધ વિસ્તારોમાં અને ખૂબ મોટા પાયે હીટ પ્રોફાઈલિંગ કરવું પડશે અને તેના ડેટાના પૃથક્કરણ પછી એ સમજવું પડશે કે કોઈ ચોક્કસ વિસ્તારનું અર્બન હિટ આઈલેન્ડ બનવાના મુખ્ય કારણો કયાં છે. આ સમજયા વિના, વધતી જતી ગરમીથી બચવા માટે કોઈ નક્કર અને દૂરગામી વ્યૂહરચના અશક્ય છે. કારણ કે હિટ પ્રોફાઈલિંગ પછી, તેમાંથી મેળવેલા ડેટાના આધારે, જ્યારે આપણે કોઈ ચોક્કસ વિસ્તારમાં પરિબળો અને કારણોનું વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે આપણે જાણીશું કે શહેરના તે ચોક્કસ વિસ્તારમાં તીવ્ર હિટ વેવ માટે જવાબદાર કારણો શું છે જે જીવન અને સંપત્તિ માટે જોખમ ઊભું કરે છે. કયાં ક્ષેત્રોમાં કયાં કારણો પર ધ્યાન કેન્દ્રિત કરવું, ક્યાં તાત્કાલિક રાહતની વ્યવસ્થા કરવી અને ક્યાં લાંબા ગાળાની વ્યૂહરચનાનો અમલ કરવો. નિઃશંકપણે, આવી કોઈપણ વ્યાપક નક્કર વ્યૂહાત્મક યોજનાને અમલમાં મૂકતા પહેલા, આપણી પાસે તે હોવું જોઈએ અને તેના નિર્માણ માટે આપણી પાસે હિટ પ્રોફાઈલિંગ સંબંધિત પર્યાપ્ત ડેટા અને માહિતી હોવી જરૂરી છે. હાલમાં, સામાન્ય રીતે હવામાન વિભાગનાં માપન સાધનો દ્વારા શહેરનું સરેરાશ તાપમાન નોંધવામાં આવે છે. આના પરથી એ જાણી શકાતું નથી કે કોઈ શહેરના ક્યાં વિસ્તારમાં ગરમીને કારણે જાનમાલનું મોટું નુકસાન થવાનું જોખમ છે અને કયો વિસ્તાર ખતરાથી બહાર છે. આવી સ્થિતિમાં, શહેરોની હિટ પ્રોફાઈલિંગ સરળ નથી કારણ કે ઉનાળામાં તીવ્ર ગરમીથી પ્રભાવિત ન થનારાં રાજ્યો, ગરમીથી પ્રભાવિત થતાં રાજ્યો કરતાં વધારે છે. આ માટે સરકારે માનવ સંસાધન અને સાધનસામગ્રી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મોટા પાયે ખૂબ જ વ્યાપક વ્યવસ્થા ગોઠવવી પડશે.આવી સ્થિતિમાં કાનપુર આઈઆઈટી દ્વારા નવા મોડલનું નિર્માણ એક સારા સમાચાર છે. આ મોડલ દ્વારા કોઈપણ શહેરના અલગ-અલગ સ્થળોએ તાપમાનનો સચોટ ડેટા અને આગાહી ઉપલબ્ધ થશે, એટલું જ નહીં, તે આવી સ્થિતિમાં શું કરવું જોઈએ તે પણ જણાવશે. તાત્કાલિક વ્યવસ્થા જેવી કે, ચેતવણી આપવી, સંબંધિત વિસ્તારમાં પાણી અને વીજળીનો અવિરત પુરવઠો, છાયાની જોગવાઈ, આરોગ્ય સુવિધાઓમાં વધારો, જનજાગૃતિનાં પગલાં અને અન્ય સંબંધિત વ્યવસ્થાઓ, લાંબા ગાળાનાં પગલાં જેવા કે વૃક્ષારોપણ, જળાશયોમાં વધારો, હરિયાળી વિસ્તાર, મકાન બાંધકામની યોગ્ય ટેકનોલોજીનો અમલ, કેટલીક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ વગેરેપપરંતુ સમસ્યા એ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત આ મોડલ હજુ પ્રાયોગિક તબક્કામાં છે. આમાં, એક ખાસ પ્રકારનું સેન્સર વિકસાવવાનું અને તેને માઈક્રો લેવલ પર ઈન્સ્ટોલ કરવાનું બાકી છે. આજે, શહેરોમાં હિટ આઈલેન્ડ કેમ રચાય છે તેની વિગતવાર માહિતીથી દરેક જણ પરિચિત છે.



## સત્સંગ, ભજન, સેવા, સ્મરણ શા માટે કરવું જોઈએ?

દરેક માણસનું મૃત્યુ નિશ્ચિત છે. તો પછી આપણે સત્સંગ, ભજન, સેવા, સત્સંગ શા માટે કરવું જોઈએ? કહેવાય છે કે જે માણસ જલસા કરે છે, મોજ મસ્તી કરે છે તેનું પણ મૃત્યુ નિશ્ચિત છે ને જે ભગવાનને ભજે છે એનું પણ મૃત્યુ નિશ્ચિત છે. તો પછી જો મરવાનું તો બધાને છે તો આપણે મોજ મસ્તી જ કેમ ના કરીએ? બસ, આવો જ એક સવાલ અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યો હતો. ત્યારે ભગવાને અર્જુનને કહ્યું કે,"હે પાર્થ! બિલાડી જ્યારે ઉંદરને પકડે છે ત્યારે તે પોતાના દાંતથી પકડીને એને મારીને ખાઈ જાય છે. પણ જ્યારે એ જ દાંતથી પોતાના બચ્ચાને પકડે છે ત્યારે તેને મારતી નથી પરંતુ, ખૂબ જ તકેદારીપૂર્વક સંભાળીને એક પોતાના બચ્ચાને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. તો જોયું કે દાંત પણ એ ને મોં પણ એ જ ને પરિણામ અલગ અલગ જોવા મળે છે. બસ, એ જ પ્રમાણે મૃત્યુરૂપી દાંત પણ બધાને પકડશે તો ખરી જ પણ કોઈને ભગવાનના ધામમાં પહોંચાડશે અને કોઈને ૮૪ લાખ યોનીના ચક્કર કપાવશે અને અને મારશે.

બસ, એટલે જ કોઈપણ સ્વાર્થ વિના ધર્મના માર્ગ પર ચાલવું જોઈએ. એટલે કે, આપણું મૃત્યુ તો આવશે પણ મોક્ષની ગતિ પ્રાપ્ત થશે.

**અપેક્ષા શાહ "શ્રીજી"**
**અમદાવાદ.**



## બ્રહ્મચર્ય એટલે આચાર ને વિચારમાં સર્વ ઈન્દ્રિયોનો સંયમ

હવે આપણી સમક્ષ પ્રશ્ન્ન એ છે કે ચિત્તની વૃત્તિઓનો નિરોધ સાધવો કેવી રીતે? નિરોધ સાધવા માટેનો સાધનપથ શું છે? તે માટેનો કોઈ માર્ગ યોગ સૂચવે છે? હા, યોગ પાસે તે ધ્યેય સિદ્ધ કરવા માટે વ્યવસ્થિત સાધનમાર્ગ છે. આ સાધનપથ છે – અષ્ટાંગયોગ. રાજયોગ સાધનપથ – અષ્ટાંગયોગઃ યોગને પોતાનું તત્ત્વજ્ઞાન છે; યોગને પોતાનું મનોવિજ્ઞાન છે. આ બધું છતાં યોગ મૂલતઃ સાધનમાર્ગ છે, સાધનપદ્ધતિ છે. તત્ત્વજ્ઞાન, તાત્ત્વિક વિવેચનને અંતે જીવનના હેતુ તરીકે 'કૈવલ્ય' સૂચવે છે. સાધનમાર્ગ કૈવલ્ય સુધી પહોંચવાનો પથ બતાવે છે. હવે આપણે અહીં રાજયોગનો સાધનપથ સમજવા પ્રયત્ન કરીએ છીએ. રાજયોગના સાધનપથને આઠ અંગો છે, તેથી તેને અષ્ટાંગયોગ કહેવામાં આવે છે. પ્રત્યેક સાધનમાર્ગમાં, તે તે સાધનમાર્ગનાં અંગો કે તબક્કાઓ હોય છે. રાજયોગની સાધનપદ્ધતિનાં આ આઠ અંગો છે. રાજયોગરૂપી યોગમૂર્તિનાં આ આઠ અંગો છે. હવે આપણે રાજયોગના આ આઠ અંગોને ક્રમપુરઃસર સમજવાનો પ્રયત્ન કરીએ. ? અહિંસાઃ મન, વાણી કે કર્મથી કોઈ જીવને દુઃખ ન દેવું, તે અહિંસાનું સ્વરૂપ છે. અન્યને દુઃખ દેનાર વ્યક્તિના ચિત્તની શાંતિ જોખમાય છે અને તેનાથી સામાજિક જીવન પણ ક્લુષિત થાય છે. તેથી યોગસાધના કરનાર સાધકે હિંસાથી દૂર રહેવું જોઈએ.

# સદા આનંદમાં રહેવું છે?!

-તો, વાત એમ છે કે આપણામાંથી મોટા ભાગનાને સદા આનંદમાં રહેવાની સાચી કળા જ આવડતી નથી. આજે આપણા માનસપટ પર પશ્ચિમી સંસ્કૃતિનો એટલો બધો પ્રભાવ વધી ગયો છે કે, સદા આનંદમાં રહેવાના સાચા રાજમાર્ગને ભૂલીને માત્ર બહારથી આનંદમાં રહેવાના આડંબરો કરીએ છીએ. આવી જીવનશૈલીના કારણે સમાજમાં બે પ્રકારના મનોવલણ વિશેષ જોવામાં આવે છે.

એક પ્રકારના લોકો એવા છે કે, જે અંદરથી ભય, ઈર્ષ્યા, હરીફાઈ, મૂંઝવણ, ટેન્શન અને ડિપ્રેશનમાં રહી બહારથી હું પરમ સુખી અને આનંદમાં જ છું' તેવા અભિનયમાં જ જીવતા હોય છે. સમાજમાં સારા દેખાવા માટે મોટે ભાગે આપણે ડબલ રોલમાં જ જીવન વિતાવીએ છીએ. આવા ડબલ રોલ જીવનને કારણે આપણા વિચારો અને આપણું વર્તન એકબીજાથી તદ્દન ભિન્ન હોય છે તેથી લાંબા સમય સુધી આવી વિરોધાભાસ અવસ્થામાં જીવતા મગજ ત્રાસી જાય છે. અને તેને કારણે આપણે હંમેશાં સાચા આનંદથી દૂર રહીએ છીએ. વળી, આપણે આવું નાટકીય [illegible] જીવવામાં જ વિવેક અને બુદ્ધિનું સાચું ફળ માનીએ છીએ.

બીજા પ્રકારના લોકો એવા છે કે, જેને પોતાના પ્રભાવમાં જ જીવવાની ટેવ હોય છે. આવા માણસો પણ ખૂબ જ ભયમાં જીવતા હોય છે. એમને સતત બે પ્રકારની ચિંતા રહ્યા કરતી હોય છેઃ (૧) એમની પ્રતિષ્ઠા સમાજમાં ઓછી ન થાય અને (૨) સહચરો-સહયોગીઓ એમનાથી આગળ નીકળી ન જાય. આવા માણસો પોતે બાંધેલી પોતાની ખોટી સામાજિક પ્રતિષ્ઠામાં જ જીવતા હોય છે. તેથી સમાજના અન્ય લોકો એમના પ્રત્યે શું વિચારતા હશે?

આવી ખોટી ચિંતામાં જ સતત જીવતા હોય છે. પોતાની નાની સમસ્યાઓ અંગે પણ નજીકના મિત્રો સાથે નિખાલસપણે ચર્ચા કરી શકતા નથી, તેથી એમની અંદર ચાલતી મૂંઝવણો મગજને ખૂબ જ બોજ આપે છે. આમ, એ એટલી હદ સુધી ભયમાં જીવતા હોય છે કે, અન્ય કોઈ એમનો આ ભય ઓળખાવે, તોપણ તે તેનો સ્વીકાર કરી શકતા નથી.

## તંત્રી લેખ...

મંગળવાર, તા.૧૫ એપ્રિલ ૨૦૨૫

# સંઘીય મૂલ્યો સામે પડકાર

તમિલનાડુ સરકાર દ્વારા બંધારણના અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાના આધાર પર દસ વિધેયકોને રાજ્યપાલની મંજૂરી વિના જ કાયદા રૂપે લાગુ કરી દેવા દેશના બંધારણીય ઈતિહાસમાં આ પ્રકારની પહેલી ઘટના તો છે જ, સાથે જ તે બંધારણીય પદોની ગરિમા, તેની ઉપયોગિતા અને નિષ્પક્ષતા પર ચર્ચાને પણ નવેસરથી શરૂ કરી શકે છે. સર્વોચ્ચ ન્યાયાલયની પીઠે પોતાની અસાધારણ શક્તિઓનો પ્રયોગ કરીને ચુકાદો આપતાં કહ્યું કે બંધારણ રાજ્યપાલને અનિશ્ચિત સમય સુધી વિધેયકને રોકવાની અનુમતિ નથી આપતું. સુપ્રીમ કોર્ટની પીઠે ત્રણ મહિનાની અંદર વિધેયકો પર નિર્ણય લેવા માટે સમય નિર્ધારિત કર્યો છે, પરંતુ ભારત જેવા વિવિધ અને જટિલ રાષ્ટ્રમાં, જ્યાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંતુલન જાળવી રાખવું એક પડકાર છે, તેમાં રાજ્યપાલની ભૂમિકાને માત્ર બંધારણીય જ નહીં, પરંતુ સંઘીય મૂલ્યોના પરિપ્રે-યમાં પણ જોવી જરૂરી છે. રાજ્યપાલ સંઘીય વ્યવસ્થાનું એક અભિન્ન અંગ છે, જે કેન્દ્ર રાજ્ય વચ્ચે સંતુલન બનાવી રાખવાનું કાર્ય કરે છે. રાજ્યપાલ અને તમિલનાડુ સરકાર વચ્ચે ટકરાવને ખતમ કરવા માટે આપવામાં આવેલો આ ચુકાદો ભલે તાત્કાલિક સમાધાન દેખાતો હોય, પરંતુ ભવિષ્યમાં સમાધાનને બદલે તેનાથી જટિલતાઓ વધી શકે છે.

આશ્ચર્ય નહીં કે કેન્દ્ર સરકાર આ ચુકાદા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરી શકે છે. આ ચુકાદાથી રાજ્યપાલોની શક્તિ તો સીમિત થશે જ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે રાજકીય સંઘર્ષ પણ વધુ સઘન બનશે. સંઘીય વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સામંજસ્ય અને સંતુલનથી જ લોકતંત્ર અને દેશનો વિકાસ થઈ શકે છે, પરંતુ આ ચુકાદાથી કેન્દ્રની સત્તાને પડકાર આપનારી વિપક્ષ શાસિત રાજ્ય સરકારો મનમાફક પગલાં ઉઠાવી શકે છે. પશ્ચિમ બંગાળ અને કેરલમાં પણ રાજ્યપાલ સાથે રાજ્ય સરકારોનો કેટલાય મુદ્દાઓ પરટકરાવ ચાલુ છે. તેથી સૌથી મોટી ચિંતાની વાત એ છે કે એનાથી ખોટી પરંપરા શરૂ ન થઈ જાય અને સંઘીય માળખું મજબૂત થવાને બદલે કમજોર ન થવા લાગે. આ ચુકાદા બાદ જો ન્યાયપાલિકાના રાજકીય પ્રભાવ પર પણ નવેસરથી ચર્ચા શરૂ થાય તો નવાઈ નહીં. એ પણ ધ્યાન આપવું જરૂરી છે કે તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ વચ્ચે મતભેદોનો આધાર માત્ર પ્રશાસનિક નહીં, પરંતુ રાજકીય પણ હતો. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ભલે તાત્કાલિક સમાધાન હોય, પરંતુ આ ચુકાદો દીર્ઘકાળમાં સંઘીય માળખાને પ્રભાવિત કરી શકે છે. રાજ્યપાલ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સેતુનું કામ કરે છે, એટલું જ નહીં, તે બંધારણના પ્રહરી પણ છે. તેમની ભૂમિકા લોકતંત્ર અને સંઘવાદની મજબૂતી માટે જરૂરી છે.

# વિરોધ માટે અરાજકતાનો સહારો

બંગાળમાં વક્ફ કાયદાને લઈને હિંસાનો જે નગ્દ્ધ નાચ થઈ રહ્યો છે, તે છદ્મ સાંપ્રદાયિકતા, તુષ્ટીકરણ અને જૂઠ્ઠા દુષ્પ્રચારની ખતરનાક રાજનીતિનું ફળ છે. એ નિષ્કર્ષ પર પહોંચવાના ઠોસ અને પૂરતાં કારણો છે કે નવા વક્ફ કાયદાને લઈને કેટલાક રાજકીય પક્ષો મુસ્લિમ સમાજને જાણીજોઈને સડકો પર ઉતારવા માટે જૂઠ્ઠાણાં ચલાવી રહ્યા છે અને કાવતરાં કરી રહ્યા છે. તેઓ તેમને અરાજકતા આચરવા માટે ઉશ્કેરી પણ રહ્યા છે. અરાજકતા ફેલાવનારા કેટલી હદે બેખોફ છે, તેની પુષ્ટિ એના પરથી થાય છે કે તેઓ

સરકારી-બિનસરકારી વાહનોની તોડફોડ, આગચંપીની સાથે પોલીસ પર પણ હુમલા કરી રહ્યા છે.બંગાળના વિભિન્ન જિલ્લામાં વક્ફ કાયદાના વિરોધના બહાને ફેલાવવામાં આવતી અરાજકતા એટલા માટે પણ અટકવાનું નામ નથી લેતી, કારણ કે ખુદ મુખ્યમંત્રી મમતા બેનર્જી આ કાયદા વિરુદ્ધ ઊભાં થઈને રાજકીય રોટલા શેકવાનું કામ કરી રહ્યાં છે. જ્યારે આ સ્થિતિ નિર્મિત કરવામાં આવે છે તો અરાજક તત્ત્વો તકનો લાભ ઉઠાવે છે. તેઓ વક્ફ કાયદા પર સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોવા માટે પણ તૈયાર નથી. નવા વક્ફ કાયદાથી કોઈપણ અસહમત હોઈ શકે છે, પરંતુ તેના વિરોધના નામે હિંસા અને અરાજકતાનો સહારો લેવો કાયદાના શાસનને સીધો પડકાર ફેંકવા સમાન છે. બંગાળમાં અત્યારે એવું જ થઈ રહ્યું છે.વક્ફ કાયદામાં સંશોધનના વિરોધીઓ ભલે ગમે તે દલીલ કરે, તેનો કોઈ ઈનકાર ન કરી શકે કે વક્ફ બોર્ડ ભ્રષ્ટાચારનો અડ્ડો બનેલા હતા અને તે સરકારી-ખાનગી જમીનો પર મનમાફક રીતે દાવા કરી દેતા હતા. તેમની આ મનમાનીનો શિકાર અનેક મુસ્લિમો પણ બન્યા છે. શું વક્ફ કાયદાના વિરોધી એ જણાવવાની સ્થિતિમાં છે કે વક્ફ બોર્ડોએ અત્યાર સુધી કેટલા ગરીબ મુસલમાનોની સહાયતા કરી? વક્ફ સંપત્તિઓની દેખરેખ મજહબી બાબત નથી અને જો એક ક્ષણ માટે એવું માની પણ લેવામાં આવે તો પણ મજહબના નામે કોઈને મનમાની કરવાની પરવાનગી ન આપી શકાય. વક્ફ બોર્ડ એ જ કરી રહ્યાં હતાં. આ પહેલી વાર નથી, જ્યારે કોઈ કાયદા વિરુદ્ધ સડકો પર ઉતરીને ઉપદ્રવ કરાઈ રહ્યો છે. આના પહેલાં નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ પણ આવું જ કરવામાં આવ્યું હતું. ત્યારે એ જૂઠ્ઠાણું ફેલાવવામાં આવ્યું હતું કે આ કાયદા દ્વારા મુસલમાનોની નાગરિકતા છીનવી લેવામાં આવશે. હવે એવું જૂઠ્ઠાણું ફેલાવવામાં આવી રહ્યું છે કે નવા વક્ફ કાયદા દ્વારા સરકાર મસ્જિદો અને કબ્રસ્તાનો પર કબ્જો કરવા માગે છે. આ હળાહળ જૂઠ્ઠાણું છે અને તેનો ઉપયોગ મુસ્લિમોને ઉશ્કેરવા માટે કરાઈ રહ્યો છે. જો બંગાળમાં વક્ફ કાયદાના વિરોધની ાડમાં ફેલાવવામાં આવતી અરાજકતા પર લગામ ન લાગી તો અન્ય રાજેયમાં પણ આ કાયદાના વિરોધીઓ હિંસાનો સહારો લઈ શકે છે.

### અમેરિકાની તુલનામાં ચીનને પરિભાષિત કરવું ક્યાંય વધારે જટિલ છે.

# અમેરિકા કરતાં વધારે ખતરનાક ચીન

બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકા દુનિયાની સૌથી મોટી આર્થિક અને સૈન્ય શક્તિ બની ગયું. ત્યારથી અમેરિકી ડોલર વૈશ્વિક આરિક્ષત મુદ્રા રૂપે હાવી રહ્યો છે, જેનાથી વોશિંગ્ટનને આખી દુનિયા પર સરસાઇ હાંસલ થઈ. લગભગ ૮૦થી વધારે દેશોમાં ૭૫૦ અમેરિકી સૈન્ય ઠેકાણાં છે. અમેરિકા છેલ્લા સાત દાયકાઓથી બાકી વિશ્વનો એજન્ડા નિર્ધારિત કરતું આવ્યું છે. ૧૯૯૧માં વિઘટન થતાં સુધી સામ્યવાદી સોવિયેત સંઘ જ અમેરિકા સાથે પ્રતિસ્પર્ધામાં હતું. સોવિયેત સંઘ વિખેરાઈ ગયા બાદ હવે 'સામ્યવાદી-અધિનાયકવાદી' ચીન જ 'લોકતાંત્રિક' અમેરિકાના વર્ચસ્વને સીધો પડકાર આપી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચર્ચિત ટેરિફ નીતિને પણ ચીનને બેકફૂટ પર ધકેલવાનો દાવો માનવામાં આવે છે. તેના માટે ટ્રમ્પને કેટલાક લોકો પાગલ પમ ગણાવી રહ્યા છે, પરંતુ ટ્રમ્પના નિર્ણય એક સમજી-વિચારેલી અને દૂરગામી યોજનાનો હિસ્સો છે. બિન-હિસ્પાનિક શ્વેત વર્ગ રૂપે અમેરિકાનો એક મોટો વર્ગ ટ્રમ્પની સંરક્ષણવાદી અને પ્રવાસી-વિરોધી નીતિઓ સાથે ઊભો છે. આ વર્ગ સામે પોતાની ઓળખ અને અસ્તિત્વ બચાવવાનું સંકટ છે. ૧૯૬૦માં અમેરિકામાં આ વર્ગની આબાદી ૮૫ ટકાથી વધારે હતી, જે ૨૦૨૦માં ઘટીને લગભગ ૫૮ ટકા રહી ગઈ. તે અલ્પસંખ્યક થઈ જવાનો ખતરો છે. આ સ્થિતિ અમેરિકાને એક ભયાવહ ગૃહયુદ્ધ તરફ ધકેલી શકે છે, જેને 'મેક અમેરિકા ગ્રેટ અગેન' એટલે કે માગાથી પ્રેરિત નીતિઓથી ટાળવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

તેમાં કોઈ શંકા નહીં કે અમેરિકા દુનિયાને પોતાને અનુસાર ચલાવવાનો પ્રયાસ કરતું રહ્યું છે. તેણે નૈતિકતાની દુહાઈ આપીને ૧૯૫૫માં વિયેતનામ પર હુમલો કર્યો, જે ૨૦ વર્ષ બાદ અંદાજે ૩૦ લાખથી વધારે લોકોનાં મોત અને અમેરિકાના પરાજય સાથે સમાપ્ત થયું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ) સંકટ સમયે પણ તેનું વલણ યોગ્ય ન હતું. અમેરિકાએ સ્વાર્થવશ પાકિસ્તાનના સૈન્ય તાનાશાહો સાથે સારા સંબંધો રાખ્યા. ૧૯૭૯-૮૯ માં અફઘાનિસ્તાનથી સોવિયેત સંઘને ખદેડવા માટે અમેરિકાએ પાકિસ્તાન-સઉદી અરબની મજહબી સહાયતાથી જેહાદી જંગને સહારો આપ્યો અને તાલિબાનને અફઘાનિસ્તાનમાં સ્થાપિત કરાવ્યા. જોકે ૨૦૦૧માં ન્યૂયોર્કમાં થયેલ આતંકી હુમલા બાદ તેણે પોતાની નીતિ બદલી અને અફઘાનિસ્તાનમાં તાલિબાનને નિશાનો બનાવ્યું. જ્યારે નવા નિઝામ સાથે પણ વાત ન બની તો કાલાંતરમાં ફરી તાલિબાન સાથે સમજૂતી કરી લીધી. 'સામુહિક વિનાશના ઘાતક હથિયારો'ને ધ્વસ્ત કરવાના નામે ૨૦૦૩માં ઈરાક પર હુમલો કરવામાં આવ્યો અને હજારો લાશો બિછાવ્યા બાદ તાનાશાહ સદ્દામ હુસેનને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યો. સ્પષ્ટ છે કે અમેરિકાનું બેવડું વલણ સુવિધાવાદી દૃષ્ટિકોણ દેખાય છે.

અમેરિકાની તુલનામાં ચીનને પરિભાષિત કરવું ક્યાંય વધારે જટિલ છે. ત્યાંનું રાજકીય માળખું એકપક્ષીય વામપંથી અધિનાયકવાદ પર આધારિત છે, જ્યારે અર્થતંત્ર ૧૯૭૮થી વિકૃત મૂડીવાદથી ગ્રસ્ત છે. આ વ્યવસ્થામાં લોકતંત્ર, માનવાધિકાર અને અસહમતિને કોઈ અવકાશ નથી. માનવીય શ્રમને મશીન રૂપે પરિવર્તિત કરી દેવામાં આવ્યો છે, જેને કારણે ચીન સસ્તા ઉત્પાદનનું 'વૈશ્વિક કારખાનું' બની ગયું છે. સભ્યતાગત પૂર્વગ્રહને કારણે ચીનના મનસૂબા સામ્રાજ્યવાદી પણ છે. આ ક્રમમાં તે દાયકાઓ પહેલાં તિબેટને ગળી ગયું, તો હવે ભારત સહિત અનેક દેશો સાથે તેનો સીમા વિવાદ ચાલે છે. તે નિર્ધારિત આંતરરાષ્ટ્રીય સમુદ્ર માર્ગો પર એલફેલ દાવા કરતું રહે છે.

સામ્યવાદી ચીન એટલું શક્તિશાળી કેવી રીતે બન્યું? તેનું કારણ પણ અમેરિકા જ છે, જેણે ચીનને પોતાના માટે મોટા બજાર રૂપે જોયું. તેણે ૧૯૯૯માં ચીન સાથે દ્વિપક્ષીય વેપાર સમજૂતી કરી. તેના બે વર્ષ બાદ ચીન વિશ્વ વેપાર સંગઠનમાં સામેલ થઈ ગયું. આ ચીનના આર્થિક ભારનું કેન્દ્ર બિંદુ હતું. વિશ્વ બેંક અનુસાર ૨૦૦૦માં ચીનનો જીડીપી એક ટ્રિલિયન (લાખ કરોડ) ડોલર અને પ્રતિ વ્યક્તિ આવક લગભગ ૯૬૦ ડોલર હતી. ત્યારે અમેરિકી જીડીપી ૧૦ ટ્રિલિયન ડોલર અને અમેરિકાની પ્રતિ વ્યક્તિ આવક ૩૬,૦૦૦ ડોલરથી વધારે હતી. એટલે કે ત્યારે ચીન અમેરિકાના અર્થતંત્રના ૧૦ ટકા બરાબર જ હતું. અઢી દાયકા બાદ ચીન અમેરિકી આર્થિક ક્ષમતાના ૬૫ ટકા થઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ - આઈએમએફ અનુસાર ૨૦૨૫માં ચીની જીડીપી ૧૯.૫ ટ્રિલિયન ડોલર અને પ્રતિ વ્યક્તિ આવક લગભગ ૧૪,૦૦૦ ડોલર છે. જ્યારે અમેરિકી જીડીપી ૩૦ ટ્રિલિયન ડોલર અને પ્રતિવ્યિક્તિ આવક લગભગ ૯૦ હજાર ડોલર છે. ચીનની પ્રગતિનું મખ્ય કારણ તેની અધિનાયકવાદી વ્યવસ્થા અને દુનિયાભરમાં સસ્તા દરે સ્તુઓની મોટા પાયે આયાત કરવી છે. એના જ જોરે ચીનનો વેપારી લાભ એક ટ્રિલિયન ડોલરથી વધારે થઈ ગયો છે. અમેરિકાની વાત કરીએ તો ચીન સાથે તેની વેપાર ખાધ ૨૯૫ અબજ ડોલર છે, જ્યારે ભારત સાથે લગભગ ૧૦૦ અબજ ડોલરની છે. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે ૧૯૮૫માં ભારતની પ્રતિ વ્યક્તિ આવક ચીનને બરાબર લગભગ ૩૦૦ ડોલર હતી.કેટલાક લોકો સવાલ ઉઠાવી શકે છે કે ચીનના આર્થિક-લશ્કરી વિસ્તારથી પરેશાની શું છે. એ ઠીક છે કે અમેરિકા અને ચીન બંને દબંગ દેશો છે, જે વિશ્વને પોતાની શરતો પર હાંકવા માગે છે અને બંને પોતાની સામ્રાજ્યવાદી માનસિકતાને નૈતિકતા-સિદ્ધાંતોનો અંચળો પહેરાવતા રહે છે, પરંતુ બંનેમાં બુનિયાદી અંતર પણ છે. ચીનમાં સામ્યવાદ પ્રેરિત અધિનાયકવાદી વ્યવસ્થા છે. ત્યાં ના તો કોઈ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગને સવાલ કરી શકે છે અને ના કોઈ તેમને કાયદેસર રૂપે હટાવી શકે છે. અમેરિકા એક જીવંત લોકતંત્ર છે અને ત્યાં માનવાધિકારોનું સન્માન છે. ટ્રમ્પને સવાલ કરી શકાય છે અને એવું થઈ પણ રહ્યું છે. તેમના કેટલાક સહયોગી જ તેમની ટેરિફ નીતિ પર સવાલ ઉઠાવી રહ્યા છે. બંધારણીય બાધ્યતાને કારણે ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળ સુધી જ રાષ્ટ્રપતિ રહી શકે છે. તેથી અમેરિકાની તુલનામાં ચીન ભારત સહિત બાકી વિશ્વ માટે ક્યાંય વધુ મોટો ખતરો છે.

### .કુમુદિનીબેને બહુ નાની ઉંમરે નૃત્યની સાધના શરૂ કરી દીધી હતી

# રેખાને 'ઉમરાવજાન' કુમુદિની લાખિયાએ બનાવી હતી

### રેખાએ આખી ફિલ્મમાં આ શેરને તાદૃશ્ય કરી દીધેલો પણ રેખાને આ અદાઓ કુમુદિનીબેને શીખવાડેલી.

કુમુદિની લાખિયાનું ૯૪ વર્ષની ઉંમરે અમદાવાદમાં અવસાન થયું એ સાથે જ એક યુગ પૂરો થઈ ગયો. ગુજરાતીઓને શેરબજારમાં પડે છે એટલો રસ શાસ્ત્રીય નૃત્ય-સંગીતમાં નથી પડતો. મોટા ભાગના ગુજરાતીઓને એ બોરિંગ લાગે છે છતાં ગુજરાતમાં શાસ્ત્રી નૃત્ય-સંગીતની પરંપરાને જીવંત રાખવામાં યોગદાન આપનારા જે કેટલાક ગણ્યાગાંઠ્યા દિગ્ગજ આવ્યા તેમાં કુમુદિનીબેન લાખિયાનું નામ સૌથી પહેલાં લેવું પડે. મૃણાલિની-મલ્લિકા સારાભાઈ, નંદન-મંજુબેન મહેતા વગેરે પણ આ કક્ષાનાં દિગ્ગજ છે કે જેમણે એક ભારતીય પરંપરાને જીવંત રાખવા માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું.

કુમુદિનીબેને કથકની પરંપરાને દેશ-વિદેશમાં લોકપ્રિયતા તો અપાવી જ પણ નવા નવા પ્રયોગો દ્વારા નવી પેઢીને તેમાં રસ લેતી પણ કરી. કુમુદિનીબેન કથકની સાથે-સાથે ભરતનાટ્યમ પણ જાણતાં હતાં, પરંતુ તેમણે પોતાની જાતને કથકને સમર્પિત કરી દીધી. ભારતમાં કથક સહિતનાં નૃત્ય સ્વરૂપ અકલ એટલે કે સોલો ગણાય છે. કુમુદિનીબેને કથકને સામૂહિક નૃત્યનું રૂપ આપીને તેની તરાહ બદલી નાખી. કથક નૃત્ય દ્વારા કહેવાતું વાર્તાકથન એટલે કે સ્ટોરી ટેલિંગ છે. તેમાં પરંપરાગત વિષયોની જ વાર્તા કહેવાતી પણ કુમુદિનીબેને નવા નવા વિષયો ઉમેરીને કથકને નવા જમાનાને અનુરૂપ બનાવીને બહુ મોટું યોગદાન આપ્યું. આપણે ત્યાં કથક નૃત્ય કોઠાવાળી, તવાયફો કરે એવી માન્યતા હતી. કુમુદિનીબેને એ માન્યતાનો ભાંગીને ભુક્કો કરવામાં મોટું યોગદાન આપ્યું અને કથક નૃત્ય પર લાગેલુ આ લેબલ દૂર કર્યું.

નૃત્યક્ષેત્રે અજોડ પ્રદાન આપવા બદલ કુમુદિનીબેનને ભારત સરકારે પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એમ ત્રણેય નાગરિક સન્માનથી સન્માનિત કર્યાં પણ કુમુદિનીબેનનું અસલી સન્માન એ છે કે, કથકનો ઉલ્લેખ નીકળે ત્યારે સૌથી પહેલું જીભે ચડતું નામ કુમુદિનીબેનનું છે. ભારતમાં સિતારાદેવી સહિતની મહાન કથક નૃત્યાંગનાઓની સાથે તેમનું નામ લેવામાં આવે છે.કુમુદિનીબેને બહુ નાની ઉંમરે નૃત્યની સાધના શરૂ કરી દીધી હતી. કુમુદિનીબેન લાખિયા તો સરોદ વાદક રજનીકાન્ત સાથેનાં લગ્નના કારણે બન્યાં પણ એ મૂળ પારસી પરિવારમાં જન્મેલાં. તેમના પિતા પેસ્તનજી ફ્રામજી એન્જિનિયર ને માતા પેરીન ગૃહિણી હતાં. તેમનાં માતાએ નૃત્ય શીખવા માટે પ્રોત્સાહન આપ્યું તેથી એ નાની ઉંમરથી નૃત્ય શીખવા લાગેલાં. પિતા એન્જિનિયર હોવાના કારણે નોકરીઓ બદલાતી રહી તેથી લખનઊ, લાહોર વગેરે સ્થળે રહ્યાં. કુમદિનીબેન ૧૬ વર્ષનાં હતાં ત્યારે તેઓ એ સમયના કથકના મોટા નૃત્યકાર રામ ગોપાલની નૃત્યમંડળીમાં જોડાયાં અને લંડન ગયાં.

કથકમાં રામ ગોપાલને ત્યાં નૃત્યમાં પ્રયોગો થતા જોયા પછી તેમને પણ લાગ્યું કે, કથકને બિબાઢાંળ બનાવવાના બદલે પ્રયોગો જરૂરી છે. લંડનથી ભારત પાછાં આવ્યાં અને લગ્ન થયાં પછી કુમુદિનીબેન દિલ્હીમાં શંભુ મહારાજ પાસે શીખવા ગયાં. બિરજુ મહારાજના કાકા શંભુ મહારાજ કથકના મહાન કલાકાર હતા. દિલ્હીમાં ભારતીય કલા કેન્દ્રમાં ગુરુ શંભુ મહારાજ પાસે દિલ્હીમાં ચાર વર્ષ કથકની તાલીમ લીધી પછી મુંબઈ પાછાં આવીને તેમણે કથકમાં પ્રયોગો શરૂ કર્યા ને તેને જોરદાર સફળતા મળી.કુમદિનીબેન ૧૯૬૦માં અમદાવાદ આવ્યાં એ પહેલાં મૃણાલિનીબેને ભરતનાટ્યમ અને કથકલી શીખવવા દર્પણ શરૂ કરેલી પણ કથક તરફ લોકોને સૂગ હતી. કુમુદિનીબેને એ સૂગ દૂર કરવાનું કામ કર્યું અને કદમ્બની સ્થાપના પછી તો તેમણે ગુજરાતમાં કથકને લોકપ્રિય બનાવવાનું અભિયાન જ છેડી દીધું જે આજેય ચાલુ છે. ગુજરાતમાં શાસ્ત્રીય ગાયક પંડિત અતુલ દેસાઈની સાથે મળીને તેમણે અદભુત રચનાઓ આપી છે. ગુજરાતમાં પહેલાં માત્ર ધનિક પરિવારોની દીકરીઓ જ નૃત્ય શીખતી હતી. કુમુદિનીબેને મધ્યમ વર્ગની દીકરીઓને પણ કથક શીખતી કરી એ તેમની મોટી સિદ્ધિ છે. કુમુદિનીબેને કરેલી પહેલના કારણે કથક વિશેની માન્યતાઓ બદલાઈ અને હજારો બહેન-દીકરીઓને જીવનને ઉત્સાહથી જીવવાનું કારણ મળ્યું તેની તોલે કશું ના આવે.કુમુદિનીબેને ગણતરીની હિન્દી ફિલ્મો માટે પણ કોરિયોગ્રાફી કરી છે. મુઝફ્ફર અલીની 'ઉમરાવજાન' તેમાં સૌથી યાદગાર છે. કુમદિનીબેન કેટલાં મોટાં નૃત્યકાર હતાં તેની નાની ઝલક અભિનેત્રી રેખાના કારણે વધારે જાણીતી ફિલ્મ 'ઉમરાવજાન'માં જોવા મળે છે. ખય્યામના યાદગાર સંગીતથી મઢી 'ઉમરાવજાન'માં રેખાએ નૃત્યોમાં આંખોથી જે અદાઓ બતાવી છે તેનો યશ કુમુદિનીબેનને જાય છે.શહરીયારે 'ઉમરાવજાન' આફરીન થઈ જવાય એવી ગઝલો અને નઝમો લખી. તેમાં એક શેર છે, 'ઈક સિર્ફ હમી મય કો આંખો સે પિલાતે હૈં, કહને કો તો દુનિયા મેં મયખાને હજારોં હૈં'. રેખાએ આખી ફિલ્મમાં આ શેરને તાદૃશ્ય કરી દીધેલો પણ રેખાને આ અદાઓ કુમુદિનીબેને શીખવાડેલી. કથકની બારીકાઈને કુમુદિનીબેને કઈ હદે આત્મસાત કરેલી તેનું 'ઉમરાવજાન' શ્રેષ્ઠ ઉદાહરણ છે. મુઝફ્ફર અલીએ પોતે સ્વીકાર્યું છે કે, કુમુદિનીબેન ના હોત તો રેખા 'ઉમરાવજાન' ના બની શકી હોત.વરસો પછી જે.પી. દત્તાએ 'ઉમરાવજાન' બનાવી ત્યારે રેખાના સ્થાને ઐશ્વર્યા રાયને 'ઉમરાવજાન' બનાવી હતી અ કોરિયોગ્રાફી કુમુદિનીબેનની શિષ્યા વૈભવી મર્ચન્ટને સોંપી હતી. વૈભવી પણ કમાલની કોરિયોગ્રાફર છે ને ઐશ્વર્યા તો ટાઈમલેસ બ્યુટી છે પણ 'ઉમરાવજાન'ના કુમુદિનીબેન-રેખા જેવો જાદુ ના વૈભવી પેદા કરી શકી કે ના ઐશ્વર્યા રાય. કુમુદિનીબેનની કથક કલાની શ્રેષ્ઠતાનો આ પરચો હતો.કુમુદિનીબેને ૧૯૮૫ની જયા પ્રદા અને ગિરીશ કર્નાડની સુર સંગમ ફિલ્મની કોરિયોગ્રાફી પણ કરેલી. શાસ્ત્રીય નૃત્ય પર આધારિત સુર સંગમના નિર્દેશક દક્ષિણના દિગ્ગજ ડિરેક્ટર કે. વિશ્વનાથ હતા કે જેમણે હિંદીમાં સરગમ, કામચોર, જાગ ઉઠા ઈન્સાન વગેરે ફિલ્મો બનાવી. સુર સંગમ મુઝફ્ફર અલીની 'ઉમરાવજાન' જેવી સુપરહીટ નહોતી પણ કોરિયોગ્રાફીની રીતે આ ફિલ્મ માસ્ટરપીસ છે. મુઝફ્ફર અલીએ ૨૦૧૫માં અવધની તવાયફની લવ સ્ટોરી પરથી જાનિસાર ફિલ્મ બનાવી ત્યારે તેમણે ફિલ્મની કોરિયોગ્રાફી કુમુદિનીબેનને સોંપેલી પણ જાનિસાર 'ઉમરાવજાન' ના બની શકી તેથી ફિલ્મની કોઈ નોંધ ના લેવાઈ પણ કુમુદિનીબેને અદભુત કોરિયોગ્રાફી કરેલી. પાકિસ્તાનમાં જન્મેલી પરનિયા કુરેશી આ ફિલ્મની હીરોઈન હતી કે જેની કોઈ બીજી ફિલ્મ આવી નહીં. પરનિયા પરણીને અમેરિકા જતી રહી છે ને અમેરિકન નાગરિક બની ગઈ છે. પરનિયા ટ્રેઈન્ડ ડાન્સર હતી ને તેની પાસે કુમુદિનીબેને અદભુત કામ લીધેલું.જો કે કુમુદિનીબેનનું મુખ્ય યોગદાન તો કથકની પરંપરાને જીવંત રાખીને લોકપ્રિય બનાવવાનું છે. ગુજરાતમાં ને ખાસ તો અમદાવાદમાં છોકરીઓને કથકમાં રસ લેતી કરી. કુમુદિનીબેન પાસેથી શીખેલી સેંકડો શિષ્યાઓ આજે એ પરંપરાને આગળ ધપાવી રહી છે અને ભારતીય નૃત્યનાં નવ સ્વરૂપોમાંથી એક એવા કથકને જીવંત રાખવામાં યોગદાન આપી રહી છે એ કુમુદિનીબેનની મોટી સિદ્ધિ છે.

### કેટલાય લોકો ભારત પાછા આવતાં ખચકાય છે, કારણ કે અહીં શહેરી માળખું કમજોર છે.

# ભારતના ભવિષ્યમાં રોકાણ કરવાનો સમય

### એવું નથી કે ભારતમાં અનુકૂળ આર્થિક અવસર નથી. દેશમાં પહેલાંની તુલનામાં ક્યાંય વધુ આકર્ષક તકો બની છે.

છેલ્લા કેટલાક દાયકામાં ભારતના શ્રેષ્ઠ પ્રતિભાશાળી લોકોએ સારી તકોની શોધમાં વિદેશ જવાને પ્રાથમિકતા આપી છે. વિશેષ રૂપે અમેરિકા આ પ્રતિભાઓની પ્રાથમિકતા હોય છે. જોકે અમેરિકામાં વિદેશીઓની આવક પર અંકુશના ઉપાય શરૂ થઈ ગયા છે, તેથી ભારતે આ લોકો માટે દેશમાં જ યોગ્ય અવસર તૈયાર કરીને આ વલણને પલટવાનો અનોખી તક છે. અમેરિકામાં એ૧બી વિઝા અને ગ્રીનકાર્ડનો રસ્તો કઠિન કરવાની તૈયારી થઈ રહી છે તો વિદેશમાં વસેલા ભારતીયો પણ સ્વદેશ પાછા ફરવાની સંભાવના શોધી રહ્યા છે, જો તેમને અહીં અનુકૂળ આર્થિક અવસરોની સાથે જ એક સારી રહેણીકરણી મળી શકે.

એવું નથી કે ભારતમાં અનુકૂળ આર્થિક અવસર નથી. દેશમાં પહેલાંની તુલનામાં ક્યાંય વધુ આકર્ષક તકો બની છે. ડોલરની દૃષ્ટિએ ભારતના જીડીપીમાં વાર્ષિક ૧૨ ટકાના દરે વૃદ્ધિ કરવાની સંભાવનાઓ છે. કોઈ અર્થવ્યવસ્થામાં વ્યાવસાયિકોનું વેતન સરેરાશ જીડીપી વિકાસ દરની તુલનામાં ૨૫ ટકાના દરે વધે છે. તેનો અર્થ છે કે જીડીપી ૧૨ ટકા વધશે તો વ્યાવસાયિકોનું વેતન ૧૪ ટકા વાર્ષિકના દરે વધશે. આ ૧૪ ટકા વધારાની દૃષ્ટિએ જોઈએ તો દર પાંચ વર્ષમાં વેતન બેગણું થઈ જશે. સરેરાશ ૪૦ વર્ષની કારકિર્દીમાં આવો વધારો લગભગ આઠ વખત માનીને ચાલીએ તો ભારતમાં પોતાની કરિયર શરૂ કરનારા વ્યાવસાયિકોનો પગાર ડોલરના સંદર્ભે લગભગ ૨૫૦ ગણો થઈ જશે. તેનાથી વિપરીત અમેરિકાની સ્થિતિ જોઈએ તો ત્યાં જીડીપી વિકાસ દસ (૫ ટકા) ઓછો હોવાથી વ્યાવસાયિકોનું વેતન લગભગ ૬.૨૫ ટકાના દરે વધશે. ત્યાં ૬.૨૫ ટકાની ઝડપથી વેતનમાં દર ૧૨ વર્ષે જ તે બેગણું થઈ શકશે. એટલે કે ૪૦ વર્ષની કારકિર્દીમાં લગભગ ત્રણ વાર જ પગાર બેગણો થશે અને આખી કાકિર્દીમાં માત્ર ૧૦ ગણો વધારો મળી શકશે. આ રીતે જોઈએ તો જો ભારતમાં શરૂઆતી પગાર ડોલરની દૃષ્ટિએ અમેરિકા કરતાં ચોતા ભાગનો હોય તો પણ આખી કારકિર્દીમાં ભારતમાં કમાનારા વ્યાવસાયિક ડોલરના હિસાબે અમેરિકા કરતાં ક્યાંય વધારે કમાણી કરવામાં સક્ષમ હશે. તે ઉપરાંત ભારતમાં પોતાનું કામ અને બાળકોની સારસંભાળ પર વધારે ધ્યાન આપી શકાય છે, કારણ કે ઘરેલુ કાર્યો માટે મદદ અપેક્ષાકૃત આસાન હોય છે. અમેરિકા જેવા દેશોમાં એવી સુવિધા બહુ મુશ્કેલ હોવાની સાથે જ અત્યંત મોંઘી પણ છે. નિઃસંદેહ આ પરિસ્થિતિઓ ભારતને લઈને એક સંભાવનાશીલ પરિદૃશ્યનું નિર્માણ કરે છે, પરંતુ તેનો લાભ ઉઠાવવા માટે ભારતે શહેરોમાં જીવનશૈલી બહેતર બનાવવી પડશે.

કેટલાય લોકો ભારત પાછા આવતાં ખચકાય છે, કારણ કે અહીં શહેરી માળખું કમજોર છે. મુસાફરીમાં વધારે સમય લાગે છે. પ્રદૂષણ બહુ જ વધારે છે. એવામાં સરકારોએ શહેરોને રહેવાની દૃષ્ટિએ અનુકૂળ બનાવવાં જોઈએ, જેથી વધુને વધુ ભારતીય પ્રતિભાઓની સ્વદેશ વાપસી થઈ શકે. ખાસ કરીને શહેરોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં લાગનારો સમય બહુ દુઃખદાયી થઈ જાય છે. મુંબઈ, બેંગલુરુ અને દિલ્હી જેવા શહેરોમાં કિફાયતી હેલિકોપ્ટર સેવાઓ શરૂ કરવા પર વિચાર કરી શકાય છે, જે મુખ્ય વ્યાવસાયિક કેન્દ્રોને જોડી શકે. પર્વતીય સ્થળો, વિશેષ કરીને તીર્થસ્થળો પર રોપવે જેવી વ્યવસ્થા પણ શહેરોના ભીડભાડવાળા વિસ્તારોમાં ઉપયોગી થઈ શકે છે. કિફાયતી હોવાની સાથે જ તેમાં જગ્યાની પણ જરૂર ઓછી પડે છે. તે ઉપરાંત, ટ્રાફિકનો બોજ ઓછો કરવા માટે ઓફિસોના સમયને પણ લચીલો બનાવી શકાય છે. કંપનીઓ ત્રણ શિફ્ટની પહેલ કરી શકે છે. એક સવારે ૬ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી, બીજી ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી અને બપોરે ૨ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી. તેનાથી ટ્રાફિકનું દબાણ સમયે-સમયે વહેંચાઈ જશે અને આવાજાહી સુગમ થશે.

વાયુ પ્રદૂષણ પણ પ્રોફેશનલ્સની સ્વદેશ વાપસીમાં મોટો અવરોધ છે. દિલ્હી અને બંગલુરુ વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં સામેલ છે. પ્રદૂષણની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય અને ઉત્પાદકતા પર પડે છે. પ્રદૂષણનો સામનો કરવા માટે સરકારોએ બેજિંગ જેવા શહેરોના અનુભવોથી શીખ લેતાં કડક પગલાં ઉઠાવવાં પડશે. ખાનગી ક્ષેત્ર પણ પ્રદૂષણ ઘટાડનારી ટેકનિકોમાં રોકાણ કરે. જેમ ઈલેક્ટ્રીક પબ્લિક ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગોમાં એમિશન કંટ્રોલ સિસ્ટમ અને એડવાન્સ એર પ્યૂરીફાયર ટેક્નોલોજી. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ દ્વારા સ્વચ્છ શહેરોની સંકલ્પનાને સાકાર કરી શકાય છે. આ જ રીતે સૌર અને પવન ઊર્જા જેવા અક્ષય ઊર્જા સ્રોતોને અપનાવવાથી પ્રદૂષણ ફેલાવનારા ઈંધણો પર નિર્ભરતા ઓછી થશે. એવામાં હરિત ઊર્જાને અપનાવવા પર ભાર મૂકવો પડશે. તેના પ્રોત્સાહન માટે સબસિડી આપી શકાય છે. શહેરોમાં મોટા પાયે ઝાડ ઉછેરવાં, ઊંચી ઈમારતો પર વર્ટિકલ ગાર્ડન અને ગ્રીન કોરિડોર બનાવવી પણ પ્રદૂષણ ઘટાડવા અને પર્યાવરણને બહેતર બનાવવામાં મદદગાર સાબિત થશે. જાહેર પરિવહનને ઉન્નત બનાવવા અને સીવેજ અને કચરા પ્રબંધનમાં આધુનિક રીતભાત અપનાવવી પણ સમયની જરૂરિયાત થઈ ગઈ છે. વધતી શહેરી આબાદી માટે કિફાયતી આવાસ સુવિધાઓનો વિકાસ પણ એટલો જ જરૂરી છે.

વર્તમાન પરિસ્થિતિઓમાં ભારત પાસે બ્રેન ડ્રેન એટલે કે પ્રતિભા પલાયનના વલણને પલટવાનો સુવર્ણ અવસર છે. વિદેશમાં રહેતા ઘણા સ્કિલ્ડ પ્રોફેશનલ વિભિન્ન કારમોસર સ્વદેશ વાપસીના વિકલ્પ પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. જોકે તેને સંભવ બનાવવા માટે માત્ર આર્થિક અવસર જ નહીં, બલ્કે જીવન સ્તરના પાસાં પણ નિર્ણાયક હશે. જો સરકારો શહેરોમાં સફરનો સમય ઘટાડવા, પ્રદૂષણ સામે લડવા અને શહેરી માળખું બહેતર બનાવવાના પ્રયાસ કરે તો ભારતનાં મોટાં શહેરો વૈશ્વિક પ્રતિભાઓને આકર્ષવાનાં કેન્દ્ર બની શકે છે. આ માત્ર શહેરોમાં રોકાણ નહીં, બલ્કે ભારતના ભવિષ્યમાં રોકાણ હશે.

# ફરી કેન્સરની જાહેરાત પછી તાહિરા કશ્યપ પર પ્રેમ અને પ્રાર્થનાનો વરસાદ

## તાહિરાએ સોશિયલ મીડિયા પર ફરી બ્રેસ્ટ કેન્સર થવા અંગે જાહેરાત કરી હતી

આયુષ્યમાન કષ્યપની પત્ની તાહિરા કશ્યપ બ્રેસ્ટ કેન્સરની પોતાની સફર અને લડત અંગે કેન્સરના દર્દીઓને નવી આશા આપવાનું કામ કરે છે અને તેમને આ કેન્સર સામેની લડત માટે પ્રેરણા પણ આપે છે. તેણે કેન્સરને માત આપ્યા બાદ ફરી પોતાની જાત પર કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે ફિલ્મ ડિરેક્શનમાં ડેબ્યુ પણ કર્યું હતું. પરંતુ આ લડતના સાત વર્ષ પછી ફરી તાહિરા બ્રેસ્ટ કેન્સરનો ભોગ બની છે. બુધવારે તાહિરાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેને પ્રેમ અને હુંફ આપનારા તેમજ તેનાં માટે પ્રાર્થના કરનારાં લોકોનો આભાર પણ માન્યો હતો.

તાહિરા કશ્યપે બે દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે તેનાં બ્રેસ્ટ કેન્સરનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. જેના પર અનેક લોકોએ કમેન્ટ્સ દ્વારા લાગણી વ્યક્ત કરી હતી. તેણે આભાર વ્યક્ત કરતી પોસ્ટમાં સૂર્યમુખીના ફુલ સાથે એક ક્યુટ સેલ્ફી શેર કરી હતી અને સૂર્ય પ્રકાશમાં તસવીર ક્લિક કરી હતી. તેની કેપ્શનમાં તાહિરાએ



લખ્યું, “તમારા પ્રેમ અને પ્રાર્થનાઓથી તરબોળ થઈ ગઈ છું. આ બધું જાદુઈ છે. તમારો આભાર, આભાર, આભાર. ઘેર પાછી આવી ગઈ છું અને સાજી થઈ રહી છું. મને ખબર છે કે તમારામાંથી ઘણાં લોકો મારા માટે પ્રાર્થના કરતા હશે અને તેમાંથી ઘણાં એવા હશે જેમને હું ઓળખતી પણ નથી. તેમ છતાં તમારા બધાંનાં આશીર્વાદ અને શુભેચ્છાઓ મને મળી છે. એ જ રીતે તમારામાંના કેટલાંક મને ઓળખે છે અને કેટલાંક નહીં, પણ હું બધાનો આભાર માનવા માગું છું.”

અંતે તાહિરાએ લખ્યું હતું, “અને જ્યારે આવો નાતો બની ગયો હોય, જે ખરા સંબંધો પરથી ઉપર હોય, તેને જ માનવતા કહેવાય, જે કોઈ પણ આધ્યાત્મિકતાનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ છે.”

તાહિરાની આ પોસ્ટ પર રાજકુમાર રાવ, મંદીરા બેદી, મહિમા ચૌધરી, બૂમિ પેડનેકર, દિવ્યા દત્તા, શમા સિકદર, ટ્વિંકલ ખન્ના, હિના ખાન, ગુનીત મોંગા, અપારશક્તિ ખુરાના, મૃણાલ ઠાકુર સહિત અનેક સેલિબ્રિટીઝે તેને શુભેચ્છાઓ આપી હતી.



## જાન્હવી કપૂર અને ઇશાન ખટ્ટરની નીરજ ઘેવાને ડિરેક્ટ કરેલી ફિલ્મ કાન્સ ૨૦૨૫માં સિલેક્ટ થઇ

### પ્રતિષ્ઠિત અન સર્ટન રિગાર્ડ કેટેગરી માટે હોમબાઉન્ડ ફિલ્મની પસંદગી થઈ

ફિલ્મ મેકર નીરજ ઘેવાનની ફિલ્મ ‘હોમબાઉન્ડ’ની ૨૦૨૫ના વર્ષના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રતિશ્ઠિત અન સર્ટન રિગાર્ડ સેક્શન કેટેગરીમાં પસંદગી થઈ છે. ઘેવાનની આ બીજી ફિલ્મ છે, આ પહેલાં તેમણે ‘મસાણ’ જેવી અતિ પ્રસંશા પામેલી ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ પણ કેન્સમાં આ જ કેટેગરીમાં પ્રીમિયર થઈ હતી.

કરણ જોહરે વરુણ ગ્રોવર અને સોમેશ મિશ્રા સાથે મળીને આ ફિલ્મ ધર્મા પ્રોડક્સન્સ અંતર્ગત પ્રોડ્યુસ કરી છે અને આ ફિલ્મમાં ઇશાન ખટ્ટર તેમજ વિશાલ જેઠવા લીડ રોલમાં છે, તેમજ જહાન્વી કપૂરે તેમાં કેમિયો કર્યો છે. ધર્મા પ્રોડક્શન્સ દ્વારા આ અંગે સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરીને ફિલ્મની ટીમને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ પોસ્ટમાં લખાયું હતું, “એવી ક્ષણ જ્યારે ભારતીય સિનેમાએ દુનિયા મુઠ્ઠીમાં કરી લીધી છે. અમે એ જાહેર કરતાં ગૌરવ અનુભવીએ છીએ કે હોમબાઉન્ડ ફિલ્મે ૭૮મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ સુધી અન સર્ટન કેટેગરીમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. અમારું હૃદય ખુશીથી ભરેલું છે અને અમે તમને આ ફિલ્મ મોટા પડદે બતાવવા આતુર છીએ.”

ઈશાને ‘પર્ફેક્ટ કપલ’માં કામ કર્યા પછી આંતરરાષ્ટ્રિય સ્તરે કેની કેરિઅરમાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. આ વખતે ઈશાન પહેલી વખત કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેશે. કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવી અને ગ્લોબલ સ્ટોરીનું સુંદર મિશ્રણ છે. જેમાં સ્કાર્લેટ જહોન્સનની ડિરેક્ટોરીયલ ડેબ્યુ ફિલ્મ એલેનોર ધ ગ્રેટ, ડિઆગો સ્પેડ્ઝની ધ મિસ્ટેરીયસ ગેઝ ઓફ ફ્લેમિંગો એકિનોલા ડેવીઝ જુનિયરની માય ફાધર્સ શેડો અને હેરિસ ડિકિન્સનની અર્ચિન જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.



## રેમો ડિસોઝા ડાન્સ ડ્રામા ‘ABCD 3’ ઉપરાંત પહેલી વખત રોમેન્ટિક ફિલ્મ પણ બનાવશે

### અજય દેવગને સોશિયલ મીડિયા પર શૂટિંગ પૂરું થયાની જાહેરાત કરી


જેમ નવા સ્ટાર કિડ્ઝને ફિલ્મમાં લાવવા માટે કરણ જોહર જાણીતો છે, એ જ રીતે નવા ડાન્સર્સને ફિલ્મમાં લાવવા માટે કોરિયોગ્રાફર અને ફિલ્મ ડિરેક્ટર રેમો ડિસોઝા હવે તેની ડાન્સ ડ્રામા ફિલ્મની સિરીઝનો ત્રીજો ભાગ બનાવવા જઈ રહ્યા છે. પણ હવે તે એક નહીં પણ બે ફિલ્મ બનાવવાનું આયોજન કરી રહ્યા છે. ઇન્ડિયન સિનેમામાં સ્ટ્રીટ ડાન્સનો વિષય આપનાર રેમો ડિસોઝા એબીસીડીનાં

ત્રીજાં ભાગ ઉપરાંત એક રોમેન્ટિક ફિલ્મ પણ બનાવવાનું આયોજન કરી રહ્યા છે. તેમણે સૌ પહેલાં ૨૦૧૩માં એબીસીડી બનાવી હતી. પછી ૨૦૧૫માં એબીસીડી ૨ આવી હતી. હવે રેમો ફરી એક વખત એબીસીડીની સિક્વલ બનાવે છે, ત્યારે આ વખતે બિલકુલ નવી સ્ટોરી સાથે ઇલેક્ટ્રિફાઇંગ ડાન્સ પણ જોવા મળશે. આ અંગેના અહેવાલો અનુસાર હજુ તો આ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે પરંતુ આ ફિલ્મમાં પણ અગાઉની ફિલ્મો જેવો જુસ્સો અને જોશીલા ડાન્સ પર્ફોર્મન્સ તો હશે જ. આ ફિલ્મ એવી હશે, જેમાં જૂની બંને ફિલ્મોની અસર હશે, તેમાં ડાન્સ, ઇમોશન્સ અને ટેલેન્ટનું મિશ્રણ જોવા મળશે.

સાથે હવે રેમો રોમેન્ટિક જોનરમાં પણ ઝંપલાવવા માગે છે. આ પહેલાં તેણે આ જોનરમાં કોઈ ફિલ્મ બનાવી નથી. જોકે, આ અંગે તેણે કે તેની ટીમ તરફથી કોઈએ કોઈ પ્રકારની વાત કે માહિતી જાહેર કરી નથી. જોકે, આ ફિલ્મ સાથે સંકળાયેલાં સૂત્રો ફિલ્મને એક લાગણીસભર વિષય, મજબૂત પાત્રો અને સંગીત પણ સૂરીલું હશે.

અહેવાલો મુજબ, “આ ફિલ્મ લાગણીસભર હશે, સંગીત સૂરીલું હશે અને થોડો ડાન્સ પણ હશે- પણ ઘણી અલગ રીતે.”

અગાઉ એક ઇન્ટરવ્યુમાં રેમોએ કહ્યું હતું કે ડાન્સ આધારીત ફિલ્મો એબીસીડી અને એબીસીડી ૨ની સફળતના કારણે લોકોએ તેને એક બીબાંમાં ફીટ કરી દીધો છે. તેણે એક્શન કે સુપર હિરો ફિલ્મ કરી હોવા છતાં લોકો તેને ડાન્સની ફિલ્મ માટે જ ઓળખે છે. તેના માટે આ બીબાંને તોડવું મુશ્કેલ છે. છેલ્લે રેમોએ અભિષેક બચ્ચન સાથે બી હેપ્પી ફિલ્મ બનાવી છે, જે ઓટીટી પર ઉપલબ્ધ છે.



## ફિટનેસ સાબિત કરવા ૫૯ વર્ષનો સલમાન સેતુરના ઝાડ પર ચડ્યો

તાજેતરમાં રિલીઝ થયેલી ‘સિકંદર’માં સલમાનની ફિટનેસ બાબતે ટ્રોલર્સે ખૂબ ટીકા કરી હતી. આ એક્શન ફિલ્મના એક્શન કરતી વખતે સલમાનની ઉંમરની અસર દેખાતી હોવાની કોમેન્ટ્સ થઈ હતી. ૫૯ વર્ષના સલમાન ખાને હવે એક્શન ફિલ્મોથી દૂર રહેવું જોઈએ તેવી સલાહ પણ નેટિઝન્સે આપી હતી. સામાન્ય રીતે સલમાન ખાન ટ્રોલર્સને ગંભીરતાથી લેવા ટેવાયેલા નથી, પરંતુ આ વખતની ટીકાઓને ભાઈજાને ગંભીરતાથી લીધી હતી. ટીકાકારોની બોલતી બંધ કરવા સલમાને ફિટનેસ સાબિત કરી હતી. સલમાને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં સેતુરના ઝાડ પર ચડવાનો વીડિયો શેર કર્યો હતો. સલમાને ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરેલા વીડિયોમાં તેને સેતુરના ઝાડ પર ચડીને ડાળીઓ હલાવતા જોઈ શકાય છે. ઝાડ પરથી નીચે પડતા સેતુરને વીણવા માટે બાજુમાં એક માણસ ઊભેલો છે. સેતુર તોડ્યા પછી સલમાન ઝાડ પરથી નીચે ઉતરતો જોવા મળે છે. સલમાને ઝાડ પર ચડતી વખતે બ્લેક શોર્ટ્સ અને વેસ્ટ પહેરેલા હતા. સલમાને કેપ્શનમાં લખ્યું હતું, બેરી ગુડ ફોર યુ. તાજેતરની ફિલ્મ ‘સિકંદર’ના ગીત હમ આપ કે બિના ને આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં રખાયુ હતું. આ વીડિયોને જોયા બાદ સલમાનના ચાહકો ગેલમાં આવી ગયા હતા. સલમાન માટે વધતી ઉંમર માત્ર એક આંકડો હોવાનો દાવો કરી ઘણાં લોકોએ તેની ફિટનેસના વખાણ કર્યા હતા અને આગામી સમયમાં આવી જ એક્શન ફિલ્મો કરવા ઉત્સાહ વધાર્યો હતો. સલમાનની ‘સિકંદર’ ૩૦ માર્ચે ઈદ નિમિત્તે રિલીઝ થઈ હતી. સામાન્ય રીતે ઈદ પર રિલીઝ થતી સલમાનની ફિલ્મો હિટ રહેતી હોય છે, પરંતુ ‘સિકંદર’ માટે રૂ.૧૫૦ કરોડના કલેક્શન સુધી પહોંચવાનું પણ અઘરું બની ગયુ હતું. સલમાનની સાથે આ ફિલ્મમાં પ્રતીક બબ્બર, શરમન જોષી, કાજલ અગ્રવાલ, અંજની ધવન અને સત્યરાજ મહત્ત્વના રોલમાં છે.

## ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’માં શનાયા કપૂરના ડબલ રોલ

સંજય કપૂર અને મહિપ કપૂરની દીકરી શનાયા કપૂર ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ના કારણે ચર્ચામાં છે. યાદગાર ફિલ્મોની ફ્રેન્ચાઈઝીને આગળ વધારતા કરણ જોહરે આ વખતે નવો અખતરો કર્યો છે. ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’ ફ્રેન્ચાઈઝીની બે ફિલ્મો અગાઉ સફળ થઈ હતી, પરંતુ આ વખતે કરણ જોહરે ફિલ્મના બદલે સિરીઝ બનાવવાનો નિર્ણય લીધો છે. જૂની કાસ્ટને રીપિટ કરવાના બદલે આ સિરીઝમાં શનાયા કપૂરનો લીડ રોલ નક્કી થયો છે.

‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ને ૬ એપિસોડની વેબ સિરીઝ તરીકે બનાવવામાં આવશે. શનાયા કપૂરની સાથે આ ફિલ્મથી ડાયરેક્ટર તરીકે રીમા માયા ડેબ્યુ કરશે. ચર્ચાઓ મુજબ, આ સિરીઝમાં શનાયા કપૂર ડબલ રોલમાં જોવા મળશે. સ્ટુડન્ટ ઓફ ધ યરમાં અગાઉ આલિયા ભટ્ટ, વરુણ ધવન, સિદ્ધાર્થ મલહોત્રા, અનન્યા પાંડે, તારા સુતરિયા કામ કરી ચૂક્યા છે. આ સિરીઝ જિયોહોટસ્ટાર પર થશે. કરણ જોહર અને ટીમે માત્ર ૩૦ દિવસમાં જ આખી સિરીઝનું શૂટિંગ પૂરું કરવાનું વિચાર્યું છે.

‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ સાથે શનાયાને કરિયરમાં પ્રથમ વખત ડબલ રોલ કરવા મળશે. શનાયાની પહેલી ફિલ્મ ‘આંખો કી ગુસ્તાખિયાં’નું શૂટિંગ તાજેતરમાં પૂરું થયું છે. આદર્શ ગૌરવ સાથે શનાયાની થ્રિલર ‘તુ યા મૈં’ પ્રોડક્શન સ્ટેજમાં છે અને તેને વેલેન્ટાઈન્સ ડે ૨૦૨૬ના રોજ રિલીઝ કરવાની છે. આ ઉપરાંત અભય વર્મા સાથેની એક ફિલ્મ પણ સનાયા પાસે છે.

## પ્રિયંકા ચોપરાનું દાયકા પછી શાનદાર કમબેક: રાજમૌલિની ફિલ્મ ઉપરાંત ક્રિશ ૪ પણ નક્કી

પ્રિયંકા ચોપરાની છેલ્લી હિન્દી ફિલ્મ જય ગંગાજલ ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. ૨૦૧૮માં નિક જોનાસ સાથે લગ્ન પછી પ્રિયંકાએ હોલિવૂડમાં પગ જમાવવા કવાયત શરૂ કરી હતી. ૨૦૧૭માં પ્રિયંકાની પહેલી હોલિવૂડ ફિલ્મ બે વોચ હતી. ત્યાર પછી ૧૦થી વધુ વેબ સિરીઝ અને ફિલ્મોમાં પ્રિયંકાને લીડ રોલ મળ્યા હતા. અવાર-નવાર ભારતની મુલાકાતો દરમિયાન પ્રિયંકાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથેના સંબધો જાળવી રાખ્યા હતા, પરંતુ હિન્દી ફિલ્મોથી દૂર રહેવાનું પસંદ કર્યુ હતું. એક દાયકા પછી પ્રિયંકાએ હિન્દી ફિલ્મોમાં શાનદાર કમબેકની તૈયારી કરી લીધી છે. પ્રિયંકાએ રાજામૌલિ-મહેશબાબુની ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું છે ત્યારે રિતિકની બહુચર્ચિત ‘ક્રિશ ૪’માં પણ પ્રિયંકાનો મહત્ત્વનો રોલ નક્કી થયો હોવાના રિપોર્ટ્સ છે.

‘ક્રિશ’ ફ્રેન્ચાઈઝની અગાઉની ત્રણ ફિલ્મોનું ડાયરેક્શન રાકેશ રોશને કર્યું હતું અને આ ત્રણેય ફિલ્મો સુપરહિટ રહી હતી. ‘ક્રિશ ૩’ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી, જેમાં પ્રિયંકાએ પ્રિયાનો રોલ કર્યો હતો. ભારતીય સુપરહીરોની ફ્રેન્ચાઈઝીના પ્રોડક્શન માટે યશરાજ ફિલ્મ્સે રોશન પરિવાર સાથે હાથ મિલાવ્યા છે. રિતિકના ત્રણ રોલ ધરાવતી આ ફિલ્મમાં રેખા અને પ્રીતિ ઝિંટા અગાઉ ફાઈનલ થયા હતા. રિપોર્ટ્સ મુજબ, ‘ક્રિશ ૩’માં રિતિકના લેડી લવનો રોલ કરનારી પ્રિયંકા પણ ચોથી ફિલ્મ માટે નક્કી થઈ છે. આમ, રિતિકના ત્રણ રોલ સાથે






ત્રણ લીડ એક્ટ્રેસ સાથેની સ્ક્રિપ્ટ તૈયાર છે અને ફિલ્મનું પ્રી-પ્રોડક્શન પૂર જોશમાં ચાલી રહ્યું છે. ‘ક્રિશ’ ફ્રેન્ચાઈઝીમાં રિતિક સાથે અગાઉ રેખા, પ્રીતિ ઝિન્ટા અને પ્રિયંકા ચોપરા ઉપરાંત કંગના રણોત કામ કરી ચૂક્યા છે. રિતિક અને કંગનાના સંબંધોને જોતાં કંગનાને ‘ક્રિશ ૪’માં રોલ ઓફર થવાની શક્યતા નહીવત છે. જ્યારે પ્રિયંકા લાંબા સમયથી બોલિવૂડમાં દમદાર પ્રોજેક્ટ સાથે શાનદાર કમબેક કરવા માગતી હતી. ૨૦૧૯માં પ્રિયંકા-ફરહાન અખ્તરે ‘સ્કાય ઈઝ પિન્ક’માં સાથે કામ કર્યુ હતું. આ ફિલ્મની સ્ટોરી ભારતીય હતી, પરંતુ તેને ઈંગ્લિશમાં બનાવાઈ હતી. ૨૦૨૧ના વર્ષમાં ફરહાન અખ્તરે પ્રિયંકા, કેટરિના કૈફ અને આલિયા ભટ્ટના લીડ રોલ સાથે નારી પ્રધાન ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી. ૨૦૨૨ના વર્ષથી ‘જી લે ઝરા’નું શૂટિંગ શરૂ કરવાની ફરહાનની ઈચ્છા હતી. જો કે ત્રણ ટોચની એક્ટ્રેસને એક સાથે સ્ક્રિન પર લાવવામાં ફરહાનને ડેટ્સની સમસ્યા નડી અને આ ફિલ્મ અભેરાઈએ ચડી ગઈ. ફિલ્મને ફ્લોર પર લઈ જવા માટે ત્રણ વર્ષ પ્રયાસ કર્યા પછી ફરહાને રણવીર સિંહ સાથે ‘ડોન ૩’ બનાવવાનું આયોજન કરી લીધું. ફરહાનની ફિલ્મ અભેરાઈએ ચડી ગયા પછી પ્રિયંકાના માતા મધુ ચોપરાએ જણાવ્યું હતું કે, ભારત ખાતે પ્રિયંકાના પ્રોડક્શન હાઉસને બંધ કરી હોલિવૂડમાં ખસેડી લેવામાં આવશે. જેના કારણે પ્રિયંકાએ કાયમ માટે હિન્દી ફિલ્મોથી દૂર રહેવાનું વિચાર્યું હોય તેમ લાગતું હતું. જો કે બોલિવૂડમાં કમબેક કરવાના ઈરાદા સાથે પ્રિયંકાએ સારી ઓફરો મેળવવાના પ્રયાસ ચાલુ રાખ્યા હતા. પરિણામે તેને એટલીના ડાયરેક્શનમાં બે ફિલ્મ ઓફર થઈ હતી. એટલીની એક ફિલ્મમાં અલ્લુ અર્જુનનો લીડ રોલ હતો, જ્યારે બીજી ફિલ્મ સલમાન ખાન સાથે બનાવવાની હતી. પ્રિયંકાએ ક્રીએટિવ ડિફરન્સના કારણે અલ્લુ અર્જુન સાથેની ફિલ્મ નકારી હતી, જ્યારે સલમાન ખાન સાથે કામ કરવા ઉત્સુકતા દર્શાવી હતી. સલમાન સાથેની આ ફિલ્મ બજેટની સમસ્યાના કારણે અટવાઈ હોવાનું કહેવાય છે.

# ધોનીની વિસ્ફોટક બેટિંગ, રોમાંચક મેચમાં ચેન્નાઈએ લખનઉને પાંચ વિકેટે હરાવ્યું

આઈપીએલ-૨૦૨૫ની સિઝનમાં કેપ્ટન એમ.એસ.ધોનીની આગેવાનીમાં રમી રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સનો સિઝનમાં બીજી વખત વિજય થયો છે. આજની મેચમાં ચેન્નાઈએ લખનઉ સુપર જાયન્ટ્સની ટીમને ૫ વિકેટે પરાજય આપ્યો છે. લખનઉએ પ્રથમ બેટિંગ કરીને નિર્ધારીત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૬૬ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં ચેન્નાઈની ટીમે ૧૯.૩ ઓવરમાં ૫ વિકેટે ૧૬૮ રન બનાવી જીત મેળવી છે. સામાન્ય સ્કોર હોવા છતાં મેચ રોમાંચક બની ગઈ હતી અને ચેન્નાઈની ટીમે ભારે સંઘર્ષ કરતી જોવા મળી હતી. સૌથી મહત્ત્વની વાત એ છે કે, લખનઉના ખેલાડી ઋષભ પંતે આ સિઝનમાં પ્રથમવાર દમદાર બેટીગ કરીને અડધી સદી ફટકારી હતી, જોકે તેની મહેનત એડે ગઈ છે.

લખનઉ તરફથી સૌથી વધુ ઋષભ પંતે ૪૯ બોલમાં ચાર ફોર અને ચાર સિક્સ સાથે ૬૩ રન નોંધાવ્યા હતા. જ્યારે મિશેલ માર્શે ૩૩ રન, આયુષ બદોનીએ ૨૨ રન, અબ્દુલ સમદે ૨૦ રન, ઓપનિંગમાં આવેલા એડમ માર્કરામે ૬ રન, નિકોલસ પૂરને ૮ રન, શાર્દુલ ઠાકુરે ૬ રન અને ડેવિડ મિલરે અણનમ ૦ રન નોંધાવ્યા હતા.

ચેન્નાઈ તરફથી સૌથી વધુ રવિન્દ્ર જાડેજા અને મથીશા પથિરાણાએ બે-બે વિકેટ ખેરવી હતી. જ્યારે ખલિલ અહેમદ અને અંશુલ કંબોજે એક-એક વિકેટ ઝડપી હતી. ચેન્નાઈની ટીમનો જેમી ઓવરટ સૌથી વધુ ખર્ચાળ બોલર સાબિત થયો હતો. તેણે એક પણ વિકેટ ઝડપી ન હતી અને બે ઓવરમાં ૨૪ રન આપી બેઠો હતો, જ્યારે પથિરાણા ચાર ઓવરમાં ૪૫ રન આપી બેઠો હતો. ચેન્નાઈ તરફથી રચીન



રવિન્દ્રએ ૩૭ રન, શેખ રશીદે ૨૭ રન, રાહુલ ત્રિપાઠીએ ૯ રન, રવિન્દ્ર જાડેજાએ ૭ રન, વિજય શંકરે ૯ રન, શિવમ દુબેએ ૩૭ બોલમાં ત્રણ ફોર અને બે સિક્સ સાથે અણનમ ૪૩ રન નોંધાવ્યા હતા, જ્યારે એમ.એસ.ધોનીએ દમદાર બેટિંગ કરીને ૧૧ બોલમાં ચાર ફોર અને એક સિક્સ સાથે અણનમ ૨૬ રન નોંધાવ્યા હતા. લખનઉના બોલર રવિ બિશ્નોઈએ બે વિકેટ ઝડપી હતી. જ્યારે દિવ્યેશ રાઠી, અવેશ ખાન અને એડન માર્કરામે એક-એક વિકેટ ખેરવી હતી.


# સ્લો ઓવર રેટ માટે અક્ષર પટેલને ૧૨ લાખની પેનલ્ટી



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રવિવારે રમાયેલી દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચમાં પોતાની ટીમનો પરાજય થયા બાદ કેપ્ટન અક્ષર પટેલને બેવડો માર પડ્યો હતો કેમ કે મેચ બાદ સ્લો ઓવર રેટ માટે કેપ્ટન તરીકે તેની ઉપર ૧૨ લાખ રૂપિયાની પેનલ્ટી પણ લાદવામાં આવી હતી.

રવિવારની મેચ રોમાંચક બની હતી જેમાં મુંબઈ ઈન્ડિયન્સના ૨૦ ઓવરમાં ૨૦૫ રનના સ્કોર સામે રમતાં દિલ્હી કેપિટલ્સ એક સમયે મજબૂત સ્થિતિમાં હતું પરંતુ ઉપરા ઉપરી વિકેટો પડી જવાને કારણે અંતે તે ૧૯મી ઓવર સુધીમાં ૧૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દિલ્હીએ ૧૧થી ૧૯મી ઓવર સુધીમાં તમામ ઓવરમાં વિકેટો ગુમાવી હતી. તેમાં ય જસપ્રિત બુમરાહે ફેંકેલી ૧૯મી ઓવરમાં તેના ત્રણ બેટ્સમેન રનઆઉટ થયા હતા. અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે મેચ બાદ રેફરી પ્રકાશ ભટ્ટે તમામ એલાઉન્સની ગણતરી કર્યા બાદ આઈપીએલની આચારસંહિતાની ૨.૨૨ કલમ હેઠળ ઓવર પૂરી કરવામાં વધારે સમય લેવા બદલ દિલ્હી કેપિટલ્સની ટીમને દોષિત ઠેરવીને તેના કેપ્ટન અક્ષર પટેલ પર આ પેનલ્ટી લાદવાની જાહેરાત કરી હતી.

# PSL કે મજાક! સદી બાદ ઈનામમાં ખેલાડીને મળ્યું હેર ડ્રાયર



પાકિસ્તાન સુપર લીગની ૧૦મી સિઝન ચાલી રહી છે. ત્રીજી મેચમાં, જેમ્સ વિન્સની સદીથી કરાચી કિંગ્સે મુલતાન સુલ્તાન્સ સામે ૪ વિકેટથી જીત મેળવી. તેને ૪૩ બોલમાં ૧૦૧ રનની ઝડપી ઈનિંગ રમી, જેના માટે તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો. આ શાનદાર ઈનિંગ માટે, કરાચી કિંગ્સ દ્વારા તેને ઈનામ તરીકે હેર ડ્રાયર આપવામાં આવ્યું હતું, જે આ લીગના ઘટતા ધોરણને દર્શાવે છે. આ મેચમાં મુલ્તાન સુલ્તાન્સે પ્રથમ બેટિંગ કરતા ૨૩૪ રન બનાવ્યા હતા. જવાબમાં, કરાચી કિંગ્સે ૧૯.૨ ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું અને ૪ વિકેટે જીત મેળવી. આ મેચમાં દર્શકોની સંખ્યાએ લીગને પણ શરમજનક બનાવ્યું, હકીકતમાં લીગમાં ૬ હજારથી વધુ લોકો સુરક્ષામાં રોકાયેલા હતા જ્યારે દર્શકોની કુલ સંખ્યા આનાથી પણ ઓછી હતી. આ મેચ જોવા માટે સ્ટેડિયમમાં ફક્ત ૫ હજાર લોકો આવ્યા હતા. કરાચી કિંગ્સે તેમના સોશિયલ મીડિયા પર જેમ્સને ઈનામ આપતો એક વીડિયો શેર કર્યો છે. શરૂઆતમાં, ફેન્સને વિશ્વાસ જ ન થયો કે શું તેમને ખરેખર ઈનામ તરીકે હેર ડ્રાયર આપવામાં આવી રહ્યું છે. એક યુઝરે લખ્યું છે કે "આગામી મેચમાં ઈનામ તરીકે લંચ બોક્સ આપવાનું સારું રહેશે." બીજા એક યુઝરે લખ્યું છે કે "આમ કરીને તમે PSLનો પ્રચાર કરી રહ્યા છો કે તેનું અપમાન કરી રહ્યા છો?"

# પંજાબ કિંગ્સને લાગ્યો ઝટકો, ઈજાના કારણે લોકી ફર્ગ્યુસન ટુર્નામેન્ટથી બહાર





પંજાબ કિંગ્સ ના ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન ઈજાના કારણે IPL ૨૦૨૫માંથી બહાર થઈ ગયા છે. તેમનું બહાર થવું શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ ટીમ માટે મોટો ફટકો છે, જે આ સિઝનમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે. સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચ દરમિયાન, ફર્ગ્યુસને છઠ્ઠી ઓવરનો બીજો બોલ ફેંક્યા પછી બોલિંગ બંધ કરી દીધી હતી, જ્યાં તે ડાબા પગના હિપ નીચે દુખાવાથી સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. ફિઝિયો સાથે વાત કર્યા પછી, તે મેદાન છોડી ગયો અને ફરી બોલિંગ કરવા પાછો ફર્યો નહી. આ મેચમાં, હૈદરાબાદે IPL ઈતિહાસમાં બીજો સૌથી મોટો સફળ રન ચેઝ કર્યો અને આઠ વિકેટથી જીત મેળવી. પંજાબનો આગામી મુકાબલો ૧૫ એપ્રિલે KKR સામે છે, તે પહેલાં ટીમના બોલિંગ કોચ જેમ્સ હોપ્સે કહ્યું હતું કે, 'ફર્ગ્યુસન અનિશ્ચિત સમય માટે બહાર છે, અને ટુર્નામેન્ટના અંત સુધીમાં તેને પાછો લાવવાની શક્યતા ખૂબ જ ઓછી છે, મને લાગે છે કે તેણે પોતાને ખૂબ જ ઈજા પહોંચાડી છે,'ફર્ગ્યુસન તાજેતરમાં ઈજાઓથી પીડાઈ રહ્યા છે. ઈજાને કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફી પણ રમી શક્યો નહી. ILT૨૦માં રમતી વખતે તેને હેમસ્ટ્રિંગની સમસ્યા થઈ હતી. ફર્ગ્યુસને પંજાબ કિંગ્સ માટે ચાર મેચમાં પાંચ વિકેટ લીધી હતી અને તે મુખ્યત્વે મધ્ય ઓવરોમાં પંજાબ માટે મુખ્ય બોલર રહ્યો છે.

# સારી ઈનિંગ્સ છતાં પરાજયથી નિરાશા થઈ છેઃ કરુણ નાયર



આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રવિવારે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં કરુણ નાયરે એકલા હાથે શાનદાર બેટિંગ કરીને એક સમયે તો મેચ દિલ્હી કેપિટલ્સની તરફેણમાં લાવી દીધી હતી પરંતુ સામે છેડેથી વિકેટો પડી જવાને કારણે અંતે તેની ટીમનો પરાજય થયો હતો જેનાથી કરુણ નાયરે નિરાશા વ્યક્ત કરી હતી.

અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ૨૦૬ રનના ટારગેટ સામે રમતાં દિલ્હી કેપિટલ્સની ટીમ ૧૧મી ઓવરમાં એક વિકેટે ૧૧૯ રનના સ્કોરે મજબૂત સ્થિતિમાં જણાતી હતી પરંતુ ત્યાર બાદ ૧૯મી ઓવર સુધીમાં દરેક ઓવરમાં તેણે કમસે કમ એક વિકેટ ગુમાવી હતી. તેમાં ય ૧૯મી ઓવરમાં તો તેના ત્રણ બેટ્સમેન રનઆઉટ થયા હતા. કરુણ નાયરે ૪૦ બોલમાં ૮૯ રન ફટકાર્યા હતા.

વર્તમાન આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સનો આ પ્રથમ પરાજય હતો. મેચ બાદ કરુણ નાયરે જણાવ્યું હતું કે આ પરાજયમાંથી અમને શીખવા મળ્યું છે. મને નિરાશા એ બાબતની છે કે અમે મેચ જીતી શક્યા નથી. મારી ઈનિંગ્સ સારી રહી હતી પરંતુ પરાજયથી નિરાશા થવી સ્વાભાવિક છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે અમે નિયમિત અંતરે વિકેટો ગુમાવી હતી જેને કારણે અંતે મુશ્કેલી પડી હતી. ખરેખર તો સેટ થયેલા બેટ્સમેને છેક સુધી ટકી રહેવાની જરૂર હતી. જોકે તેમાંથી જ અમારે શીખવાની જરૂર છે અને અમારા પ્રદર્શનમાં સુધારો લાવવાની જરૂર છે. હવે આગામી મેચ માટે અમે સારી તૈયારી કરીને રમીશું. આ મેચમાં તેના પોતાના અભિગમ અંગે મૂળ તામિલનાડુના આ બેટરે જણાવ્યું હતું કે અમે અગાઉથી જ ફાફ ડુ પ્લેસિસ જેવો મહત્વનો બેટર ગુમાવી ચૂક્યા છીએ.

અમે જાણતા હતા કે અમારા કેમ્પમાં એવા કેટલાક બેટર છે જેઓ તકની રાહ જોઈ રહ્યા હતા. આ માટે સતત તૈયારી રાખવાની હોય છે. રવિવારે અમારી પાસે સારી તક હતી પરંતુ અંતે અમે એ તક ઝડપવામાં નિષ્ફળ રહ્યા તેનો અફસોસ છે. હું એમ માનતો હતો કે આપીએલમાં કોઈ પણ તબક્કે રમવાની તક મળે તે માટે હું સજ્જ છું. મેં એ માટે તૈયારી પણ કરી હતી અને રવિવારે તે મને કામ પણ લાગી હતી કેમ કે મેં મારાથી શક્ય તેટલા તમામ પ્રયાસ કર્યા હતા. આશા રાખું છું કે વર્તમાન સિઝનમાં મને આ રીતે બેટિંગ કરવાની તક મળી રહેશે.

# ઈનિંગ્સ દરમિયાન બોલ ચેન્જ થતાં લાભ મળ્યો હતોઃ કર્ણ શર્મા

આઈપીએલમાં રવિવારે દિલ્હી કેપિટલ્સના અભિષેક પોરેલ, કે એલ રાહુલ અને ત્રિસ્તાન સ્ટબ્સ એમ ત્રણ મહત્વની વિકેટ ખેરવનારા મુંબઈ ઈન્ડિયન્સના અનુભવી સ્પિનર કર્ણ શર્માએ કબૂલ્યું હતું કે આ ટી૨૦ લીગની ૨૦૨૫ની સિઝનથી ઈનિંગ્સ દરમિયાન બોલ ચેન્જ કરવાના નવા નિયમનો ખરેખર મને લાભ મળ્યો હતો. અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સ ૨૦૬ રનના ટારગેટ સામે અત્યંત મજબૂત સ્થિતિમાં હતું ત્યારે ૧૩મી ઓવરમાં મુંબઈ ઈન્ડિયન્સે બોલ ચેન્જ કર્યો હતો. આ પરિવર્તનથી મુંબઈને લાભ થયો હતો અને તેમણે ઉપરા ઉપરી વિકેટો ખેરવી હતી જેની શરૂઆત કર્ણ શર્માએ કરીને અભિષેક પોરેલ (૩૩)ને આઉટ કર્યો હતો. ત્યાર બાદ દિલ્હીએ દરેક ઓવરમાં વિકેટો ગુમાવી હતી.

કર્ણ શર્માએ જણાવ્યું હતું કે પિચ પર ઝાકળ આવી જશે તેની મને અપેક્ષા ન હતી. પહેલી ઈનિંગ્સ દરમિયાન જરાય ઝાકળ ન હતું. આમ જ્યારે બોલ ચેન્જ કરાયો ત્યારે બોલ પર નવી જ સિમ હતી અને તેનાથી બોલને સારી રીતે મૂવમેન્ટ મળી રહેતી હતી. વિકેટ પરથી અમને લાભ મળવા લાગ્યો અને તેને કારણે રાહુલ અને સ્ટબ્સને આઉટ કરી શક્યો જે અંતે



ટીમ માટે લાભકારક બની રહ્યું હતું. આઈપીએલના વર્તુળમાં કર્ણ શર્માને નસીબદાર ખેલાડી માનવામાં આવે છે. ૨૦૧૭માં મુંબઈ ઈન્ડિયન્સે ટાઈટલ જીત્યું ત્યારે તે ટીમની સાથે હતો. આ ઉપરાંત તે ત્રણ વખત આઈપીએલ ચેમ્પિયન ટીમ માટે રમ્યો છે. ૨૦૧૬માં સનરાઈઝર્સ હૈદરાબાદ, ૨૦૧૭માં મુંબઈ ઈન્ડિયન્સ અને ૨૦૧૮માં ચેન્નાઈ સુપર કિંગ્સે આઈપીએલ ટાઈટલ જીત્યા તે સમયે તેમની ટીમમાંથી કર્ણ શર્મા રમ્યો હતો.

કર્ણ શર્માએ જણાવ્યું હતું કે છ સાત વર્ષના ગાળા બાદ હું ફરી એક વાર મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી રહ્યો છું તે સારી બાબત છે. હું તક મળે ત્યારે ફરીથી આગળ ધપવા માટે હંમેશાં તત્પર રહ્યો છું અને આ વખતે મને તક મળી ગઈ છે.

રવિવારની મેચમાં એક સમયે સ્થિતિ એ હતી કે અમે ઓવરદીઠ ૧૦ થી ૧૧ રન આપતા હતા. મારી ભૂમિકા આ સમયે વિકેટ ખેરવવાની હતી. આ સમયે મિચેલ સેન્ટનર સાથે મળીને મેં આ જવાબદારી અદા કરી તેનો મને આનંદ છે. બની શકે છે કે આ સફળતા બાદ મુંબઈની મારી ટીમ વર્તમાન લીગમાં આગળ ધપતી રહેશે તેમ તેણે ઉમેર્યું હતું.

# આજે પંજાબ-કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

સનરાઈઝર્સ હૈદરાબાદના અભિષેક શર્માના ઝંઝાવાતના આઘાતમાંથી હજી સુધી બહાર નહીં આવેલી પંજાબ કિંગ્સની ટીમ મંગળવારે વધુ એક પડકારનો સામનો કરશે જ્યાં તેનો મુકાબલો પ્રમાણમાં સ્થિર પરંતુ સમાનતા ધરાવતી કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટકરાશે. સાંજે ૭.૩૦થી મેચનો પ્રારંભ થશે.

બે દિવસ અગાઉ શનિવારે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ૨૪૫ રનનો જંગી કહી શકાય તેવો સ્કોર નોંધાવ્યો હતો પરંતુ અભિષેક શર્માના ઝંઝાવાત સામે આ સ્કોર ફીક્કો પડી ગયો હતો કેમ કે સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૮.૩ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને આ ટારગેટ વટાવી દીધો હતો. અભિષેક શર્માએ માત્ર ૫૫ બોલમાં ૧૪૧ રન ફટકારીને પંજાબ કિંગ્સના બોલર્સને વામણા પુરવાર કરી દીધા હતા. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડે ૩૭ બોલમાં ૬૬ રન ફટકાર્યા હતા.

પંજાબ કિંગ્સના મોટાભાગના બોલર્સે દસથી વધુની સરેરાશથી પ્રતિ ઓવર રન આપ્યા હતા. હવે મંગળવારે પંજાબ પોતાના ઘરઆંગણે મુલ્લાનપુર ખાતેના નવા બંધાયેલા સ્ટેડિયમ પર રમવાનું છે ત્યારે તેને તેનો લાભ મળે તેવી અપેક્ષા રહેશે. આઈપીએલમાં ભાગ્યે જ કોઈ ટીમ ૨૪૦+નો સ્કોર કર્યા બાદ પરાસ્ત થઈ હશે તેમાં પંજાબ કિંગ્સનું નામ ઉમેરાઈ ગયું છે. પંજાબ માટે ૩૬ બોલમાં ૮૨ રન ફટકારનારો કેપ્ટન શ્રેયસ ઐયર એ મેચમાં લાચાર બની ગયો હતો.

જોકે બંને ટીમના પ્રદર્શન પર નજર કરીએ તો તેઓ હાલમાં પાંચ અને છઠ્ઠા ક્રમે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ બહેતર નેટ રનરેટને કારણે પાંચમા ક્રમે છે તે સિવાય બંનેના પ્રદર્શનમાં ખાસ ફરક નથી. કોલકાતા છ મેચમાંથી ત્રણ જીત્યું છે તો પંજાબે પાંચ મેચમાંથી ત્રણમાં વિજય હાંસલ કર્યો છે. બંને હાલમાં છ છ પોઈન્ટ ધરાવે છે.

મંગળવારે પંજાબ તેના હોમગ્રાઉન્ડ પર રમશે જ્યાંની પિચ મોટા ભાગે બેટ્સમેનને યારી આપનારી રહી છે. આ સંજોગોમાં ટીમ મેનેજમેન્ટે કયા પ્રકારની રણનીતિ અપનાવવી તે જોવું પડશે. અગાઉની મેચને ધ્યાનમાં રાખીને બોલિંગ મજબૂત કરવાનો ઈરાદો કદાચ આ વખતે કામ લાગે નહીં કેમ કે મુલ્લાનપુરની પિચ પર એક્સ્ટ્રા બેટ્સમેનની જરૂર પડી શકે છે. આ મેદાન પર રમાયેલી બંને મેચમાં પ્રથમ બેટિંગ કરનારી ટીમે ૨૦૦+નો સ્કોર રજૂ કરેલો છે. પંજાબના બોલિંગ વિભાગનો આત્મવિશ્વાસ હૈદરાબાદ અને ખાસ કરીને અભિષેક શર્માના આક્રમણને કારણે ડગી ગયો હશે પરંતુ એ ન ભૂલવું જોઈએ કે ટીમ પાસે યુઝવેન્દ્રસિંહ ચહલ અને ગ્લેન મેક્સવેલ જેવા સ્પિનર છે જે તેમને અણીના સમયે વિકેટ અપાવવા માટે જાણીતા છે. એ વાત અલગ છે કે અગાઉની મેચમાં બંનેએ મળીને સાત ઓવરમાં ૯૬ રન આપ્યા હતા.

મંગળવારે તેમની હરીફ ટીમ પાસે સુનીલ નારાયણ, રિન્કુ સિંઘ અને વેંકટેશ ઐયર જેવા બેટ્સમેન રહેશે જેઓ અત્યંત આક્રમક શૈલીમાં બેટિંગ કરવા માટે ખ્યાતનામ છે. કોલકાતા સામેની મેચમાં શ્રેયશ ઐયર અને કોચ રિકી પોન્ટિંગ પિચ ક્યૂરેટર પાસેથી સારી પિચની અપેક્ષા રાખશે તો પણ આ પિચ પર ૨૦૦+નો સ્કોર ડિફેન્ડ કરવો આસાન રહેશે નહીં. કોલકાતા પાસે વરુણ ચક્રવર્તી જેવો બોલર છે જે થોડા સમયમાં જ ભારતીય ટીમનો આધારભૂત લેગ સ્પિનર બની ગયો છે અને તાજેતરમાં તેણે ભારતને પણ મહત્વની સફળતા અપાવી છે. આ ઉપરાંત કોલકાતાની ટીમ કોઈ પણ પ્રકારની સ્લો કે સપાટ પિચ પર જોખમી ટીમ છે. તેઓ ગમે તે પિચ પર અપેક્ષા કરતાં વધુ સફળતા હાંસલ કરી રહ્યા છે.





# વાછાવડ ગામના પ્રદિપભાઈ નેતાએ નિવૃત્તિ બાદ શરૂ કરી પ્રાકૃતિક ખેતી

સુરત, તા.૧૫

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીએ ગતિ પકડી છે. અનેક ખેડૂતો આ ખેતી તરફ વળ્યા છે, આજે વાત કરીએ એવા ખેડૂતની જેમણે ઓએનજીસીમાં ઉપ વર્ગ જેનેરર તરીકે ફરજ બજાવ્યા બાદ નિવૃત્તિ પછી પ્રાકૃતિક ખેતી તરફ વળીને નવો ચીલો ચાતર્યો છે. આવકમાં પણ વૃદ્ધિ થઈ અને આરોગ્ય પણ જાળવણી થઈ છે. સાથોસાથ ગામના ૧૦ લોકોને રોજગારી પણ આપી રહ્યાં છે. મહુવા તાલુકાના વાછાવડ ગામના પ્રદિપભાઈ લાલભાઈ નેતા ૨૨ વીઘાના ખેતરમાં કેસર કેરી સહિત ૪૦ પ્રકારના ફળોના ઝાડ, શાકભાજી, અનાજ તથા શેરડીમાંથી ઓર્ગેનિક ગોળના ઉત્પાદન થકી વાર્ષિક રૂ.૧૦ લાખની આવક મેળવી રહ્યા છે. પોતાના દાદાજીની દેશી ખેતી પદ્ધતિમાંથી પ્રેરણા લીધી હતી. કારણ કે દાદા ગાયના છાણ આધારિત ખેતી કરતા હતા. હવે દાદાનો વારસો આગળ વધારી રહેલા પ્રદિપભાઈએ પણ જમીનને રાસાયણિક ખાતરમુક્ત બનાવી પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. તેમણે જણાવ્યું કે, "છાણ આધારિત ખાતર, જીવામૃત, વર્મી કમ્પોસ્ટ, અને જંગલ મોડલ ખેતીના કારણે જમીનની ગુણવત્તા અને પાકની ગુણવત્તા અને ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. શેરડીમાં ૩૦ દિવસ સુધી પાણી આપવાની પણ જરૂર રહેતી નથી. જમીનની તંદુરસ્તી જાળવવી એ લાંબા ગાળે કૃષિનો ખરો વિકાસ છે." પ્રદિપભાઈએ ૨૨ વીઘામાં કેસર કેરીના ૬૦૦થી વધુ આંબા, સફેદ જાંબુ, કાળા જાંબુ, લાંબા ચીકૂ, અંજીર, વેલવેટ એપલ, એપલ બોર જેવી લગભગ ૪૦ પ્રકારની ફળોની જાતોનું વાવેતર કરી ઉછેર્યા છે. આંતરપાક તરીકે તેઓ રીંગણ, કળાના ચોખા, ડાંગર વગેરે પણ લે છે. સાથે જ શેરડી ઉગાડી તેમાંથી ઓર્ગેનિક ગોળનું ઉત્પાદન પણ શરૂ કર્યું, જેનાથી રૂ.૭૫ હજાર જેટલી વધારાની આવક મેળવી રહ્યા છે. તેમના ઉત્પાદનોની માંગ એવા સ્તરે પહોંચી છે કે વેચાણ માટે વધુ પ્રયત્ન કરવાની જરૂર પડતી નથી. જમીનની સંભાળ વિશે તેમણે જણાવ્યું કે, ગાયના છાણનું ખાતર નાંખવાથી જમીન પોચી અને ફળદ્રુપ બને છે. ઉપરાંત, છોડોની છટણી, સફાઈ અને નિયમિત ઘાસપાત દૂર કરીએ છીએ. જો આપણે જમીનને સાચવીશું તો જમીન એટલે કે ખેતી જીવનભર આપણને સાચવશે. સરકારી સહાયની વાત કરતાં તેમણે જણાવ્યું કે, ટપક સિંચાઈ યોજનાનો લાભ લીધો છે. ૭૦ ટકા સબસિડી પ્રાપ્ત થઈ છે. એક હેક્ટર જમીનમાં ડ્રીપ ઈરીગેશન કરૂ છું જેમાં પાણીની મહત્તમ બચત થઈ રહી છે. સરકારની સહાયથી રૂ.૪ હજારનું વેટ મશીન, ટ્રેક્ટરની ખરીદી પર રૂ.૬૦,૦૦૦ સબસિડી મળી છે. સરકારની કૃષિસહાયથી મોટો આધાર મળ્યો છે અને આત્મનિર્ભરતા તરફ આગળ વધવાની રાહ મળી છે. આમ, પ્રદિપભાઈ સમજદારી સાથે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને યુવા ખેડૂતોને માર્ગદર્શિત પણ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ખેતીમાં રાસાયણિક અને ઝેરી દવાઓને કારણે જમીન, પાક અને પર્યાવરણને થતા નુકસાનથી વણસી રહેલી સ્થિતિને સુધારવા તેમજ લોકોને નિરોગી અને તંદુરસ્ત સ્વાસ્થ્ય મળી રહે તે હેતુથી રાજ્ય સરકારના પ્રાકૃતિક ખેતીના પ્રયાસોને સહયોગ આપી વહેલી તકે આ ખેતી અપનાવવી જ જોઈએ.

**એક હેક્ટર જમીનમાં ડ્રીપ ઈરીગેશન યોજના હેઠળ ૭૦ ટકા સબસિડી પ્રાપ્ત કરી**

# બાબુભાઈ રાયકાની પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી, નિરિક્ષક તરીકે વરણી

સુરત, તા.૧૫

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિ દ્વારા સિનિયર નેતાઓ ને જિલ્લા વાઈસ નિરીક્ષકો ની સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સિનિયર નેતાઓ ની ૪-૪ નિરીક્ષકો ની પેનલ બનાવી નવા જિલ્લા પ્રમુખો ની પસંદગી કરવામાં આવશે. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના આગેવાન અને સુરત મહાનગર પાલિકા ના પૂર્વ વિપક્ષી નેતા અને સુરત શહેર કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ શ્રી બાબુભાઈ કે.રાયકા ( એડવોકેટ * નોટરી) ની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી,નિરીક્ષક તરીકે નિમણૂંક કરવામાં આવી છે. નિમણુંક કરેલા તમામ સિનિયર નિરીક્ષકો ની પ્રથમ મિટિંગ આજરોજ ભારત દેશના ભવિષ્ય,અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા અને લોકસભાના વિપક્ષી નેતા શ્રી રાહુલ ગાંધીજીના અધ્યક્ષ સ્થાને આજરોજ મંગળવાર, ૧૫ તારીખે બપોરે ૨ વાગે રાજીવ ગાંધી ભવન,પાલડી અમદાવાદ ખાતે મળશે.





# સુરત શહેર જિલ્લા મહિલા સંઘ દ્વાર ન્યાયિક સુધાર વિશે સંવાદ

## નિષ્ણાંતોએ માહિતસભર વક્તવ્યો રજૂ કર્યા



સુરત, તા.૧૫

ભારતીય ન્યાયિક પ્રક્રિયામાં આવશ્યક બાબતોને લઈને એક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પધારેલા વિષય નિષ્ણાતો દ્વારા વિવિધ વિષય ઉપર વક્તવ્ય આપવામાં આવ્યા હતા અને વક્તવ્યના અંતે સવાલ જવાબ થયા હતા. કાર્યક્રમની શરૂઆત શ્રી ભગવાનજી રૈયાણી (અધ્યક્ષ ફોરમ ફોર ફાસ્ટ જસ્ટિસ) દ્વારા ફોરમ દ્વારા કરવામાં આવેલા વિવિધ કાર્યો અને તેની અસરો બાબત રજૂઆત કરી હતી. ત્યાર બાદ પ્રો. હેમંતકુમાર શાહ (પત્રકાર અને પૂર્વ આચાર્ય એચ.કે. આટ્ર્સ કોલેજ, અમદાવાદ) દ્વારા 'દરેક વ્યક્તિને ન્યાયનો અધિકાર (કેટલો સફળ – કેટલો નિષ્ફળ?)' વિષય ઉપર વાત રજૂ કરવામાં આવી હતી. પ્રો. શાહે વર્તમાન સમયમાં ન્યાયાલયોમાં ખાલી પડેલી જગ્યાઓ અને તેમાં કામ કરતા કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓ વિશે ચિંતા વ્યકત કરી હતી. જો ન્યાયાલયમાં ન્યાયાધીશો જ ન હોય તો ન્યાય કેવી રીતે મળે એ પ્રશ્ન તેમણે ઉઠાવ્યો હતો. તેમણે એ પણ જણાવ્યું કે આપણા દેશ અને ખાસ ગુજરાત રાજ્યના બજેટમાં પણ કાયદા ખાતા વિભાગ પાછળ ખૂબ ઓછો ખર્ચ કરવામાં આવે છે. આ સાથે સાથે તેમણે ૨૦૦૯ થી અમલમાં આવેલી ગ્રામ ન્યાયાલય વ્યવસ્થા આજે પણ ગુજરાત રાજ્યમાં કોઈ જગ્યાએ લાગુ પડી નથી એટલે કે ગુજરાતમાં આજે પણ એક ગ્રામ ન્યાયાલય નથી. તેમણે જણાવ્યું કે કાયદાઓ એકદમ સ્પષ્ટ અને સ્પેસિફિક હોવા જોઈએ કોઈ પણ બાબતને ન્યાયાધીશોના વિવેક ઉપર ના છોડી શકાય. આ ઉપરાંત તેમણે ફાસ્ટ ટ્રેક કોર્ટ અને હાઈકોર્ટ બેચ ઉપર પણ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.બીજું વક્તવ્ય પ્રો. ડૉ. સંજય રાજા ( અધ્યાપક આઈ.એમ. નાણાવટી લો કોલેજ, અમદાવાદ) એ 'ન્યાયિક સુધારાઓ અને ન્યાયાધીશોનું ઉતરદાયિત્વ' વિષય ઉપર આપ્યું હતું. પ્રો. રાજાએ વિદેશમાં બનેલી ઘટનાઓ અને તેની પાછળ ન્યાયતંત્રના નિર્ણયો અને પીડિતને આપવામાં આવતા કમ્પેનસેશન બાબત વાત કરી હતી અને ન્યાયાધીશો સામે થયેલી ફરિયાદો અને તેમની વિરુદ્ધ કાર્યવાહી માટેની જટિલ પ્રક્રિયા વિશે રજુઆત કરી હતી.

# અર્હમ જીવદયા ગૃપ દ્વારા એનિમલ એમ્બ્યુલન્સનો પ્રારંભ

(પ્રતાપ પ્રતિનિધિ)સુરત, તા. ૧૫

અબોલ પશુ, પક્ષીઓ માટે કતારગામ વરાછામાં અર્હમ એનિમલ એમ્બ્યુલન્સનો આરંભ કરવામાં આવ્યો છે. સંત ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી જીવદયાના સત્કાર્યો કરતી સંસ્થા અર્હમ દ્વારા વિતેલા એક વર્ષમાં વેસુ, પાંડેસરા, સિટીલાઈટ ભટાર સહિતના વિસ્તારોમાં અબોલ પશુ પક્ષીઓ માટે ઓન સાઈટ ફસ્ટ એડ ટ્રીટમેન્ટ કરવામાં આવી રહી છે. ૧૪૦૦થી વધુ મુંગા પશુ પક્ષીઓની આ વર્ષે સારવાર કરવામાં આવી છે. માત્ર સુરત નહીં દેશના અન્ય શહેરોમાં પણ અર્હમ ગ્રુપ દ્વારા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે, જ્યાં પણ બિમાર અથવા ઈજાગ્રસ્ત પ્રાણી પક્ષીઓ નજરે પડે તો તેમની મદદે આવવા માટે અર્હમ યુવા સેવા ગ્રુપના હેલ્પલાઈન નંબર વરાછા, કતારગામ મો.નં. ૮૯૮૯૦૫૦૫૮૧ તેમજ વેસુ, પાંડેસરા, વિસ્તારમાં ૮૬૮૯૮૯૦૫૦૫ ઉપર સંપર્ક કરી શકાશે.

# ઉમરવાડા નહેરમાં ન્હાતા ૮ મિત્રો પૈકીનો એક તણાયો

## ફાયર વિભાગે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર તાલુકાના ઉમરવાડા ગામ પાસેની નહેરમાં નાહવા પડેલ ૮ પૈકી એક યુવાન તણાઈ જતા લાપત્તા બન્યો હતો.ફાયર વિભાગે ભારે જહેમત બાદ યુવાનનો મૃતદેહ નહેરમાંથી બહાર કાઢ્યો હતો.

ધગધગતી ગરમીમાં ઠંડક મેળવવા લોકો નદી કે નહેરમાં નાહવા જતા હોય છે ત્યારે આજરોજ અંકલેશ્વરના સારંગપુર સ્થિત મીરા નગરના ૮ જેટલા મિત્રો નાહવા માટે અંકલેશ્વરના ઉમરવાડા પાસેથી પસાર થતી ઉકાઈ જમણા કાંઠા નહેરમાં ગયા હતા.યુવાનો નહેરમાં નાહવા પડ્યા હતા તે સમયે અવધેશકુમાર નામનો યુવાન એકદમ તણાવવા લાગ્યો હતો.જેને પગલે મિત્રોએ બુમરાણ મચાવતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને પરિવાર તેમજ પાનોલી નોટિફાઈડમાં જાણ કરતા ફાયર ફાયટરો સ્થળ પર પહોંચી નહેરમાં ડૂબી જતાં લાપત્તા બનેલ યુવાનની શોધખોળ હાથ ધરી હતી.ફાયર વિભાગે સતત ૫ થી ૬ કલાક શોધખોળ કર્યા બાદ યુવાનનો મૃતદેહ નહેરમાંથી જ મળી આવ્યો હતો. યુવાનનું મોત નિપજ્યા પરિવારમાં ગમગીની છવાઈ હતી.બનાવ અંગે પાનોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઓલપાડ ખાતે એસટી બસ ડેપાના વર્ક શોપનું ખાતમુર્હૂત કરાયું

સુરત, તા.૧૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ઓલપાડ ખાતે રૂ. ૬ કરોડના ખર્ચે નિર્માણપામનાર એસ.ટી. ડેપોનાવર્કશોપનું ખાતમુહૂર્ત વન, પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ખાતમુહૂર્ત પ્રસંગેસાંસદ મુકેશભાઈ દલાલ, તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, સુરત એસ. ટી. વિભાગીય નિયામકશ્રી પી.વી. ગુર્જર, ડેપો મેનેજર વિનય ગાવીત, એસ.ટી. વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીયછેકે,રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. નિગમને ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન માટે ફાળવવામાં આવેલી ગ્રાન્ટ થકી સુરત એસ.ટી. વિભાગદ્વારાઓલપાડ ખાતેબાંધવામાં આવનાર આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચરવાળા સુવિધાયુક્ત નવીન ડેપો-વર્કશોપમાં ડેપો મેનેજર ઓફિસ, એડમિન રૂમ, ટાયર રૂમ, બેટરી રૂમ, સ્ટોર રૂમ, વોટર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, લોન્ગ પીટ (બે નંગ), શોર્ટ પીટ (૧ નંગ), સરકયુલેશન વિસ્તારમાં સી.સી. ટ્રી-મિક્ષ ફલોરીંગની સુવિધા ઉભી કરાશે. અહી એસ.ટી. બસોની મરામત માટે અદ્યતન સાધનો સાથેનું સુવિધાયુક્ત બિલ્ડીગ બનશે.

# ઓલપાડમાં વિવિધ કામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત

સુરત, તા.૧૫

જિલ્લાપંચાયતનાસિંચાઈ વિભાગ દ્વારા રૂ.૪કરોડના ખર્ચે ઓલપાડ તાલુકામાં ફ્લડ પ્રોટેકશન વોલના ૦૮ કામો તેમજ રૂ.૩.૩૧કરોડના ખર્ચે જિ. પંચાયતના ૧૫મા નાણાપંચ હેઠળ રૂ.૬૪લાખના ખર્ચે તળાવ બ્યુટીફીકેશન ના કામનું ખાત મુહુર્ત તેમજ ઓલપાડના ભૂતિયા મંદિરથી આંધી ગામને જોડતા રોડનું લોકાર્પણ, ઓલપાડમાં આંતરિક પાણી વિતરણના કામોનો શુભારંભ વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલનાહસ્તે કરવામાં આવ્યો હતો. સાંસદ મુકેશભાઈ દલાલના હસ્તે ઓલપાડ ખાતે ઓટેક યોજના હેઠળ નવનિર્મિત ઓટેક યોજના ઓલપાડના માળી ફળીયા ખાતે બે લાખ લીટર જળ ક્ષમતાના ભુગર્ભ સંપ, પંપીંગ મશીનરી, પ્રિકાસ્ટ કેબિન તથા વિજળીકરણના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### પુંચમાં
### પહેલા પાનાનું ચાલુ

આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદના હતા. આતંકવાદીઓએ ૧ એપ્રિલે ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો ૧ એપ્રિલના રોજ, LoC પાસેના વિસ્તારમાં ૩ માઈન વિસ્ફોટ થયા હતા અને પાકિસ્તાન તરફથી ગોળીબાર થયો હતો. આ સમયે આતંકવાદીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય સેનાએ ગોળીબાર કરીને જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં ૪ થી ૫ ઘુસણખોરો માર્યા ગયા હતા. સેનાએ કહ્યું - અમારા જવાનોએ ગોળીબારનો જવાબ આપ્યો. પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને તેના પર નજર રાખવામાં આવી રહી છે. ભારતીય સેનાએ LoC પર શાંતિ જાળવવા માટે ૨૦૨૧ના DGSMO કરારને જાળવી રાખવાની અપીલ કરી છે. છેલ્લા ૨૦ દિવસમાં કઠુઆમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ત્રણ એન્કાઉન્ટર થયા છે. પહેલું એન્કાઉન્ટર ૨૩ માર્ચે હીરાનગર સેક્ટરમાં થયું હતું. સુરક્ષા દળોને જૈશ-એ-મોહમ્મદના પ્રોક્સી સંગઠન પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટના પાંચ આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી, પરંતુ તેઓ ભાગી જવામાં સફળ રહ્યા. બીજુ એન્કાઉન્ટર ૨૮ માર્ચે થઈ હતી. જેમાં ૨ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ત્રીજુ એન્કાઉન્ટર ૩૧ માર્ચની રાત્રે કઠુઆના પંચતીર્થી મંદિર પાસે થયો હતો. આ વિસ્તારમાં ત્રણ આતંકવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. એક આતંકવાદી માર્યા ગયાના સમાચાર પણ હતા, પરંતુ તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

### મની લોન્ડરીંગ
### પહેલા પાનાનું ચાલુ

બદલો છે. લોકો મને પ્રેમ કરે છે અને ઈચ્છે છે કે હું રાજનીતિમાં જોડાઉં... જ્યારે હું મારી ઈચ્છા વ્યક્ત કરું છું, ત્યારે તેઓ મારા વાસ્તવિક મુદ્દાઓ પરથી રાજનીતિ તરફ ધ્યાન દોરે છે. છેલ્લા ૨૦ વર્ષમાં મને ૧૫ વખત બોલાવવામાં આવ્યો છે અને ૨૩૦૦૦ દસ્તાવેજોની વ્યવસ્થા કરવી સરળ નથી.ED અનુસાર, વાડ્રાની કંપનીએ ફેબ્રુઆરી ૨૦૦૮માં ગુડગાંવના શિકોહપુરમાં ૩.૫ એકરનો પ્લોટ ૭.૫ કરોડ રૂપિયામાં ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદ્યો હતો. ત્યારબાદ વાડ્રાની કંપનીએ આ જમીન રિયલ એસ્ટેટની દિગ્ગજ કંપની DLFને રૂ. ૫૮ કરોડમાં વેચી દીધી હતી. આમાંથી થતી આવકમાંથી મની લોન્ડરિંગની આશંકા છે. કેન્દ્રીય એજન્સી આ અણધાર્યા નફા પાછળના કારણની તપાસ કરી રહી છે.

### લગ્નનો વાયદો કરી
### પહેલા પાનાનું ચાલુ

ફેસલાને રદ કરી દીધો. હાઈકોર્ટે સેશન્સ કોર્ટ દ્વારા ૮ જૂન ૨૦૨૩ના આરોપીને આરોપમુક્ત કરવાનો ફેસલો રદ કરી દીધો હતો અને તેની સામે દુષ્કર્મનો કેસ ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે પોતાના ફેસલામાં કહ્યું હતું કે, બધા તથ્યો પર વિચાર કર્યા બાદ અમને લાગે છે કે અદાલત માટે સીઆરપીસીની ધારા-૨૨૭ અંતર્ગત શક્તિઓનો પ્રયોગ કરવા અને અપીલકર્તાને આરોપમુક્ત કરવા માટે રેકોર્ડ સામગ્રી પર્યાપ્ત હતી.હાઈકોર્ટે માત્ર રેકોર્ડ પર સામગ્રીના આધારે ફેસલો ન આપવો જોઈએપીઠે જણાવ્યું હતું કે, હાલના કેસમાં અમને એવું પણ લાગે છે કે હાઈકોર્ટે નોધાયેલી એફઆઈઆર અને ચાર્જશીટમાં આરોપોનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું છે, પરંતુ એ વિચાર કરવામાં વિફળ રહી કે આરોપો નકકી કરવાના ચરણમાં અદાલતે માત્ર રેકોર્ડ પર સામગ્રીના આધારે જ નિર્ણય કરવો જોઈએ.શીર્ષ અદાલતે કહ્યું કે, હસ્તક્ષેપ અને સમીક્ષા અધિકાર ક્ષેત્રના પ્રયોગનું ક્ષેત્ર અત્યંત સીમીત છે અને તેનો પ્રયોગ ખૂબજ સંયમથી કરવો જોઈએ.મહિલાની ફરિયાદ પર એક વ્યક્તિ સામે દિલ્હી પોલીસે ૨૦૨૧માં દુષ્કર્મનો કેસ દાખલ કર્યો હતો. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે વ્યક્તિએ તેની સાથે લગ્ન કરવા અને બે બાળકોની સારસંભાળ રાખવાનો વાયદો કરીને અનેકવાર શારીરિક સંબંધ બનાવ્યા હતા.બાદમાં લગ્નનો ઈન્કાર કરી દીધો હતો. કેસ મુજબ ફરિયાદી મહિલા અને આરોપી એકબીજાને ૨૦૧૧થી ઓળખતા હતા અને બન્ને વચ્ચે ૨૦૧૬માં પ્રેમ થયો હતો.

### અમેરિકાની
### પહેલા પાનાનું ચાલુ

હતી. ટ્રમ્પ શાસને હાર્વર્ડ યુનિ. સાથેના ૯૦૦૦૦ ડોલરના કોન્ટ્રાકટ પણ રદ કર્યા છે.તા.૧૧ એપ્રિલના ટ્રમ્પ શાસને એક પત્ર લખીને હાર્વર્ડ યુનિ.માં ઓગષ્ટ ૨૦૨૫ સુધીમાં તેના બોર્ડ તથા સંચાલનમાં સુધારાની માંગ કરી હતી તથા ખાસ કરીને યહુદી- વિદ્યાર્થીઓ- પ્રોફેસરો સાથે ભેદભાવ અને કેમ્પસમાં અલગતાવાદી- પેલેસ્ટાઈન તરફી જૂથોને અપાતી સ્વતંત્રતા સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા.અમેરિકામાં ૬૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં આ પ્રકારે યહુદી વિરોધી ભારતના દેખાવો અંગે તપાસ શરૂ કરી છે.

### મધ્ય પ્રદેશ
### પહેલા પાનાનું ચાલુ

મોટાભાગના શહેરોનું તાપમામ ફરીથી ૪૧થી ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના સાબરાકાંઠા અને બનાસકાંઠા તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ અને કચ્છમાં સૌથી વધુ તાપમાન નોંધાવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.દિલ્હીમાં ૩ દિવસ સુધી રહેશે ગરમી, તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચશે ગરમીથી થોડા સમય માટે રાહત મળ્યા બાદ, દિલ્હીમાં ગરમી ફરી વળશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો વધારો થશે. આ દરમિયાન તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી વચ્ચે રહી શકે છે. આ ત્રણ દિવસ દરમિયાન લુ ફુંકાવાની પણ શક્યતા છે.ગઈકાલે શહેરનું તાપમાન ૩૭.૮ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૭ ડિગ્રી વધારે હતું. હવે મંગળવારે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહેવાની ધારણા છે. આ દરમિયાન આકાશ સ્વચ્છ રહેશે અને ૨૦-૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

### ક્રૂડ ઓઈલની કિંમતો
### પહેલા પાનાનું ચાલુ

રહી છે. કારણ કે કાચા તેલની કિંમત તો ઘટી રહી છે પણ પેટ્રોલ ડીઝલ આજે પણ મોંઘું જ વેચાઈ રહ્યું છે.આવક વધારવા માટે સરકારે પેટ્રોલ ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટી પણ બે રૂપિયા વધારી દીધી, જેથી પેટ્રોલિયમ કંપનીઓ પાસેથી વધુ પૈસા વસૂલી શકાય. જેનાથી સરકારને હજારો કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ કહ્યું હતું કે કાચા તેલની કિંમત ૬૦થી ૬૫ ડોલરના સ્તર પર આવી જાય છે પછી પેટ્રોલ ડીઝલની કિંમતમાં ઘટાડો થાય તેવી શક્યતા છે.

### વિશ્વ
### પહેલા પાનાનું ચાલુ

રજકણોની પ્રતિ ઘનમીટર માત્રા ૫ માઈક્રોગ્રામથી વધુ હોય તો તેમાં બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૯% વધી જાય છે.

આ જ રીતે ટ્રાફીક- ટ્રાન્સપોર્ટના અવાજોથી થતુ પ્રદુષણ ૧૧ ડેસીબલથી વધુ હોય તો બ્રેઈન સ્ટ્રોકનો ખતરો ૬% વધી જાય છે. ભારતમાં અનેક શહેરોમાં અવાજના પ્રદુષણની સમસ્યા વિશ્વમાં સૌથી વધુ છે અને તે ૪૦ ડેસીબલ સુધી પહોંચી જાય છે. ભારત સહિતના દેશો જયાં આ બન્ને પ્રકારના પ્રદુષણની માત્રા સૌથી વધુ જોવા મળે છે અને ભાગ્યે જ તેનો કોઈ ઉપાય જોવા મળે છે.

વધતા ટ્રાફિક અને તેના કારણે હવામાં જે પ્રદુષણ છે તે પણ વધતુ જાય છે. ખાસ કરીને હૈદરાબાદ, બેંગ્લોર જેવા મોટા મેટ્રો જયાં ઔદ્યોગીક પ્રવૃતિ પણ વધુ છે ત્યાં પ્રદુષણની માત્રા તેની તમામ મર્યાદાને ઓળંગી જાય છે.

જર્નલ નેચર કોમ્યુનીકેશનના પ્રકાશિત એક અન્ય લેખમાં જણાવ્યું છે કે હવાના અને અવાજના બન્ને પ્રકારના પ્રદુષણમાં જયારે તે શરીરની અંદર જાય છે તો તે વ્યક્તિની વિચારવાની અને કેન્દ્રીત થવાની ક્ષમતાને પણ અસર કરે છે અને તેના કારણે તેનો ગુસ્સો વધી જાય છે. તાત્કાલિક કોઈ રીએકશન આપે છે જે તેના માટે નુકશાનકારક બને છે.

### ટેરીફ વોર
### પહેલા પાનાનું ચાલુ

સીસ્ટમ વિ.માં આ રીફાઈન્ડ રસાયણ ખનીજ મહત્વના છે.

એટલુ જ નહી ટેસ્લાની ઈલેક્ટ્રીક કારથી લઈને સ્પેસ એકસના રોકેટમાં પણ આ પ્રકારના મટીરીયલની ભૂમિકા છે. ઈવન અમેરિકામાં પણ અનેક અર્થ મટીરીયલને રીફાઈન કરવા ચીન મોકલવા પડે છે.

### ડો.આંબેડકર જયંતી
### પેજ-૨ પાનાનું ચાલુ

આંબેડકર સંકલ ખાતે ડો બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા ને આયોજક ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ ના મહામંત્રી દિલીપ કે સીરસાઠ, અનિલ પાનપાટીલ એ પુષ્પહાર અર્પણ કરી વિશ્ર્વ શાતિં સદભાવ વાહન યાત્રા નું સમાપન કરેલ સિદ્ધાર્થ બુદ્ધ વિહાર કોસાડ ખાતે ભોજનદાન કરી સુરત રેલવે સ્ટેશન ખાતે થી યોજાનાર લોકશાહી બચાવો સંવિધાન બચાવો ,વિશ્ર્વશાંતિ સદભાવ યાત્રા માં જોડાયા હતા કાર્યક્રમ યાત્રા ને સફલ કરવા ડો બાબાસાહેબ આંબેડકર ની૧૩૪ મી જન્મ જયંતી મહોત્સવ સમિતિ ઉત્રાણ, અમરોલી ,કોસાડ આવાસ વિભાગ ના ભીમ સૈનિક પ્રફુલ્લ જગદેવ, ઉદ્ધવ પી બાગલે,અંબાલાલ સોનવણે, સુખદેવ વાનખડે,સંતોષ ભગત, દિનેશભાઈ ગોતમ, રીન્કુભાઈ જોષી,રાધેશ્યામ ગોતમ, રાજુભાઈ ઈગળે ગોતમ સુરવાડે રાજુભાઈ સુયવંસી,બાપુ ઈન્દાસરાવ, નાનાભાઈ વાધ, ગોતમ જાદવ ,સુરેશ કાપડણે,મોટી સંખ્યા મ્યુનિસિપલ કાર્યક્રરો ઉપસ્થિત રહ્યા હતા,જબ તક સુરત ચાંદ રહેગા બાબા તેરા નામ રહેગા,જયભીમ ના નારા ગુંજયા હતા

### આવતી કાલે ચેમ્બરનો
### પેજ-૨ પાનાનું ચાલુ

વિજયભાઈ મેવાવાલા, પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી નિખિલભાઈ મદ્રાસી, SGCCI ગોલ્ડન જ્યુબિલી મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન શ્રી રજનીકાંતભાઈ મારફતિયા અને ચેમ્બરના ટ્રસ્ટના માનદ્ મંત્રી ડો. અનિલભાઈ સરાવગીએ જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને વર્ષ ૧૯૯૦માં ઉદ્યોગ અને વેપારની સેવા કરતા ૫૦ વર્ષ પૂર્ણ થતા ગોલ્ડન જયુબિલિની ઉજવણી કરવામાં આવી હતી. જે તે સમયના ચેમ્બરના પ્રમુખ શ્રી રજનીકાંતભાઈ મારફતિયાએ ગોલ્ડન જયુબિલી મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના કરવાનું વિચાર્યુ હતું અને ત્યારબાદ વર્ષ ૧૯૯૦ માં આ ટ્રસ્ટની સ્થાપના થઈ હતી.

ગોલ્ડન જયુબિલી ટ્રસ્ટ દ્વારા દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠતા, ઉદ્યોગ સાહસિકતા, ઉત્પાદન ક્ષેત્રે નવિનતા અને નવી ટેકનોલોજીનો ઉપયોગ તથા શૈક્ષણિક શ્રેષ્ઠતાના આધારે વિવિધ પુરસ્કારોનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા ૩૪ વર્ષથી આ સંસ્થા નિયમિતપણે જુદી–જુદી કેટેગરી જેવી કે આઉટસ્ટેન્ડીંગ બિઝનેસ પર્સન, પોલ્યુશન કન્ટ્રોલ, R & D, એનર્જી એફિશિયન્સી વિગેરે ક્ષેત્રે એવોર્ડસનું વિતરણ કરે છે. ટ્રસ્ટ દર વર્ષે દક્ષિણ ગુજરાત વિસ્તારમાં વિવિધ ક્ષેત્રે યોગ્યતાના આધારે એવોર્ડસનું વિતરણ કરે છે. ટ્રસ્ટના એવોર્ડ સન્માનિત એવોર્ડ તરીકે ગણાતા હોય એ ટ્રસ્ટ માટે ગૌરવની વાત છે.ગોલ્ડન જયુબિલિ એવોર્ડસ યોગ્ય વ્યકિતઓને મળે તે માટે જાણીતા ઉદ્યોગ નિષ્ણાંત, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોની જ્યુરી તરીકે નિમણૂંક કરવામાં આવે છે. આ વર્ષે ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૨૩–૨૪ માટે ૧૪ કેટેગરી જેટલા એવોર્ડસ આપવામાં આવશે. આ ઉપરાંત વખતો વખત ખૂબ જ સરસ કામગીરી બજાવનાર કોઈ વ્યકિતને તેમજ આખી જિંદગી પોતાના વ્યવસાયમાં કરેલી અદ્ભુત કામગીરી માટે લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ એનાયત કર્યા છે.

### ભારત દ્વારા
### પેજ-૨ પાનાનું ચાલુ

વિંગ અને સ્વોર્મ ડ્રોનને નિષ્ક્રિય કરવામાં સક્ષમ છે. આ સાથે, ભારત અમેરિકા, રશિયા અને ચીન સાથે ફક્ત ચાર દેશોના જૂથમાં જોડાયું છે જેમની પાસે આવી અદ્યતન ક્ષમતા છે. ૨૦૨૫ માં, ભારત હાઈપરસોનિક મિસાઈલો માટે સક્રિય કૂલ્ડ સ્ક્રેમજેટનું પરીક્ષણ કરતા દેશોના જૂથમાં પણ જોડાયું છે. ભારતમાં પહેલીવાર DRDL અને ભારતીય ઉદ્યોગ દ્વારા સંયુક્ત રીતે એન્ડોથર્મિક સ્ક્રેમજેટ ઈંધણનો સ્વદેશી વિકાસ, આ સફળતાનું મુખ્ય કારણ છે.

### સુરત મનપા દ્વારા
### પેજ-૨ પાનાનું ચાલુ

અપાવવા તેમણે ચળવળ કરી. લોકોને ભેગા કર્યા, અખબાર કાઢ્યાં, જબરદસ્ત નેતૃત્વની સાથોસાથ ભારતીય બંધારણના રચનાકાર્ય સુધી અનેક સ્તરે તેમણે બહુવિધ કામગીરી બજાવી. સમતાના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી, વિદ્વાન કાયદાશાસ્ત્રી- અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખર વક્તા-લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નગરજનોએ પુષ્પો અર્પણ સહ વંદના કરી હતી.

### ભાજપ દ્વારા
### પેજ-૨ પાનાનું ચાલુ

પ્રાસંગિક ઉદબોધનમાં સહુ પ્રથમ પાયાના કાર્યકર્તાઓને બિરદાવવામાં આવ્યા હતા અને નવ નિયુક્ત થયેલા વોર્ડ ના પદાધિકારી ને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં ત્યારબાદ ભાજપાના શાસનમાં સુરત શહેર અવિરત પ્રગતિ કરી રહ્યું છે અને વિવિધ પ્રકલ્પો દ્વારા દેશમાં માઈલ સ્ટોન સમાન કાર્ય કરી રહ્યું છે તે અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી

મેયર શ્રી દક્ષેશ માવાણી એ સુરતના વિકાસમાં ભાજપની ભૂમિકા અને ખાસ કરીને લિંબાયતના સર્વાંગી વિકાસ માટે વિધાયિકા શ્રીમતી સંગીતાબેન પાટીલના કાર્યોની પ્રશંસા કરી હતી

ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ ભાજપના સ્થાપના દિવસ પર ઉજાસ પાડતાં, પોતાના વિસ્તારમાં કાર્યરત કાર્યકરોને દેવતુલ્ય ગણાવ્યાં અને તેમનું હૃદયપૂર્વક સમ્માન કર્યું આ સાથે આજે જાહેર કરાયેલા લિંબાયત વિધાનસભા વિસ્તારમાં આવતા તમામ વોર્ડોના નવા નિયુક્ત પદાધિકારીઓનું પણ ભવ્ય સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે ભાજપના અનેક આગેવાનો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ હાજરી આપી હતી, અને સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો હતો

ઉપરોક્ત પ્રસંગે શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ , સુરત સંગઠનના હોદ્દેદારશ્રીઓ , નગરસેવકશ્રીઓ , આગેવાન નેતાશ્રીઓ તથા મોટા પ્રમાણમાં કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બાબા સાહેબ આંબેડકર
### પેજ-૨ પાનાનું ચાલુ

કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેયર શ્રી, ધારાસભ્યશ્રી વિનુભાઈ અને નાથુભાઈ સ્વાતિબેનને આ સેવા કાર્ય બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. લાભાર્થીઓએ વિવિધ સરકારી યોજના નો લાભ લીધો હતો અને સાથો-સાથ ફ્રી મેડિકલ ચેકઅપ નિશુલ્ક આંખની તપાસ નું પણ આયોજન કરેલ હતું. કાર્યક્રમની આભાર વિધિ ટ્રસ્ટી શ્રી મોહનભાઈ સોસા એ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જાણીતા શબ્દસારથી જીતુ મકવાણા એ કર્યું હતું.

### સેના ખાડી પર
### પેજ-૨ પાનાનું ચાલુ

સુધી રૂ.૩૫૬ કરોડના ખર્ચે કોસ્ટલ હાઈવે રાજ્ય સરકાર દ્વારા ઝડપભેર નિર્માણ પામશે. કુદિયાણાથી ઓલપાડ સુધી ફોરલેન રોડ બનશે. સાયણના વિકાસ માટે રાજ્ય સરકારે રૂ.૨૨ કરોડ ફાળવ્યા છે.

ઓલપાડ તાલુકામાં જળસંચય માટે ૧૫૦૦૦ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર બનાવવાનું આયોજન કર્યું છે. સ્ટ્રકચર દીઠ ૧૦ થી ૧૫ લાખ લીટર પાણીની બચત થશે એમ જણાવી મંત્રીશ્રીએ આ સંદર્ભે સાંસદ મુકેશભાઈ દલાલે સાંસદ તરીકેની ગ્રાન્ટમાંથી રૂ.બે કરોડ જળસંચય માટે ફાળવ્યા છે એ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ આ વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે પોતે રૂ.૧.૩૦ કરોડની ગ્રાન્ટ જળસંચયના સ્ટ્રકચરો બનાવવા માટે ફાળવી હોવાનું જણાવ્યું હતું.

ઓલપાડ તાલુકાના ૧૦૮ ગામોને પ્લાસ્ટિકમુક્ત બનાવવા પ્રત્યેક ગામોમાં ઈકોફ્રેન્ડલી બેગ વેન્ડિંગ મશીનો મૂકવામાં આવશે. પ્રત્યેક મશીનોમાં ૧૦૦ બેગ ઉપલબ્ધ બનશે અને રૂ.૫ નો સિક્કો નાંખીને કાપડની બેગ મેળવી શકાશે એમ પણ મંત્રીશ્રીએ કહ્યું હતું.

વનમંત્રીશ્રીએ કહ્યું કે, ઓલપાડ તાલુકામાં વસતા હળપતિ ભાઈઓનું મકાન કાચું ન રહે અને પી.એમ.આવાસ તેમજ હળપતિ આવાસ યોજના હેઠળ તેમના પાકા આવાસો બને એ જનપ્રતિનિધિ તરીકે પોતાની જવાબદારી છે અને આવનારા દિવસોમાં આ જવાબદારી ૧૦૦ ટકા નિભાવવાનો પોતાનો સંકલ્પ છે એમ તેમણે ઉમેર્યું હતું.

ડો.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિના અવસરે બાયપાસ ખૂલ્લો મૂકાયો હોવાથી મંત્રીશ્રીએ આ બાયપાસને 'બાબાસાહેબ આંબેડકર બાયપાસ' નામ આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

### છેલ્લા પાનાનું ચાલુ
### ૧૦૫ દિવસના
### ટીમોર દેશમાં

શિતલબેન લુખી મળ્યા હતા, ગીતાબેનએ તેમને દીકરીને રશીયા એમ.બી.બી.એસ માટે મોકલવાની વાત કરતા તેઓએ તેમને તેમની કંપની ટીમોર દેશમાં આવેલ કેટોલીકા ટિમોરેન્સ યુનિર્વસીટીમાં એમ.બી.બી.એસ. ના અભ્યાસ માટે વિદ્યાર્થી?ઓને મોકલે છે. જેમાં સાડા ચાર વર્ષનો કોર્ષ અને એક વર્ષની ઈન્ટરશીપ કરવાની જેનો ખર્ચે ૨૭ લાખ થશે અને એજન્સીનાશ્વજે સર્વિસ આપે તેનો ચાર્જ ૫૯ હજારશ્વ, વિઝા પ્રોસેસ, ફીના ૧.૫૦ લાખ થતા તમારી દીકરીનો પર્સનલ ખર્ચો મળી કુલ રૂપિયા ૩૦ લાખ થસે. જેમાં ૧૫ લાખની તમારા ઘર ઉપર લોન મંજુર થઈ જશે હોવાનું કહી યુનિર્વસીટી કેટોલીકા ટિમોરેન્સના નામનો ઓફર લેટર આપ્યો હતો જેમાં એમ.બી.બી.એસ. ની ફી, બોડીગ તથા લોડીગ ફીના માહિતી હતી. એજન્સીના કર્તાહતાઓએ ગીતાબેન પાસેથી દીકરીના ડોક્યુમેન્ટ મેળવી કુલ રૂપિયા ૨,૭૯,૭૮૫ પડાવ્યા હતા અને જાન્યુઆરી ૨૦૨૫માં ફોન કરી મહિનામાં વીઝા તેમજ ટીકીટ થઈ છે ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રો જ બોમ્બે એરપોર્ટ બોલાવ્યા હતાશ્વ. બોમ્બે એરપોર્ટથી ઔષીતકુમાર તમામ વિદ્યાર્થીઓને લઈને પોતે ટિમોર મોકલી આપ્યા હતા જાકે આરોપીઓએ વિદ્યાર્થીઓને જે કેટોલીકા ટિમોરેન્સ યુનિર્વસીટી તથા હોસ્ટેલ જેવુ કશું નથી અને વિદ્યાર્થીનીઓને પ્રાઈવેટ ચર્ચની જગ્યામાં રૂમમાં રાખ્યા હતા.શ્વ આ અંગે જાહનવીએ તેની માતા ગીતાબેનને ફોન કરી જાણ કરતા તેઓએ પરત ભારત બોલાવી લીધા બાદ આ અંગે પ્રવિણ ગજેરા સહિત ત્રણેય જણાને વાત કરી તેમના રૂપિયા ૨.૭૯ લાખ પરત માંગતા પરત આપી દેવાના ખોટા વાયદાઓ કરી પૈસા પરત નહી કરી છેતરપિંડી કરી હતી. બનાવ અંગે સરથાણા પોલીસે ગીતાબેનની ફરિયાદ લઈ ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### અમરોલી ગણેશપુરામાં

દરમિયાન પ્રતીક વાઘેલાએ પોતાની પાસેની છરી વડે ગુંજન ઉપર હુમલો કર્યો હતો. ત્યારબાદ મધુરે પણ પ્રતિક પાસેથી છરી લઈ ગુંજનને બે થી ત્રણ ઘા મારી દીધા હતા. સારવાર માટે લોહી લુહાણ હાલતમાં ગુંજનને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં હાલ તે બેભાન હોવાનું જાણવા મળ્યું છે. અમરોલી પોલીસે વાઘેલા બંધુ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# प्रताप दर्पण

મંગળવાર, તા.૧૫ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## કાપોદ્રા રોડ મમતા સર્કલ નજીક મોડી રાત્રે ૧૭ વર્ષના છોકરાની છરાના ઘા ઝીંકી ઘાતકી હત્યા

# ન્યાય માંગવા કાપોદ્રા પોલીસ મથકે મહિલાઓનો ઘેરાવ

### મૃતક છોકરાના પરિવારજનો સાથે ૨૦૦જેટલી મહિલાઓએ પોલીસ મથક પર હલ્લાબોલ કરતા ભારે તંગદિલી : હત્યાના આરોપી પ્રભુ શેટ્ટીની ધરપકડ કરતી પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ)સુરત, તા. ૧૫**

કાપોદ્રા મમતા સર્કલ નજીક ગઈકાલે મોડી રાત્રે એક ૧૭ વર્ષિય દેવીપુજક પરિવારના ૧૭ વર્ષિય કિશોરીની છરાના ઘા ઝીંકી હત્યા કરી દેવાતા માહૌલ ગરમાયો હતો. મૃતકના પરિવાર સહિત ૨૦૦થી વધુ લોકોનું ટોળુ કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચી ગયું હતું. કિશોર કારખાનેથી નોકરી પુર્ણ કરીને ઘરે જતો હતો ત્યારે લક્ષ્મણનગર રોડ ઉપર પ્રભુ રવિરામ શેટ્ટી નામના યુવક સાથે તેની બોલાચાલી થઈ હતી. પ્રભુ શેટ્ટીએ પરેશ વાઘેલા પાસે ૨૦-૩૦ રૂપીયા માંગ્યા હતા. જે નહીં આપતા પ્રભુ શેટ્ટીએ પરેશ વાઘેલાની છરાના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. મોડી રાત્રે કાપોદ્રા પોલીસ મથકનો મૃતકના પરિવાર સહિત ૨૦૦ થી વધુ લોકોના ટોળાએ ઘેરાવ કરીને ન્યાયની માંગણી કરી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી હતી. જોકે આજે સવારે ફરીથી મહિલાઓનું એક ટોળુ કાપોદ્રા પોલીસ મથકે પહોંચી ગયું હતું અને દારૂની બદીને કારણે કાપોદ્રા લક્ષ્મણનગર રોડ અને દિનદયાળ નજર સહિતનો વિસ્તાર ગુનેગારોથી ખરડાતો હોય આવા ગંભીર બનાવ બનતા હોવાનો આક્ષેપ કર્યો છે.

શહેરમાં નજીવી બાબતે હત્યા થવાના બનાવો સામાન્ય થઈ પડ્યા હોય તેમ કાપોદ્રા વિસ્તારમાં ૧૭ વર્ષિય કિશોરની હત્યા કરી દેવાઈ હતી. કાપોદ્રા મમતા પાર્ક સર્કલની સામે ક્રિષ્નાનગર ઝુંપડપટ્ટીમાં રહેતા અરવિંદ છનાભાઈ વાઘેલા (દેવીપુજક) નો પુત્ર પરેશ વાઘેલા ગઈકાલે રાત્રે ક્રિષ્નાનગરની સામે દિનદયાળ નગર લક્ષ્મણનગર રોડ ઉપરથી ચાલતો-ચાલતો તેની બહેન સાથે હીરા કારખાનેથી ઘરે જતો હતો ત્યારે દિનદયાળ નગરમાં રહેતા પ્રભુ રવિરામ શેટ્ટી સાથે તેનો ઝઘડો થયો હતો. પ્રભુ રવિરામ શેટ્ટીએ પરેશ વાઘેલા પાસે ૨૦-૩૦રૂપીયા માંગ્યા હતા અને રૂપીયા નહીં આપતા પ્રભુ શેટ્ટીએ પરેશ વાઘેલાના છરાના ઘા ઝીંકી રહેંશી નાંખ્યો હતો. ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલા પરેશનું ટુંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. મૃતક પરેશના પિતાની ફરીયાદ લઈ કાપોદ્રા પોલીસે ફરાર થઈ ગયેલા પ્રભુ શેટ્ટીને ઝડપી પાડ્યો હતો.

આજે સવારે ફરીથી આ બનાવનો રોષ ભભુકી ઉઠ્યો હતો અને મૃતકની બહેનો તેમજ પરિવારના સભ્યો અને મહિલાઓનું ટોળુ કાપોદ્રા પોલીસ સ્ટેશન પહોંચી ગયું હતું અને દારૂના અડ્ડાઓ બંધ કરાવવાની માંગ કરી હતી. મહિલા પોલીસ સ્ટાફ દ્વારા ટોળુ વળીને સુત્રોચ્ચાર કરતી મહિલાઓને શાંત રહેવા સમજાવવામાં આવી હતી.



(તસવીર : હનીફ મલેક)

### દારૂના અડ્ડાઓના કારણે અસામાજિક તત્વો બેફામ

કાપોદ્રા મમતા સર્કલ પાસે હીરા કારખાનામાંથી ગઈકાલે રાત્રે પરત ફરી રહેલા બે ભાઈ બહેન પૈકી ૧૭ વર્ષિય પરેશ વાઘેલાના પ્રભુ શેટ્ટી નામના નશાખોર યુવાને ૧૦ રૂપીયા માંગતા પરેશે પૈસા ન હોય તેની સાથે ઝઘડો કરી ચપ્પુના ઘા મારી હત્યા કરી નાંખી હતી. આ મામલે સ્થાનિકો અને મૃતકોના પરિવારે આક્ષેપ કર્યા છે કે, લક્ષ્મણનગર અને દિનદયાણ નગર નજીક દારૂનું દુષણ ફુલ્યુ ફાલ્યું છે. નશેડીઓને કારણે રાત્રિના સમયે બહેન દિકરીઓને નિકળવું મુશ્કેલ થઈ પડ્યું છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ બંધ થાય તો સ્થાનિકો સલામતી મહેસુસ કરી શકે.

# દંડાથી હુમલો તથા કાર સળગાવી દેવાના કેસમાં બેને 3 વર્ષની કેદ

### અબરાર મિર્ઝા અને જુનેદ કાપડિયાને રૂા.૨.૧૦ લાખનો દંડ પણ કરાયો

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

પોતાના ત્યાં અગાઉ નોકરી કરતા યુવકને નોકરી છોડી દેવાની અદાવત રાખીને લાકડાના દંડાથી હુમલો કરવાના તેમજ કાર સળગાવી દેવાના કેસમાં મુગલીસરાના પેરેડાઈઝ કંપનીના અબરાર મિર્ઝા તેમજ શાહપુરના જુનેદ કાપડિયાને કોર્ટે ત્રણ વર્ષની સાદી કેદની સજા તેમજ ?૨.૧૦ લાખનો દંડ કર્યો હતો.

મુગલીસરા મેઈન રોડ હેમાંગની એપાર્ટમેન્ટ ખાતે રહેતો અબરાર ઈકબાલ મિર્ઝા સુરત શહેરમાં પેરેડાઈઝ કંપની ધરાવે છે. અબરારની કંપનીમાં ફરિયાદી મુખ્તિયાર અહેમદ કરીમ એસી મિકેનિક તરીકે નોકરી કરતા હતા. ત્રણ વર્ષથી મુખ્તિયાર કરીમે અબરારના ત્યાંથી નોકરી છોડી દીધી હતી. જેથી નોકરી છોડવા બાબતે અબરાર અને મુક્તિયાર વચ્ચે ધંધાકીય અદાવત ચાલી રહી હતી. દરમિયાન ગત.૨૫ ૫ ૨૦૧૧ના રોજ મુખ્તિયાર સાંજે પોતાની કાર લઈ દહેજ રિલાયન્સ કંપનીમાંથી નોકરી પતાવી સાંજે કોસંબા આવી રહ્યા હતા, ત્યારે અમદાવાદ સુરત હાઈવે રોડ ઉપર ધામરોડ પાટીયા પાસે સફેદ સ્કોડા લક્ઝરીયસ કારમાં આવેલા અબરાર મિર્ઝાએ મુખ્તિયારની કાર રોકી હતી અને કારમાંથી લાકડાનો દંડો લઈને ઉતરેલા અબરારે મુખ્તિયારની કાર આગળના કાચ ઉપર મારી તોડી નાખ્યો હતો. ત્યારબાદ અબરાર સાથે આવેલા તેના મિત્ર જુનેદ જમીલ કાપડિયા( રહે છીબર એપાર્ટમેન્ટ માછલી પીઠ શાહપુર)એ મુખ્તિયારને પકડી અબરારે લાકડાના ફટકાથી મુખ્તિયારની ઉપર હુમલો કર્યો હતો. ત્યારબાદ મુખ્તીયારની કારને પેટ્રોલ નાખી સળગાવી દીધી હતી. જેથી કારમાં પડેલ લેપટોપ તેમજ રોકડા રૂપિયા ૨૫૦૦૦ બળી ગયા હતા. આ અંગે મુખ્તિયારએ આરોપી અબરાર અને જુનેદ સામે ફરિયાદ નોંધાઈ હતી. કોર્ટેઆ કેસમાં અબરાર અને જુનેદને ત્રણ વર્ષની સાદી કેદની સજા અને દરેક આરોપીને ૨.૧૧ લાખનો દંડ કર્યો હતો.

### સુરતમાં ૨૪ કલાકમાં દારૂના ૫૮ કેસ નોંધાયા

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

છેલ્લા ૨૪ કલાકમાં સુરત પોલીસે પ્રોહિબિશન એક્ટ અનવયે ૫૮ કેસો કર્યા હતા અને ૫૯ લોકોની ધરપકડ કરવામાં આવી હતી સુરત પોલીસના જણાવ્યા મુજબ ગત તા.૧૪ ના રોજ પોલીસે જુદી જુદી જગ્યાએ પ્રોહિબિશન એક્ટ મુજબ દરોડા પાડી દેશી દારૂ રસાયણ મળી કુલે ૫૦,૦૦૦નો મુદ્દા માલ કબજે કર્યો હતો જ્યારે વિદેશી દારૂનો ટ્રક સાથેનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા ૨૪ કલાકમાં સુરત પોલીસે ૪૨ જેટલા દારૂ પીધેલાઓની ધરપકડ કરવામાં આવી હતી પોલીસે કુલ ૫૮ કેસો કરી ૫૯ આરોપીની ધરપકડ કરી હતી

# સુરતમાં બે ત્રણ દિવસમાં તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી

### ત્રણ દિવસ સુધી તાપમાનમાં સતત વધારો થશે

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

શહેરમાં ગઈકાલે તાપમાનનો પારો ૫ ડિગ્રી વધીને ૪૧ ડિગ્રી ઉપર પહોંચી જતા કાળઝાળ ગરમી પડી હતી. વિતેલા એક અઠવાડીયામાં તાપમાન ૩૯ ડિગ્રી સુધી સામાન્ય રહ્યું હતું ત્યારે હીટવેવની વધુ એક આગાહી હવામાન વિભાગે કરી છે. આજથી ત્રણ દિવસ સુધી સુરત સહિત ગુજરાતમાં હીટવેવનો સામનો કરવો પડશે. મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી સુધી વધશે. હવામાન વિભાગે કરેલી આગાહી જોતા ગઈકાલે જ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ ઉપર પહોંચી ગયું હતું જે બે ત્રણ દિવસમાં ૪૨-૪૩ સેલ્સિયસ ડિગ્રી ઉપર જઈ શકે છે.

ગુજરાત રાજ્યમાં વિતેલા અઠવાડીયા દરમિયાન ગરમીનુંપ્રમાણ વધ્યું હતું. થોડા દિવસ સુધી દરિયાઈ પવનોને કારણે વાતાવરણમાં પલ્ટો આવતા મહત્તમ તાપમાનનો પારો નીચે ગયો હતો ત્યારે ગઈકાલે મહત્તમ તાપમાન વધવા સાથે હવામાન વિભાગે વધુ એક હીટવેવની આગાહી કરી છે. રાજ્ય હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

દરમિયાન આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી ઘટીને ૨૪.૧ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા રહેવા સાથે દરિયાની સપાટી ઉપર હવાનું દબાણ ૧૦૦૯.૮ મિલીબાર નોંધાયું હતું. પવનની ગતિ મંદ રહેતા સવારથી જ ઉકળાટ થવાનું શરૂ થઈ ગયું હતું.

# એલ.એચ. રોડ પર જેન્ટ્સ ટેલરની દુકાનમાં આગ લાગી

### આગની દુર્ઘટનામાં ૨૦ ટકા માલ સળગી ગયો

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

લંબે હનુમાન રોડ પર આવેલ એક જેન્ટ્સ ટેલરની દુકાનમાં આજે સવારે કોઈક કારણોસર આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, લંબે હનુમાન રોડ, માતાવાડી, રંગ અવધૂત સોસાયટી ની સામે સમર્પણ એપાર્ટમેન્ટ આવેલ છે. આ સમર્પણ એપાર્ટમેન્ટના પહેલા માળ પર જેન્ટ્સ ટેલર ની દુકાન આવેલી છે. આજે સવારે સાતેક વાગ્યાના અરસામાં જેન્ટ્સ ટેલર ની દુકાનમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આજ્ઞા બનાવની જાન ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા ઘાંચીશેરી, , કાપોદ્રા, પુણા, ડુંભાલ ફાયર સ્ટેશનો અને ટેન્કરો સાથે ફાયર ઓફિસરો અને ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા ત્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને જેન્ટ્સ ટેલરની દુકાનમાં લાગેલી આગની બુજાવી નાખી હતી. આગને કારણે ૨૦ ટકા કાપડનો જથ્થો બળીને રાખ થઈ ગયો હતો ત્યારે ૮૦% માલ બચી જવા પામ્યો હતો. જેન્ટ્સ ટેલર ની દુકાન ના માલિકનું નામ હર્ષદભાઈ પ્રેમજીભાઈ વાઘેલા છે અને તેઓ ટેલરિંગ ના કામ સાથે કપડા પણ રાખતા હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

# એસડીસીએના ચૂંટાયેલા સભ્યોની મીટિંગ સાત દિવસમાં મળશે

### પ્રથમ બેઠકમાં કો-ઓપ મેમ્બરોના નામોની પસંદગી કરવામાં આવશે

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણી અને મતગણતરી ૧૩ એપ્રિલના રોજ યોજાઈ હતી. જેમાં સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો જીત્યા હતા. નિયમ મુજબ ચૂંટાયેલા મેમ્બરોની પહેલી મીટીંગ સાત દિવસમાં બોલાવવાની હોય છે એવું સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી હિતેન્દ્ર પટેલએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આ એસડીસીએ ની ચૂંટણીમાં ૨૧ ઉમેદવારો સ્ટેડિયમ પેનલ અને ૨૧ ઉમેદવારો હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલમાંથી લડી રહ્યા હતા. ૧૩ એપ્રિલના રોજ યોજાયેલી ચૂંટણી અને મતગણતરીમાં સ્ટેડિયમ પેનલ એટલે કે કનૈયાલાલ કોન્ટ્રાક્ટર ની પેનલ માંથી ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલમાંથી એસા શાહ એસા કોન્ટ્રાક્ટર, અક્ષરા કોન્ટ્રાક્ટર અને મહેક ગાંધી નો વિજય થયો હતો.

એસડીસીએ ના નિયમ મુજબ ચૂંટાયેલા પ્રતિનિધિઓની એક મીટીંગ સાત દિવસની અંદર બોલાવવાની હોય છે તે મુજબ આ શનિવાર અથવા મંગળવાર સુધીમાં બોલાવી લેવામાં આવશે. જેમાં આઠ હોદ્દાઓ તથા કો ઓપ મેમ્બર ની જાહેરાત કરવામાં આવશે એવુ સેક્રેટરી હિતેન્દ્ર પટેલ ઉર્ફે હીતુ ભરથાના એ જણાવ્યું હતું.

# ટીમોર દેશમાં તબીબી અભ્યાસના બહાને મહિલા સાથે છેતરપિંડી

### સરથાણાની જય અંબે એમ્બ્રો.પ્રા.લી એજન્સીના સંચાલક સહિત ત્રણ સામે ગુનો દાખલ

**(પ્રતાપ પ્રતિનિધિ)સુરત, તા. ૧૫**

ટીમોર દેશમાં કેટોલીકા ટિમોરેન્સ યુનિર્વસીટી તેમજ હોસ્ટેલ ન હોવા છતાંયે સરથાણા જકાતનાકા પાસે દિપકલમ કોમ્પ્લેક્ષમાં આવેલ જય અંબે ઍબ્રોડ પ્રા.લી ઍન્જસીના વહીવટકર્તા સહિત ત્રણ જણાએ નવસારીની મહિલા પાસે તેની દીકરીને આ યુનિર્વસીટીમાં ઍમ.બી.બી.ઍસ, ના અભ્યાસ માટે રૂપિયા ૨.૭૯ લાખ પડાવી યુનિર્વસીટીનો બોગસ લેટર આપી મોકલી આપી હતી અને ત્યાં પ્રાઈવેટ ચર્ચની જગ્યામાં રૂમમાં રાખી તેમની સાથે છેતરપિંડી કરી હતી.

સરથાણા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નવસારી, રેલવે સ્ટેશનની સામે, નગીન જીવણ ચાલમાં રહેતા ગીતાબેન દિનેશભાઈ વર્મા (ઉ.વ.૪૫) છેલ્લા છ મહિનાથી સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ ઓફિસમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગીતાબેનઍ તેની બે દીકરી પૈકી મોટી દીકરી જાનહવી (ઉ.વ.૧૮) હાલમાં નીટની પરીક્ષાની તૈયારી કરે છે. અને નાની દીકરી અદીતી (ઉ.વ.૧૬) ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. સન ૨૦૨૪માં ગીતાબેનઍ તેની મોટી દીકરી જાહનવીને ઍમ.બી.બી.ઍસ.ના અભ્યાસ માટે રશીયા મોકલવાની હોય અને તેમને સરથાણા જકાતનાકા પાસે દિપકલમ કોમ્પ્લેક્ષમાં આવેલ જય અંબે ઍબ્રોડ પ્રા.લી ઍજન્સી વિદ્યાર્થીઓને વિદેશમાં ઍમ.બી.બી.ઍસ. ના અભ્યા માટે મોકલે છે. તેવી જાણકારી મળતા તેઓ ઓફિસમાં મળવા માટે ગયા હતાશ્વ. ઓફિસમાં ઍજન્સીના માલીક પ્રવિણ કેશુ ગજેરા, મેનેજર ઔષીતકુમાર અશોક લુખી અને

અનુસંધાન પાના ૭ પર

# અમરોલી ગણેશપુરામાં યુવાન પર કરાયેલો જીવલેણ હુમલો

### સમાધાન કરાવવા ગયેલા યુવક પર ચપ્પુથી હુમલો કરાયો

**(પ્રતાપ પ્રતિનિધિ)સુરત, તા. ૧૫**

અમરોલી ગણેશપુરા રેસીડેન્સી નજીક સમાધાન કરવા ગયેલા યુવક ઉપર વાઘેલા બંધુએ જીવલેણ હુમલો કરતા અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

અડાજણ ગણેશ મંદિરની બાજુમાં મંગળમૂર્તિ એપાર્ટમેન્ટમાં રહેતા ગોપાલગીરી ઘનશ્યામગીરી ગૌસ્વામી એ ઉતરાણ સુમન સોસાયટીમાં રહેતા મધુર અરવિંદ વાઘેલા અને પ્રતિક અરવિંદ વાઘેલા સામે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ગઈકાલે બપોરે ગોપાલને અમરોલી સુમન આવાસ ખાતે રહેતા મિત્ર ગુંજન રાઠોડએ ફોન કરી બોલાવ્યો હતો. જેથી ગોપાલ ઉતરાણ એબેવલી પાસે ગયો હતો. જ્યાં ગુંજન રાઠોડએ ગોપાલને કહ્યું હતુ કે મધુર અને તેના ભાઈ પ્રતીકએ મને ગાળો બોલી છે. જેથી ગોપાલે વાઘેલા બંધુ સાથે સમાધાન કરાવવા માટે ગુંજનને તેમની પાસે લઈ ગયો હતો. ત્યારે તેઓ વચ્ચે સમાધાન થઈ ગયું હતું. ત્યારબાદ વાઘેલા બંધુએ ગૂંજનને હથિયાર બતાવી રેલીમાં જતા હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ફરીથી બપોરે ૪:૩૦ વાગ્યાની આસપાસ ગુંજનને ફોન કરી પ્રતીક અને મધુરે ગણેશપુરા ખાતે ગુંજનને બોલાવ્યા હતા. જેથી ગોપાલ અને ગુંજન ગણેશપુરા ખાતે વાઘેલા બંધુ પાસે ગયા હતા. તેઓ સાથે વાતચીત થયા બાદ ગુંજન અને ગોપાલ જવા રવાના થયા હતા તે

અનુસંધાન પાના ૭ પર

# પાસોદરામાં બુલેટ ટ્રેન બ્રિજના માલ-સામાનની ચોરી થઈ

### તસ્કરો રૂા.૧ લાખની ૨૯ નંગ પ્લેટો ઉઠાવી ગયા

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫**

લસકાણા પોલીસ મથકની હદમાં આવતા પાસોદરા ગામ નજીક ચાલી રહેલા બુલેટ ટ્રેનના બ્રિજ બનાવવાની કામગીરી માટે મુકવામાં આવેલી સામગ્રી પૈકી શટર લોખંડની રૂ.૧ લાખની કિંમતની ૨૯ પ્લેટો ચોરી થઈ ગઈ હતી. આ મામલે લસકાણા પોલીસ સ્ટેશનમાં સિક્યુરીટી સુપરવાઈઝર દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

લસકાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત પ્રમાણે મુળ ઝારખંડનો વતની અને હાલ અંત્રોલી ખાતે રહેતો અમીતકુમાર સંજય દ્વિવેદી ઉ.વ.૩૩ સિક્યુરીટી સુપરવાઈઝર છે. તેણે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે રાત્રે બુલેટ ટ્રેનના બ્રિજની કામગીરી દરમિયાન પાસોદરા ગામ ખાતે પીલર નં.૧૧ પાસેથી રૂ.૧ લાખની કિંમતની લોખંડની પ્લેટોની ચોરી થઈ ગઈ હોવાની ફરીયાદ નોંધાવી હતી.



**નાનપુરા-અડાજણને જોડતા લો લેવલ બ્રિજ પર કોઈક વાહનમાંથી માટી પડતા વાહન ચાલકોને મુશ્કેલી પડતા સુરત મનપાના સફાઈ કામદારો દ્વારા તાકીદે બ્રિજ પર માટીની સફાઈ હાથ ધરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)**